પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૪-૫-૨૦૨૪, શનિવાર
વર્ષઃ ૧૩, અંક : ૪૮

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

આજની આઈપીએલ મેચ

રોયલ ચેલેન્જર્સ બેંગલોર VS ગુજરાત ટાઈટન્સ

ALLEN રાજકોટ
સૌરાષ્ટ્રની સર્વશ્રેષ્ઠ શૈક્ષણિક સિસ્ટમ

ALLEN JEE MAIN 2024 Results Certified by
Official result validator
EY
Building a better working world

GUJARAT RANK 1
AIR 28
Overall 100 Percentile
MEET PAREKH
ALLEN RAJKOT Classroom

GUJARAT RANK 2
AIR 44
Overall 100 Percentile
HARSHAL KANANI
ALLEN RAJKOT Classroom

GUJARAT RANK 3
AIR 58
100 Percentile in Maths
DWIJA PATEL
ALLEN RAJKOT Classroom

ALLEN

- ટોપ 500 ઓલ ઈન્ડિયા રેન્કમાં 6 વિદ્યાર્થીઓ
- ટોપ 1000 ઓલ ઈન્ડિયા રેન્કમાં 11 વિદ્યાર્થીઓ
- ટોપ 2000 ઓલ ઈન્ડિયા રેન્કમાં 15 વિદ્યાર્થીઓ
- ટોપ 5000 ઓલ ઈન્ડિયા રેન્કમાં 23 વિદ્યાર્થીઓ
- ટોપ 10,000 ઓલ ઈન્ડિયા રેન્કમાં 31 વિદ્યાર્થીઓ
- 09 વિદ્યાર્થીઓએ 1 અથવા 1 થી વધુ વિષયોમાં 100 પર્સન્ટાઈલ
- 102 વિદ્યાર્થીઓ JEE (Adv.) 2024 પરીક્ષા માટે ક્વોલિફાય થયા

JEE MAIN 2024 RESULTS
ટોપ 100 ઓલ ઈન્ડિયા રેન્કમાં 3 વિદ્યાર્થીઓ

સતત 5 માં વર્ષે! ઐતિહાસિક અને સર્વોચ્ચ પરિણામો સાથે ALLEN રાજકોટ ચેમ્પિયન બન્યું છે!

ADMISSION OPEN (SESSION 2024-25)

Class 10th to 11th Moving Students
Nurture Course
13 May & 10 June 2024
Medium : English & ગુજરાતી

Class 6th to 10th Students
Pre-Nurture & Career Foundation
13 May 2024
Medium : English

Class 12th Pass Students
Leader Course (RE-NEET બેચ)
16 May & 03 June 2024
Medium : English & ગુજરાતી

ALLEN સ્કોલરશીપ પરીક્ષા
90% સુધી સ્કોલરશીપ
12, 19 & 26 MAY 2024

Scan the QR code to register for the test
રજીસ્ટ્રેશન માટે -
કોલ - 8951395095
વોટ્સએપ - 8511143783

ALLEN RAJKOT CENTER
Yuvraj Complex, Opp. Sayaji Hotel, Vrindavan Society Main Road, Kalawad Road, Rajkot (Gujarat) - 360005

JEE (MAIN + ADV.) | JEE (MAIN) | NEET (UG) | OLYMPIADS | CLASS 6th TO 12th & 12th PASS
NEW BATCHES STARTING FROM 13 MAY 2024 ONWARDS

For more details on upcoming batches, visit allen.ac.in/rajkot

Disclaimer: We provide an academic ecosystem and environment to prepare students for their target examinations. Studying in a coaching institute does not guarantee selection for the examination. Selection depends on preparation, admission seats in competitive exam and the number of applicants appearing. EY has examined and validated ALLEN's method for identifying eligible students who have enrolled in their paid programs.

ફળકથન

સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો.હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

મેષ અ,લ,ઈ

ઉચ્ચસ્થ ગુરુ વાળા જાતકો આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન સર્વિસ બિઝનેસના જાતકો માટે આ ભાગદોડ વાળુ તથા લાભકર્તા નીવડશે. વહીવટ વ્યવહારમાં કાળજી રાખવી. સરકારી વિદ્યાલય તેમજ ખાનગી વિદ્યાલયના શિક્ષકો, કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ઔદ્યોગિક તથા વ્યાપાર-વણિજના એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ નીવડશે. નાના વ્યાપાર વણિજ તથા છૂટક વ્યાપાર કે ફેરી કરતા જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારીઓ તથા ખાનગી કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે ઉતમ સપ્તાહ. ૧૦ મે મધ્યમ રહેશે.

વૃષભ બ,વ,ઉ

આ સપ્તાહ દરમ્યાન અનેક જગ્યાએથી હકારાત્મક તથા ફાયદાકરક ધંધાકીય તેમ ઔદ્યોગિક કામકાજ મળવાના સંયોગો. ઉદ્યોગ ધંધાના નવા કામકાજની શરૂઆત માટે આ સપ્તાહ યોગ્ય નીવડશે સાથોસાથ સરકારી કામકાજ જેવા કે દસ્તાવેજી કાર્ય માટેનું આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. હેવી લ્યુજ મશીનરીના ઉદ્યોગ તથા વ્યાપાર નાં જાતકો માટે આ સપ્તાહ અતિ લાભદાયી નીવડશે. સરકારી કર્મચારી તથા સુરક્ષા કર્મીઓ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. મિત્રો સાથે મતભેદ થવાના સંયોગો. વિજ્ઞાન શાખાના પ્રોફેસર્સ, શિક્ષકો તેમજ વિદ્યાર્થી, તથા ગૃહિણી, મહિલા કર્મી, નિવૃત્ત માટે આ સપ્તાહ શ્રેષ્ઠ જણાશે. ૭ મે સામાન્ય નીવડશે.

મિથુન ક,છ,ઘ

લલિત કલા એવમ કારીગરી/ક્રાફટ એકમના તમામ જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. કાયદો-વ્યવસ્થા વિભાગના ઉચ્ચાધિકારીઓ, સમેત કર્મચારીઓ માટે આ સપ્તાહ શ્રેષ્ઠ અને શ્રેયકર નીવડશે. કન્સલ્ટન્સી તેમજ સર્વિસ બિઝનેસના જાતકો માટે આ સપ્તાહ અતિ સાનુકૂળ જણાશે. વ્યાપાર વણિજ તથા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે સપ્તાહ સાનુકૂળ નીવડશે. મિત્રો, સગા સ્નેહીઓ તરફ સાથ સહકાર મળવાની સંભાવનાઓ. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભકારક રહેશે. ફકત ૧૧ મેનો દિવસ જ સાધારણ રહેશે.

કર્ક ડ,હ

ફોઝન આહાર, કેનિંગ, પેકીંગ ફૂડ્સ એવમ શાકભાજી તથા ફાસ્ટ ફૂડ એકમના જાતકો માટે આ સપ્તાહ ખૂબ લાભદાયક નીવડશે. પ્રવાહી જ્વલનશીલ ઉત્પાદના ઔદ્યોગિક તથા વાણિજ્યક એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે અન્ય, ઔદ્યોગિક ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહે અણધાર્યા લાભ થવાના સંયોગો, મધ્યમ કદના વ્યાપાર વણિજ તથા સર્વિસ બિઝનેસ ધરાવતા જાતકો માટે આ સપ્તાહ હળવું લાભકારક નીવડશે. સરકારી કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. પરિવાર સાથે સુમેળ અને સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મચારી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સારું રહેશે. ૮ મે સામાન્ય રહેશે.

સિંહ મ,ટ

આ સપ્તાહે, પિત્ત ગુણ ધરાવતા જાતકોએ આરોગ્ય પ્રતિ સંભાળ રાખવી. કોમોડીટી, શેર બજાર તથા સટ્ટા બજારના જાતકો માટે આ સપ્તાહ પ્રતિકૂળ રહેશે. મોટા ઔદ્યોગિક એકમના જાતકો તથા જથ્થાબંધ વાણિજ્યના એકમના જાતકો માટે આ સપ્તાહ સરેરાશ એવમ ભાગ દોડ વાળું નીવડશે. સાથે ધંધા ઉદ્યોગમાં નવી નવી તકો મળવાના સંયોગો. સરકારી કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે, સાથો સાથો પ્રમોશન મળવાના પણ સંયોગો છે. સગા, કુટુંબી સાથે સુમેળ સધાશે, તેમજ સાથ સહકાર પણ મળશે. વિદ્યાર્થી, મહિલા કર્મચારી/ કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું લાભદાયી નીવડશે. ૧૦ તથા ૧૧ મે સાધારણ જણાશે.

કન્યા પ,ઠ,ણ

આ સપ્તાહે આવેગ અને ઉતાવળ પર કાબુ રાખવો. અન્યથા, નુકસાન થવાના સંયોગો. આ સપ્તાહ દરમિયાન ખાનગી તેમજ સરકારી નોકરીયાત વર્ગ માટે, હળવી હળવી તકલીફો જણાશે. આ સપ્તાહ દરમિયાન પરિવારમાં મોસાળ તથા સાસરા પક્ષે હળવા ખટરાગ કે મનદુઃખ થવાની સંભાવનાઓ. વાહન હંકારવામાં કાળજી રાખવી. નાનાં નાનાં ઔદ્યોગિક એકમના જાતકો તથા વ્યાપાર-વાણિજ્યના તમામ એકમો ના જાતકો માટે આ સપ્તાહ અર્ધ-સાધારણ જણાશે. હેવી વ્હીકલ ના એકમના જાતકો માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી એવમ ખાનગી શૈક્ષણિક એકમના જાતકો માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. પરિજનો તથા મિત્રોને સહાય કરવાના સંયોગો. ૬, ૯ મે સાધારણ રહેશે.

તુલા ર,ત

આ સપ્તાહ દરમ્યાન સખત પરિશ્રમ થવાંનાં સંયોગો. અગાઉ બોલીને બગડી ગયેલા સંબંધો સુધરી જવાના સંયોગો. નિષ્ઠાવાન અધિકારી/ કર્મચારી માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર- વાણિજ્ય એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું હળવું ચડાવઉતાર વાળુ જણાશે. ખાનગી એકાઉન્ટ, મેનેજમેન્ટ ફર્મ્સ તથા પ્રિન્ટ અને પબ્લિકેશન્સ એકમના જાતકો માટે સરેરાશ સપ્તાહ. સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું રહેશે. ટ્રાવેલ્સ તથા ટ્રાન્સપોર્ટેશન્સના જાતકો માટે સાનુકૂળ સપ્તાહ. બહારી સંબંધોમાં સાચવવું. પરિવારમાં સાથ સહકાર અકબંધ રહેશે. ગૃહિણી, તથા નિવૃત્ત, વિદ્યાર્થી માટે લાભદાયી સપ્તાહ. ૮ તથા ૯ મે મધ્યમ જણાશે.

વૃશ્ચિક ન,ય

ફેશન તેમજ ફેબ્રીક તથા શૃંગાર કોસ્મેટીકનાં ઉદ્યોગ ધંધા સાથે જોડાયેલા જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. અન્ય, ઉદ્યોગ ધંધા વ્યવસાયમાં આકસ્મિક લાભ થવાના સંયોગો સર્જાય છે. ઔદ્યોગિક એકમના જાતકો ત્થા વ્યાપાર વણિજ એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ અને લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના તમામ શ્રેણીના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવાં સંઘર્ષ વાળુ પરંતુ સાથોસાથ લાભકારક નીવડશે. કૌટુંબિક તેમજ પારિવારિક સુખ, શાંતિ તથા સુમેળ વધારે ને વધારે પ્રગાઢ થવાના સંયોગો. નિવૃત્ત, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ બહુ લાભદાયી નીવડશે. ૧૦ ત્થા ૧૧ મે મધ્યમ નીવડશે.

ધન ભ,ફ,ધ,ઢ

પેરા મેડીકલ એવમ મેડીકલ, રસાયણ ત્થા ફાર્માસ્યુટીકલ્સ ક્ષેત્રે હળવા ચડાવ ઉતાર આવવાની સંભાવના તથા કોઈ વિવાદ થવાની સંભાવના. હોટેલ ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝ માટે આ સપ્તાહ હળવું લાભદાયક જણાશે. આ સિવાયનાં અન્ય ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ હળવું લાભદાયી નીવડશે. કમીશન ગ્રેઈન મર્ચન્ટ, જથ્થાબંધ તથા છૂટક વ્યાપાર સાથે જોડાયેલ વ્યાપારી જાતકો માટે મંદીનો હળવો માહોલ જોવા મળશે. નાનાં વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી તથા ખાનગી નોકરીયાત વર્ગ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિજ્ઞાન શાખાના વિદ્યાર્થી નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. ૬, ૯ મે સામાન્ય રહેશે.

મકર ખ,જ

ખાનગી ફાયનાંસ એકમ તેમજ ખાનગી એકાઉન્ટન્સી એકમ તથા મેનેજમેન્ટ એકમ સાથે જોડાયેલ તમામ શ્રેણીના જાતકો માટે આ સપ્તાહ સામાન્ય નીવડશે. ઈવેંટ મેનેજમેંટ ત્થા કેટરીંગ સર્વિસીઝના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયી જણાશે. નાનાં ઔધોગિક એકમ વાળા જાતકો માટે આ લાભકારી સપ્તાહ. ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજ ક્ષેત્રના જાતકો માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળું રહેશે. છૂટક વ્યાપાર તથા ફેરી કરતા વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયી રહેશે. અર્ધ સરકારી તથા સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું રહેશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે સાનુકૂળ સપ્તાહ. ૭ તથા ૮ મે સરેરાશ રહેશે. (પન્નોતિનો ઉપાય પરિશ્રમિકોને પૂરતું વળતર આપવું)

કુંભ ગ,શ,ષ

આ સપ્તાહે, ધંધા વ્યવસાય હેતું ભાગદોડ તથા હળવી પ્રતિકૂળતા રહેવાની સંભાવના. જાહેર ક્ષેત્ર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંકળાયેલ વ્યક્તિઓ માટે આ સપ્તાહ લાભદાયક રહેશે. કમીશન મર્ચન્ટ અને બ્રોકર્સ માટે ચડાવ ઉતાર વાળું સપ્તાહ. ઔધોગિક એકમ વાળા જાતકો માટે આ સપ્તાહ સાધારણ નીવડશે. વ્યાપાર વણિજના જાતકો માટે આ સપ્તાહ ચડાવ ઉતાર સાથે લાભકારી નીવડશે. રાજકીય તથા જાહેર ક્ષેત્રનાં જાતકો માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે, સાથે વાદ વિવાદથી દૂર રહેવું. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભકારી જણાશે. નિવૃત્ત, ગૃહિણી, વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૬, ૭ મે અર્ધ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

મીન દ,ચ,ઝ,થ

આ સપ્તાહ માટે કોઈ પણ પ્રકારનાં સટ્ટા, જુગાર, કડા કુડી, ગાળીયાઓથી તથા શેરબજારથી દૂર રહેવું. આ સપ્તાહે વણસી ગયેલા જૂના સંબંધો સુધરી જવાંનાં સંયોગો. કોસ્મેટીક ઉદ્યોગ-ધંધાના જાતક માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. આ સિવાય અન્ય ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજના એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું ચડાવઉતાર વાળુ જણાશે. છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ હળવી દોડધામ સાથે લાભદાયી જણાશે. સરકારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ બહુ જ લાભદાયક નીવડશે. નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી, સંતાનો, છાત્રો માટે આ સપ્તાહ લાભકર્તા નીવડશે. ૧૦ મે સામાન્ય જણાશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

સોળ શણગાર પાછળ પણ છૂપાયું છે વૈજ્ઞાનિક રહસ્ય

સ્ત્રીના સોળ શણગારમાં ચાંદલો, સિંદૂર, કાજલ, મહેંદી, પાનેતર, ફુલગજરો, ટીકો, નથણી, બૂટી, મંગલસૂત્ર, બાજુબંધ બંગડી, વીંટી, કમરબંધ (કંદોરો) વીછીયા પાયલનો સમાવેશ થાય છે

હિન્દુ લગ્નમાં સોળ શ્રૃંગારનું મહત્વ વિશેષ અને શુભ પણ માનવામાં આવે છે : મંગળસૂત્રથી સકારાત્મક ઉર્જા આકર્ષિત થાય છે : બંગડીને કારણે સ્ત્રીઓનું બ્લડપ્રેશર કાબુમાં રહે : અનામિકા આંગળીની નસો દિલ-દિમાગની સાથે જોડાયેલી હોવાથી, તેમાં પહેરેલી વીંટી થી પ્રેશર ન આવે અને સ્વસ્થતા પણ રહે

નોલેજ કોર્નર

ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

હિન્દુ ધર્મમાં લગ્નજીવનમાં સોળ શૃંગારના ગુણગાન ગવાયા છે. આ શણગારની વસ્તુઓ પહેરવી શુભ માનવામાં આવે છે. આ શૃંગારની સાથે સાથે ધાર્મિક તો ખરુ પણ સાથે વૈજ્ઞાનિક કારણ જોડાયેલ છે. સોળ શૃંગારમાં, ચાંદલો, સિંદૂર, કાજલ સહિતની વસ્તુઓ સામેલ થયેલ છે. ઋગ્વેદમાં પણ સૌભાગ્ય માટે સોળ શૃંગારનું વર્ણન કરાયું છે.

ચાંદલોઃ- માથામાં કપાળે બે ભ્રમરની વચ્ચે કંકુનો ચાંદલો કરવામાં આવે છે, આ ચાંદલો નાનો મોટો કોઈપણ પ્રકારનો કરવામાં આવે છે. એ ભાગમાં નર્વ પોઈન્ટ છે, ભ્રમરકેન્દ્ર પર બિંદી કરવાથી સ્ત્રીઓમાં એકાગ્રતા આવે છે અને મનનું સંતુલન રહે છે.

સિંદુરઃ- લગ્ન પછી સ્ત્રીને તેના પતિ દ્વારા માથામાં સિંદુર ભરવામાં આવે છે. કહેવાય છે કે નારી પોતાના પતિના દીર્ઘાયુ માટે માથામાં સિંદુર લગાવે છે. સિંદુર લાલ લેડ ઓકસાઈડમાંથી પારો અને સીસુના ભુકકામાંથી તૈયાર થાય છે, એને કારણે મગજની નસો નિયંત્રણમાં રહેતી હોવાનું મનાય છે. એ સ્ત્રીઓના શરીરના તાપમાનને નિયંત્રિત કરીને ઠંડક આપે અને શાંત રાખે છે.

કાજલઃ- સ્ત્રીઓની આંખોની સુંદરતાને વધારે ધારદાર બનાવે છે કાજલ (આંજણ) લગાવવાથી નારીઓ પર કોઈની ખુબી નજર ન લાગે એવું ભ્રમ ભરેલું છે. પરંતુ કાજલથી આંખોને ઠંડક મળે છે. અને સાથે સાથે નકારાત્મક ઉર્જાથી પણ દૂર રહે છે.

મહેંદીઃ- કોઈપણ શુભ પ્રસંગે કે વાર તહેવારે સ્ત્રી પોતાના હાથે મહેંદી લગાવે છે. એમ કહેવાય છે કે હાથમાં મહેંદીનો રંગ જેટલો વધારે ખીલે એટલો વધારે પતિ પ્રેમ મળે એ એક ભૂલ ભરેલું છે. મહેંદી લાગવાથી તણાવને ઓછો કરવામાં મદદ મળે છે. અને ઠંડક આપે છે.

પાનેતરઃ- લગ્ન વખતે કન્યાના શૃંગારનું સૌથી અગત્યનું વસ્ત્ર એટલે પાનેતર, જેમાં ખાસ કરીને સફેદ અને લાલ રંગનો ઉપયોગ કરવામાં આવે છે. સફેદ રંગ શાંતિ અને લાલ રંગ શુભ ગણવામાં આવે છે. સફેદ અને લાલ રંગનું પાનેતર પહેરવાથી શુભ માનવામાં આવે છે.

ફુલ ગજરોઃ- ફૂલોથી તૈયાર થતો ગજરો એક પ્રાકૃતિક શુંગાર છે, વાળમાં સૌદર્ય બક્ષતો ગજરો ધારણ કરવાથી નારીનું ધૈર્ય જળવાય રહે, અને તેને તાજગી અર્પે છે. ફૂલોની સુગંધથી તણાવ પણ દૂર કરવામાં ઉપયોગી બને છે.

ટીકોઃ- સોના, ચાંદી, હીરા અને મોતીથી તૈયાર થતું આ આભૂષણ સ્ત્રીના મસ્તકને શોભાવે છે. વૈજ્ઞાનિક માન્યતા પ્રમાણે માંગમાં ટીકો લગાવવાથી શરીરના તાપમાનને નિયંત્રિત કરે છે અને શાંત ચિતે સ્ત્રી નિર્ણયો લઈ શકે છે.

નથણીઃ- સ્ત્રીના નાકમાં પહેરવામાં આવતી નથણી અથવા ચૂંક વિશે એવું કહેવાય છે કે નાકમાં નથણીનો સીધો સંબંધ સ્ત્રીના ગર્ભાશય સાથે છે, નાકની કેટલીક નસો ગર્ભાશય સાથે જોડાયેલી હોય છે એટલા માટે નાક વિંધાવવામાં આવે છે.

કાનમાં બૂટીઃ- કાન વિંધાવવા પાછળ વૈજ્ઞાનિક કારણ જોડાયેલ છે. કાનની બૂટી પહેરવાથી તે એકયુપ્રેસર પોઈન્ટને દબાવે છે. કાન પર આભૂષણનું દબાણ આવવાથી કિડનીમાં બ્લડ સરકયુલેશનની કામગીરીમાં સુધારો જોવા મળે છે.

મંગળસૂત્રઃ- સૌભાગ્યવંતી સ્ત્રી નિરંતર મંગળસૂત્રને ધારણ કરે છે. મંગળસૂત્ર સકારાત્મક ઉર્જાથી આકર્ષિત થાય છે અને નારીના હ્રદય અને મનને શાંત રાખે છે. સોનાનું મંગળસૂત્ર ધારણ કરવાથી શરીરમાં બળ અને તેજ વધે તેવી પણ એક માન્યતા છે.

બાજુ બંધઃ- બાવડા પર ઉપરની બાજુમાં આ આભૂષણ પહેરવામાં આવે છે. પહેલાના સમયમાં બાવડા પર આ પહેરવું એ ખુબ જરૂરી મનાતું હતું, તે પહેરવાથી લોહીના ભ્રમણની ગતિ બરાબર રહે છે, અને સ્ત્રીને ઘરકામ કરતી હોવાથી તેના શરીરને ઘસારો લાગતો હોવાથી ખાંભા અને સ્નાયુનો દુઃખાવો થતો નથી.

બંગડીઃ- હાથ પર પહેરવામાં આવતી ચૂડી બંગડી મહત્વનો અને હાથવર્ગોનો શુંગાર છે. બંગડીએ પતિ-પત્નીના ભાગ્ય અને સંપન્નતાનું પ્રતિક છે. ચૂડીનો સંબંધ ચંદ્ર સાથે પણ છે. એવુ પણ માનવા આવે છે કે બંગડી પહેરવાથી કાંડામાં થતા બ્લડ સર્ક્યુલેશનમાં સુધારો કરે છે, તેમાંથી બ્લડ પ્રેસર કાબૂમાં રાખવા સહાયતા મળે છે.

વીંટીઃ- વીંટી પહેરવાથી તે હ્રદયમાં સહાય સ્નેહ વીટળાયેલો રહે છે. અનામિકા આંગળીની નસો સીધી હ્રદય સાથે જોડાયેલ છે. તેથી તેના પર પહેરેલી વીંટીથી પ્રેસર આવે એનાથી સ્વસ્થતા પણ રહે છે.

કમરબંધ (કંદોરો):- નાભિના ઉપરના હિસ્સામાં એને પહેરવામાં આવે છે. સ્ત્રી તેમજ નાના બાળક ને કમરબંધ પહેરવામાં આવે છે. સ્ત્રીઓને માસિક વખતે થતી પીડામાં રાહત થાય છે, તેમજ પાચન શકિત પણ ઝડપી થાય છે. પેટ સંબંધીત બિમારીને રોકવામાં કમરબંધ મહત્વનો ભાગ ભજવે છે.

વીછીયાઃ- વિવાહ બાદ સ્ત્રીઓ પગની આંગળીઓમાં વીછીયા પહેરે છે. એવી માન્યતા પણ છે કે વીછીયા પહેરવાથી સ્ત્રીઓનું સ્વાસ્થ્ય સારુ રહે છે. વીછીયા પહેરવાથી પગની આંગળીમાં બ્લડની ગતિને સરખી રાખે છે, અને સ્ત્રીને પગને લગતા રોગમાં મહત્વની ભૂમિકા ભજવે છે. તે ખાસ કરી ચાંદીની પહેરવામાં આવે છે.

પાયલઃ- પગને સુંદર બનાવતું સૌથી આકર્ષક આભૂષણ એટલે પાયલ. પગમાં પાયલ પહેરવાથી સાઈટિકામાં રાહત મળી રહે છે, અને પગની એડીમાં દુખાવામાં પણ રાહત જોવા મળે છે.અત્યારની આધુનિક અને દોડધામ ભરેલી જીવનમાં આવો શુંગાર કરવો સ્ત્રી માટે અશકય બન્યું છે. એટલા માટે સ્ત્રી રોગમાં પણ વધારો થયો છે.

“મામાને ઘેર હાલો હાલો ને”

સાકરીયા લાડુ ને પૂરી બટેટા,
આવા મામાને ઘેર હાલો હાલો ને (૨)
મામા છે મારા મોહનથાળ જેવા
ને મામી છે મીઠી મધ. હાલો હાલો ને (૨)
મામાનું ગામ છે ગોકળીયું ગામડું
ને મોજું વેકેશનની માણવા. હાલો હાલો ને (૨)
ગોરી ગાવલડીના ઘેર દુઝાણાં
ને દૂધડાંની રેલમછેલ. હાલો હાલો ને (૨)
દૂધડાં રે પીશું ને દહીંડા ઉલાળશું
માખણ તે ખાંતે ખાશુ. હાલો હાલો ને (૨)
ઓળકામળું રમશું ને અડુકલી દા રમશું
આંબલીની ડાળે હીંચકા ખાશુ રે. હાલો હાલો ને (૨)
સાકરીયા લાડુ ને પૂરી બટેટા,
ખાવા મામાને ઘેર હાલો હાલો ને
ખાવા મામાને ઘેર હાલો હાલો ને

કર્તાઃ- હસમુખભાઈ વી. સોલંકી

અબતક પંચાગ

તા.૫-૮-૨૦૨૪ રવિવાર

વિક્રમ સંવત	૨૦૮૦	શાલીવાહન શકિઃ	૧૯૪૫
ખ્રિસ્તી સંવત	૨૦૨૪		
તિથી	ચૈત્ર વદ બારશ ભાનુપ્રદોષ		
નક્ષત્ર	ઉત્તરાભાદ્રપદ		
યોગ	વૈધૃતિ	કરણઃ	કૌલવ
સુર્યોદય	૬.૧૪	સુર્યાસ્તઃ	૭.૧૪
ચંદ્ર રાશી	મીન		
રાશિ અક્ષર	દ.ચ.ઝ.થ		
દિશાશૂળ	પશ્ચિમ દિશાતરફ		
રાહુકાળ	સવારે ૪.૩૦ થી ૬		
દિવસનાચોઘડીયા	ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ		
રાત્રીનાચોઘડીયા	શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ		
અભિજીત મુહૂર્ત	બપોરે ૧૨.૧૭ થી ૧.૦૯		

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

સૂડોકુ -૧૪૯

	૫	૬					૩	
	૩		૪			૮		૫
		૭	૮			૯		૬
૫			૬				૯	૨
	૬	૨	૯					
૪					૩	૬		
૯	૮			૬			૫	
					૪	૭		૯
	૧	૫	૩	૯				૮

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

સૂડોકુ-૧૪૮ ઉકેલ

૫	૩	૬	૨	૯	૪	૭	૮	૧
૭	૯	૧	૩	૮	૬	૨	૫	૪
૪	૨	૮	૫	૭	૧	૬	૯	૩
૨	૬	૯	૪	૩	૮	૧	૭	૫
૧	૫	૩	૯	૨	૭	૪	૬	૮
૮	૭	૪	૧	૬	૫	૯	૩	૨
૩	૮	૨	૬	૪	૯	૫	૧	૭
૯	૧	૭	૮	૫	૨	૩	૪	૬
૬	૪	૫	૭	૧	૩	૮	૨	૯

કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

તારીખ ૦૪-૦૪-૨૦૨૪ શનિવાર
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ભગત નરસિંહ મહેતા)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કડાઈ પનીર ભુરજી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ(ડો.દીપા મણિયાર)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાઈ પે ચર્ચા(સ્પર્ધાત્મક પરીક્ષા એ જીવન ની આખરી પરીક્ષા નથી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે. સ્ટોરી (ત.બિંસ સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ભલાઈ નો જમાનો નથી ભૈલા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ કલાકુંભ (બાળક કલાકાર સાથે સંગીત નું સફર)
૦૭:૩૦ થી ૦૮:૦૦ સ્ટેન્ડપ કોમેડી
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ ને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૦:૩૦ જગા બાપા ડાયરો
૧૦:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ

તારીખ ૦૫-૦૫-૨૦૨૪ રવિવાર
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પ્ર.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસ થાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી (બીરબલ કી સબ્જી)
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (બાઘડ બિલ્લા)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશનલ સ્પીચ (પારશ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રશથાળ (ચન્કી ડ્રેગન પોટેટો)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ(ડો. ફાલ્ગુની સુરેલા)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાઈ પે ચર્ચા (વંશ પંડ્યા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (દર્શન પટેલ)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (વોન્ટેડ વરાજા)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ ચાલને જીવી લઈએ
૦૮:૦૦ થી ૦૯:૦૦ ગીત ગુંજાવલી
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

તારીખ ૦૬-૦૫-૨૦૨૪ સોમવાર
૦૭:૦૦ થી૧૦:૦૦ ભાગવત કથા (પ્ર.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

આજનું રાશિફળ

તા.૪.૫.૨૦૨૪ શનિવાર ,સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ અગિયારસ, વરત્રથિની એકાદશી, પૂર્વાભાદ્રપદા નક્ષત્ર , ઐંદ્ર યોગ, બવ કરણ આજે સાંજે ૪.૩૭ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ,સ,શ) ત્યારબાદ મીન (દ,ચ,ઝ,થ) રહેશે.

જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

મેષ (અ,લ,ઈ) : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો પડે,ન ગમતી ઘટનાઓમાંથી પસાર થવું પડે,દિવસ માધ્યમ રહે.

વૃષભ (બ,વ,ઉ) : આજના દિવસે કેટલીક બાબતમાં પ્રતીક્ષા કરવાની આવશે,સફળતા માટે થોડી રાહ જોવી પડે પણ યાદ રાખો સફળતા મળશે જ.

મિથુન (ક,છ,ઘ) : નોકરિયાત વર્ગને સારી કામગીરી મળે, વેપારી મિત્રોને ખરીદ વેચાણમાં લાભ થાય,દિવસ સારો રહે.

કર્ક (ડ,હ) : ઘણી ઘટનાઓનું ઊંડાણ પૂર્વક પૃથ્થકરણ કરી શકો, મનોમંથન કરી શકો,આંતરિક શક્તિમાં વૃદ્ધિ થાય.

સિંહ (મ,ટ) : લાગણીના સંબંધોમાં ઠેસ પહોંચતી જોવા મળે, મનમાં બેચેની રહ્યા કરે,ધાર્યા કામ પાર ના પડે.

કન્યા (પ,ઠ,ણ) : વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે,ભાગીદારીમાં લાભ થાય, પ્રગતિકારક દિવસ રહે.

તુલા (ર,ત) : લોન વિગેરે બાબતનું ટેન્શન રહેતું જોવા મળે, જીવનમાં નિયમિતતા જરૂરી છે,પૂજા પાઠથી બળ મળી રહેશે.

વૃશ્ચિક (ન,ય) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સંતાન અંગે ચિંતા જણાય,જો કે ધીમે ધીમે પર

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

તા. ૪-૫-૨૦૨૪, શનિવાર
વર્ષ: ૧૩, અંક : ૪૮

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

સુવિચાર

અરમાન એટલાં જ સારાં જ્યાં સ્વાભિમાન વેચવાની જરૂર ન પડે...

અંતિમ દિવસોમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓનો ઝંઝાવાતી ચુંટણી પ્રચાર

(વાંચો છેલ્લા પાને)

ક્ષત્રિયોનો 'વટ' ભાજપના કેટલા 'વોટ' તોડશે?

ભાજપે પરષોત્તમ રૂપાલાની ટિકિટ રદ્ ન કરતા હવે ક્ષત્રિય સમાજનો વન લાઈન એજન્ડા 'ભાજપ વિરોધી મતદાન'

અબતક, રાજકોટ

લોકસભાની આ વખતની ચૂંટણી ગુજરાતમાં કંઈક અલગ જ રંગ બતાવી રહી છે. ચૂંટણી તારીખ જાહેર થઈ તે પૂર્વે જ એવું કહેવાતું હતું કે વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રીના હોમસ્ટેટમાં ભાજપે આ વખતે બહું મહેનત કરવી પડશે નહિં પરંતુ ઉમેદવારોના બગડેલા બોલે ભાજપને હાલ મુશ્કેલીમાં મૂકી દીધો છે. ક્ષત્રિય સમાજનો 'વટ' ભાજપના કેટલા 'વોટ' તોડશે તેના પર દેશભરની નજર મંડાયેલી છે. રાજ્યમાં છેલ્લી બે ચૂંટણીથી લોકસભાની તમામ ૨૬ બેઠકો જીતતા 'કમળ' સામે આ વખતે ૬ થી ૭ બેઠકો પર મોટો પડકાર ઉભો છે.

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાએ રાજા-રજવાડા અંગે કરેલી ટીપ્પણી બાદ રાજ્યભરમાં ક્ષત્રિય સમાજમાં ભારે રોષની લાગણી ફાટી નીકળી છે. ખૂદ રૂપાલાએ આ સંદર્ભે ત્રણવાર માફી માંગી હતી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે પણ બે હાથ જોડીને ક્ષત્રિયોની માફી માંગી હતી. છતા ક્ષત્રિય સમાજ એક બાબત પર અડગ હતો કે ભાજપ દ્વારા રૂપાલાની ટિકિટ રદ્ કરવામાં આવે. સત્તાના નશામાં ભાજપે ક્ષત્રિય સમાજની આ માંગણીને કાને ધરી ન હતી અને રૂપાલાને રાજકોટ બેઠક પરથી યથાવત રાખ્યા છે. હવે દિનપ્રતિદિન ક્ષત્રિય સમાજનો વટ મજબૂત બની રહ્યો છે. વન લાઈન એજન્ડાએ છે કે રાજ્યની તમામ બેઠકો પર ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપ વિરોધી મતદાન કરવામાં આવશે. ભાજપનું ડેમેજ કંટ્રોલ સરેઆમ નિષ્ફળ નિવડ્યું

(અનુ. આઠમા પાને)

૨૧મી સદીમાં પણ જ્ઞાતિ જાતિનું રાજકારણ ચરમસીમાએ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભલે વારંવાર એકવાત કહી રહ્યા હોય કે અમે વિકાસની રાજનીતી અપનાવી છે પરંતુ બીજી તરફ જોવામાં આવે તો ભારતના રાજકારણમાં આજની તારીખે પણ જ્ઞાતિ-જાતિનું રાજકારણ જ સર્વેસર્વા રહ્યું છે. સ્થાનિક સ્વરાજ્યથી લઈ રાષ્ટ્રપતિ સુધીની ચૂંટણીમાં જ્ઞાતિને વધુ મહત્વ આપવામાં આવે છે. આ વખતે પણ કંઈક આવો જ સીનારીયો જોવા મળ્યો છે. ૨૧મી સદીમાં પણ દેશમાં જ્ઞાતિ આધારિત રાજકારણ ચરમસીમાએ પહોંચી ગયું છે. એક-એક બેઠક પર જ્ઞાતિના સમિકરણોના ચોગઠા ગોઠવી ઉમેદવારોની પસંદગી કરવામાં આવે છે અને વધુ વસતી ધરાવતા સમાજના લોકોને વધુ ટિકિટ આપવામાં આવે છે. જેના કારણે એવી સ્થિતિનું નિર્માણ થાય છે કે લાયક ઉમેદવારને ટિકિટથી વંચિત રહેવું પડે છે. જેની સામે ઓછી લાયકાત ધરાવતા વ્યક્તિને નેતા બનવાની તક મળી જાય છે.

નેતાઓના બગડેલા બોલ લોકશાહી માટે કલંક સમાન

વોટબેંક જાળવી રાખવા માટે નેતાઓ ગમે તે શબ્દોનો પ્રયોગ કરતા હોય છે. નેતાઓના બગડેલા બોલ લોકશાહી માટે એક કાળા કલંક સમાન છે. કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ એવું નિવેદન આપ્યું હતું કે રાજા-રજવાડાઓએ અંગ્રેજો સાથે રોટ-બેટીના વ્યવહાર કર્યા હતાં. જેનાથી ક્ષત્રિય સમાજમાં નારાજગી જોવા મળતા જ્યારે માફી માંગી ત્યારે પણ બગડેલા બોલ જ વાપર્યા હતા. જેમાં તેઓએ કહ્યું હતું કે ક્ષત્રિયોને માઠું લાગ્યુંએ વિધાન જ્યાં બોલ્યો જે કાર્યક્રમ કોઈ કામનો ન હતો. જ્યારે વિસાવદરમાં ભાજપની સભામાં ભૂપત ભાયાણીએ રાહુલ ગાંધીને નપુંસક નેતા કહ્યા હતા. જૂનાગઢમાં ભાજપની સભામાં કિરીટ પટેલના બોલ બગડ્યા હતા. તેઓએ એવું નિવેદન આપ્યું હતું કે અગાઉ રાણીની કૂખે લુંલા-લંગડા જે પણ સંતાનો જન્મે તે રાજકુમાર અને રાજા બનતા હતા. લોકશાહીમાં મતપેટીમાંથી રાજા બને છે. પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ રાહુલ ગાંધીને બીજા ગાંધીજી કહ્યા હતા અને મહાત્મા ગાંધીમાં લૂચ્ચાઈ હતી. રાહુલ ગાંધી તો સાવ નિર્દોષ છે. જ્યારે પરેશ ધાનાણીએ પટેલીયાઓ અને બેય હરખ પદુડા થઈ ભાજપને જીતાડવા નીકળ્યા છે. તેવું નિવેદન આપ્યું હતું. મનસુખ વસાવાની જીભ પણ લપસી હતી. તેને ચૈતર વસાવાથી

ડો.ભરત બોઘરાને ક્ષત્રિયોએ ઝાંઝમેરમાં પ્રવેશવા ન દીધા

ભાજપ સામે વટે ચડેલા ક્ષત્રિય સમાજે હવે ભાજપના નેતાઓ સામે પણ બાંયો ચડાવી છે. પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા ગઈકાલે ધોરાજીના ઝાંઝમેર ગામે એક ચૂંટણી પ્રચાર કાર્યક્રમમાં ગયા હતા. તેઓ ગામમાં આવી રહ્યા હોવાની વાત જાણવા મળતાની સાથે જ ક્ષત્રિયો સમાજના કેટલાંક આગેવાનો ગામના પાદરમાં પહોંચી ગયા હતા. ડો.બોઘરાની ગાડીને ગામમાં પ્રવેશતા રોકી લેવામાં આવી હતી. વિનંતી કરવા છતાં ગામમાં પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. પરિણામ સ્વરૂપ ડો.બોઘરાને ઝાંઝમેરના પાદરથી પાછું વળી જવાની ફરજ પડી હતી. સૌરાષ્ટ્રના અનેક ગામો અને વિસ્તારોમાં ભાજપના નેતાઓને ચૂંટણી પ્રચાર માટે આવવું નહિં તેવા બોર્ડ લગાવી દેવામાં આવ્યા છે. ભાજપ શાસિત રાજ્યમાં હાલ ભાજપના નેતાઓ માટે અમૂક ગામોમાં નો-એન્ટ્રી જેવો માહોલ બની ગયો છે.

ડેમેજ કંટ્રોલ કરવામાં નિષ્ફળ રહેલા ભાજપ માટે હવે પાંચ લાખની લીડની વાત એકબાજુ રહી ગઈ: તમામ બેઠકો જીતે તો પણ મોટી વાત

વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રીના હોમસ્ટેટમાં ભાજપ સામે ૬ થી ૭ બેઠકો પર મોટો પડકાર: જામનગરમાં મોદીની સભા કરતા ક્ષત્રિયોના અસ્મિતા સંમેલનમાં વધુ મેદની જોવા મળી: આજે સુરેન્દ્રનગરમાં ક્ષત્રિય સમાજનો સંમેલન

ખાદ્ય વસ્તુઓ પર ફુગાવાને રોકવા આયાત-નિકાસમાં સરકારની નટચાલ

૩૧ માર્ચ ૨૦૨૫ સુધી સરકાર દેશી ચણાની આયાત ડ્યૂટી ઉપર મુક્તિ આપશે

અબતક, નવીદિલ્હી

આગામી દિવસોમાં ભાવ વધવાની શકયતાના પગલે સરકારે ડુંગળી પર ૪૦ ટકા નિકાસ જકાત લાદી છે. આ પહેલીવાર છે જ્યારે ડુંગળી પર નિકાસ ડ્યુટી લાદવામાં આવી છે. સ્થાનિક બજારમાં ડુંગળીનો પુરવઠો વધારવા અને ભાવમાં સ્થિરતા લાવવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. મહત્વની વાત તો એ છે કે ખાદ્ય વસ્તુઓ પર જે ફુગાવો જોવા મળી રહ્યો છે તેને રોકવા માટે સરકાર આયાત અને નિકાસ ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને પરિણામ સ્વરૂપે હાલ મહત્વ ધરાવતી ડુંગળી પર સરકારે નીકાસ ડ્યુટી લાદી છે. સરકાર માટે જરૂરી એ છે કે માંગ અને વિતરણની વ્યવસ્થા

જળવાઈ રહે તે માટે પૂરવઠો અને માંગ ક્ષેત્રનો વેપાર, રોકાણકારોને કોઈપણ ખરીદી અથવા વેચાણના નિર્ણયો લેવામાં મદદ કરે છે. સરકારે ડુંગળીને પ્રોહિબિટેડ કેટેગરીમાં રાખી દીધી છે પરંતુ સ્થાનિક માંગ અને ખેડૂતોની માંગ ના પગલે અમુક જથ્થા ના નિકાસ માટે સરકારે છૂટ આપી છે અને તેને લઈને જ ડ્યુટીમાં ૪૦% નક્કી કરી છે.

સરકારે ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ અથવા તે પહેલાં જારી કરાયેલ બીલ ઓફ એન્ટ્રી દ્વારા આવરી લેવામાં આવતા શિપમેન્ટ માટે પીળા વટાણાની આયાત પરની ડ્યુટી મુક્તિ વધારી છે. એક નોટિફિકેશનમાં નાણા મંત્રાલયે કહ્યું કે ફેરફારો ૪ મેથી લાગુ થશે. ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો કે, સરકાર ભારતના મિત્ર દેશોમાં શિપમેન્ટની મંજૂરી આપે છે. તેણે યુ.એ.ઇ અને બાંગ્લાદેશમાં ડુંગળીની ચોક્કસ માત્રામાં નિકાસ કરવાની મંજૂરી આપી છે. ગયા વર્ષે ઓગસ્ટમાં ભારતે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી ડુંગળી પર ૪૦ ટકા નિકાસ જકાત લાદી હતી.

શનિવારે જારી કરાયેલા એક નોટિફિકેશનમાં નાણા મંત્રાલયે કહ્યું કે નિકાસ ડ્યૂટી તાત્કાલિક અસરથી લાગુ થઈ ગઈ છે અને ૩૧ ડિસેમ્બર સુધી અમલમાં રહેશે. તાજેતરના સમયમાં ટામેટા બાદ ડુંગળીના ભાવમાં વધારો થયો છે. એક સપ્તાહની અંદર છૂટક ભાવમાં લગભગ ૬૦ ટકાનો વધારો થયો છે. મોટા શહેરોમાં ડુંગળીના ભાવ ૨૫-૩૦ રૂપિયાથી વધીને ૪૦-૪૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે. મોટી છૂટક દુકાનોમાં ભાવ ૫૦ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગયો છે. ઉપભોક્તા

(અનુ. આઠમા પાને)

શું કામ એક્સપોર્ટ ડ્યુટી લાદવામાં આવે છે?

મે થી સપ્ટેમ્બર મહિના દરમિયાન ડુંગળીના ભાવ આસમાને જોવા મળતા હોય છે ત્યારે ભાવને કાબુમાં લાવવા અને ઘરેલુ ઉપલબ્ધતા વધારવા માટે સરકાર એક્સપોર્ટ ડ્યુટી લાદે છે. પરિણામ સ્વરૂપે સરકારે ૪૦% નિકાસ ડ્યુટી લાદી હોવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ડુંગળીના વધતા ભાવે ભૂતકાળમાં સરકારને પણ ઉથલી છે જેના ઉપરથી એ વાત તો સ્પષ્ટ છે કે ડુંગળીનું આર્થિક અને રાજકીય મહત્વ પણ ખૂબ વધુ છે.

ઘણી ખરી વખત આયાત પણ કરવી પડે છે ડુંગળી

ડુંગળીના સંઘરાખોરી અને કાળા બજાર રોકવા માટે સ્ટોક મર્યાદા લદાઈ છે. સ્થાનિક પુરવઠાનો જથ્થો સુધારવા તથા દેશમાં ડુંગળીનો પુરવઠો વધે અને એના ભાવ વધે નહિ, એ આયાતનો હેતુ છે.

અપ્રાકૃતિક જાતીય સંબંધની પત્ની ના પાડી શકે નહિ!!

પતિ દ્વારા પત્ની સાથે અકુદરતી સેક્સ સહિત કોઈપણ જાતીય સંબંધ બળાત્કાર ગણાશે નહીં: મધ્યપ્રદેશ હાઈકોર્ટ

અબતક, રાજકોટ

મધ્યપ્રદેશ હાઈકોર્ટે પોતાના એક ચુકાદામાં કહ્યું છે કે પતિ દ્વારા તેની પત્ની સાથે અકુદરતી સેક્સ સહિત કોઈપણ જાતીય સંબંધ બળાત્કાર ગણાશે નહીં કારણ કે આવા કિસ્સાઓમાં પત્નીની સંમતિ મહત્વની નથી. ભારતમાં 'વૈવાહિક બળાત્કાર'ને અપરાધ તરીકે માન્યતા આપવામાં આવતી નથી તે ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે આ નિર્ણય આપ્યો છે.

ન્યાયાધીશ ગુરપાલ સિંહ આહલુવાલિયાની બેન્ચે જણાવ્યું હતું કે જો કોઈ પત્ની માન્ય લગ્ન દરમિયાન તેના પતિ સાથે રહેતી હોય તો પતિ દ્વારા તેની પોતાની પત્ની કે જેની ઉંમર ૧૫ વર્ષથી ઓછી ન હોય તેની સાથે કોઈપણ જાતીય સંભોગ અથવા જાતીય કૃત્ય કરવામાં આવે તો તે બળાત્કારની શ્રેણીમાં આવશે નહિ. જો કે, હાઈકોર્ટે કહ્યું કે કાયદાની આ સ્થિતિનો એકમાત્ર અપવાદ આઈપીસીની કલમ ૩૭૬બીછે. આમાં ન્યાયિક છૂટાછેડાને કારણે અથવા અલગ રહેતા સમયે પોતાની પત્ની સાથે શારીરિક કૃત્ય બળાત્કાર ગણાશે.

હાઈકોર્ટે કલમ ૩૭૫ના અપવાદ ૨ ને ટાંકીને જણાવ્યું હતું કે, ૧૫ વર્ષથી વધુ ઉંમરની પત્ની સાથે પતિ દ્વારા જાતીય સંભોગ અથવા જાતીય કૃત્યો બળાત્કાર ગણાશે નહીં.

સિંગલ જજ બેન્ચે ટિપ્પણી કરી હતી કે, મહિલાના ગુદામાં શિશ્નનું પ્રવેશ એટલે કે અપ્રાકૃતિક સંબંધ પણ 'બળાત્કાર'ની વ્યાખ્યામાં સામેલ છે પરંતુ જ્યારે પતિ દ્વારા તેની પત્ની (જેની ઉંમર ૧૫ વર્ષથી ઓછી નથી) વિરુદ્ધ કરવામાં આવે છે. કોઈપણ સંભોગ અથવા જાતીય કૃત્ય બળાત્કાર નથી. તેથી આ સંજોગોમાં, અકુદરતી કૃત્ય માટે પત્નીની સંમતિની ગેરહાજરી તેનું મહત્વ ગુમાવે છે.

હાઈકોર્ટે મનીષ સાહુ નામના વ્યકિત વિરુદ્ધ તેની પત્ની દ્વારા આઈપીસીની કલમ ૩૭૭ હેઠળ અકુદરતી સેક્સનો આરોપ લગાવતી એફઆઈઆર રદ કરતી વખતે આ અવલોકનો કર્યા હતા.

ખાસ વાત એ છે કે આઈપીસીની કલમ ૩૭૫ મુજબ, બળાત્કારમાં મહિલા સાથે તેની સંમતિ વિના જાતીય સંભોગ સાથે સંકળાયેલા તમામ પ્રકારના જાતીય હુમલાનો સમાવેશ થાય છે. જો કે, આઈપીસીની કલમ ૩૭૫થી અપવાદ ૨ મુજબ ૧૫ વર્ષથી વધુ ઉંમરના પતિ-પત્ની વચ્ચે જાતીય સંભોગ બળાત્કાર નથી અને આમ આવા કૃત્યોને કાર્યવાહીથી અટકાવવામાં આવે છે.

નોંધનીય છે કે ઓક્ટોબર ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે ઈન્ડિપેન્ડન્ટ થોટ વિ. યુનિયન

(અનુ. આઠમા પાને)

ન્યુ રીનોવેટેડ
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આલ્ફ્રેડ સાર્ક, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

વી ધ પીપલ અને જલસા ગ્રુપ દ્વારા યોજાયો અનોખો મતદાન જાગૃતિ કાર્યક્રમ

કવિ શૈલેષ લોઢા, કલાકાર સાંઈરામ દવે, આર.જે.આકાશ સહિતના કલાકારોએ પોતાની આગવી શૈલીમાં મતદાનનું મહત્વ સમજાવ્યું: સાંસદ પરિમલ નથવાણી, રિલાયન્સ ગ્રુપના પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણી સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત

વી ધ પીપલ અને જલસા ગ્રુપ આયોજીત મતદાન જાગૃતિ કાર્યક્રમ અબતક ડિજિટલના પ્લેટફોર્મ યુટ્યુબ અને ફેસબુક પર નિહાળી શકો છો

અબતક, રાજકોટ

લોકશાહીના મહાપર્વને ઉત્સવ બનાવવા વી ધ પીપલ અને જલ્સા ગ્રપ દ્વારા આયોજિત એવા વળાંક પર...! કાર્યક્રમના આયોજનમાં જેવું નામ છે તેના કરતા અનેકગણો જોરદાર કાર્યક્રમ બન્યો હતો. આ કાર્યક્રમમાં આર જે આકાશ અને હાસ્ય કવિ શૈલેષ લોઢા, સાંઈરામ દવે, અશોક ચારન અને પાર્થ નવીન જેવા સુપ્રસિદ્ધ કલાકારોએ ખીચોખીચ ભરેલા હોલમાં લોકોને હસાવી હસાવીને પેટ દુઃખવા લાગ્યા હતાં તેવો જબરજસ્ત કાર્યક્રમ બન્યો હતો.

વી ધ પીપલ તેમજ જલ્સા ગ્રુપ દ્વારા હાલ ચાલી રહેલા લોકશાહીના મહાપર્વ એવા ચૂંટણીમાં જાગૃત્તતા સંદર્ભે હાસ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર નજીક આવેલા પદમ બેન્કવેટના હોલ કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં જ આખેઆખો ભરાય ગયો હતો અને એવા વળાંક પર...! કાર્યક્રમ રાષ્ટ્રગીત દ્વારા શરૂ કરાયો હતો. સૌ પ્રથમ ઉદ્યોગપતિ અશોક પાઉંએ પ્રારંભિક અને સ્વાગત પ્રવચનમાં અન્ય દેશોની સરખામણીએ ભારત દેશ વર્તમાન સમયમાં પ્રગતિશીલ બનાવવા માટે નિષ્ઠાવાન નેતાઓની સૌથી વધુ જરૂર છે ત્યારે જામનગરના પ્રતિનિધિ તરીકે યોગ્ય વ્યક્તિની પસંદગી કરવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણી, રિલાયન્સના ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજભાઈ નથવાણી, હાસ્ય કલાકાર સાંઈરામ દવે, ડો.પરમિંદરકુમાર, અગ્રણી બિલ્ડર મેરામણભાઈ પરમાર તથા રઘુવંશી સમાજના અગ્રણી જીતુભાઈ લાલ, મિતેશભાઈ લાલ તેમજ જલ્સા ગ્રુપના નિરજ દત્તાણી, વિપુલભાઈ કોટક, વિરલ રાચ્છ, નિલેશભાઈ ઉદાણી, મિહિર કાનાણી, નીતિન માડમ, દિનેશભાઈ મારફતિયા, જયેશભાઈ મારફતિયા, રાજુ ભાઈ મારફતિયા, બાદલભાઈ રાજાણી, નિકુ રાજાણી, હિતુલ કારીયા, દિપક પટેલ, અક્ષિત પોબારુ દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સૌ પ્રથમ

(અનુ. આઠમા પાને)

વિશ્વ હિમોફોલિયા દિવસની ઉજવણી અંતર્ગત

હિમોફીલિયાના દર્દીઓને રાજકુમાર કોલેજમાં નોકરી અને પ્રવેશની ખાતરી આપતા ઠાકોર સાહેબ માંધાતાસિંહ

રાજકોટ રાજ્ય ફાઉન્ડેશન અને રાજકુમાર કોલેજ દ્વારા હીમોફીલિયા સોસાયટીને ૩.૧–૧લાખનું અનુદાન આપતા આરકેસી પ્રેસિડેન્ટ માંધાતાસિંહ જાડેજા

અબતક, રાજકોટ

વિશ્વ હીમોફીલિયા દિવસ દર વર્ષે વિશ્વ હીમોફીલિયાના સ્થાપક ફ્રેન્ક કેનબેલની સ્મૃતિમાં ૧૭ એપ્રિલના રોજ ઉજવાય છે. આ વર્ષે હીમોફીલિયા સોસાયટી રાજકોટ ચેપ્ટર દ્વારા વિશ્વ હીમોફીલિયા દિવસની ઉજવણીનું આયોજન ૨૮-૦૪-૨૦૨૪ (રવિવાર) ના રોજ હીમોફીલિયા કેર સેન્ટર ખાતે યોજવામાં આવેલા આ સાથે હોમીયોપેથી અને ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન પણ કરવામાં આવેલ. હિમોફિલિયા એ લોહીનો આનુવંશિક રોગ છે જેની સારવાર ત્વરિત કરવામા ના આવે તો દર્દી વિકલાંગ બને અથવા જીવલેણ થઈ શકે છે

રાજકોટ રાજ પરિવારની પરંપરા મુજબ રાજકોટ ઠાકોર સાહેબશ્રી માંધાતાસિંહજી જાડેજા એ દર્દીઓ અને વાલીઓને કહેલ કે - હું અહીં તમારા કુટુંબના સભ્ય તરીકે આવ્યો છું. તેઓશ્રી એ દરેક જરૂરિયાતમાં દર્દીઓને મદદરૂપ તેમજ સહયોગ આપવાની ખાત્રી ઉચ્ચારી છે. સાથોસાથ પોતાના શબ્દોને સાર્થક કરતાં ભામાશા બનીને માંધાતાસિંહજી જાડેજાએ

(અનુ. આઠમા પાને)

અટલ સરોવરના સ્ટાફને ફાયર, રેસ્કયુ અને મેડિકલ અંગે અપાઈ તાલીમ

અબતક, રાજકોટ

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ શાખા દ્વારા ન્યુ રેસકોર્ષ, નવા ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ અટલ સરોવર ખાતે લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને આગ લાગે ત્યારે ફાયર સેફટીના સાધનોનો કઈ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઈ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગેની તાલીમ આપવામા આવેલ.

આ સિવાય સરોવરની મુલાકાતે આવતા સહેલાણીઓ કોઈ અકસ્માતે પાણીમા પડી જાય તો તાત્કાલિક તેનો બચાવ કઈ રીતે કરવો ? તેમજ બચાવ કર્યા બાદ તેના શરીરમાથી પાણી કઈ રીતે બહાર કાઢવુ ? તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના ચીફ ફાયર ઓફીસર આઈ.વી.

(અનુ. આઠમા પાને)

સમગ્ર જીવન સંયમમય વ્યતીત થાય તે વડી દીક્ષા: નમ્રમુનિ

નમ્રમુનિ મ.સ.ના શ્રીમુખેથી નૂતનદીક્ષીત મહાસતીજીને પાંચ મહાવ્રતોથી આરોપિત સ્થાપિત ઉપસ્થિાપિત કરાયા

અબતક, રાજકોટ

૨૧ વર્ષની ભરયુવાન વયમાં સુખ - સમૃદ્ધિ ત્યજીને, સ્વજનોની લાગણી અને સમગ્ર સંસારનો ત્યાગ કરીને ગત રવિવારે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના ચરણ- શરણમાં દીક્ષા અંગિકાર કરીને સંયમપંથ પર પ્રયાણ કરનારા નૂતનદીક્ષિત સાધ્વીરત્ના પૂજ્ય શ્રી પરમ નેમપ્રિયાજી મહાસતીજીને પંચમહાવ્રતથી આરોપિત કરતી વડી દીક્ષાનો અવસર તાડદેવ સ્થિત અવસર હોલ ખાતે ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ તાડદેવ સંચાલિત માતુશ્રી મણીબેન મણશી ભીમશી છાડવા ધર્મસ્થાનકથી ઉપક્રમે આયોજિત આ અવસરમાં વહેલી સવારે ધર્મસ્થાનકથી સંયમ યાત્રા પ્રારંભ થઇ ગાજતી- ગુંજતી અવસર હોલ ખાતે પૂજ્ય સંતો, સાધ્વીવૃંદ અને પ્રત્યક્ષ ઉપસ્થિત શ્રી સંઘ શ્રેષ્ઠિવર્યો અને બહોળી સંખ્યામાં ભાવિકોની સાથે લાઈવના માધ્યમે હજારો ભાવિકો જોડાતા વડી દીક્ષા મહોત્સવ યોજાયેલ.

ઉપસ્થિત ભાવિકોને, ભગવાન મહાવીરની પરંપરાથી દીક્ષિત આત્માને અર્પણ થઈ રહેલી વડી દીક્ષાના પ્રારંભિક ઈતિહાસનો સુંદર શૈલીમાં પરિચય આપીને પરમ ગુરુદેવે બોધ ફરમાવતાં કહ્યું હતું કે, જે પ્રતિજ્ઞાઓના પ્રયોગો, જે પ્રતિજ્ઞાઓની હૃદયસ્પર્શનાએ અને જે પ્રતિજ્ઞાઓના આધારે સાધક આત્માને પોતાના મનને કમાન્ડ આપીને સમગ્ર જીવન સંયમમય વીતાવવા માટેની વિધિ તે વડીદીક્ષા હોય. આવા સંયમ પ્રતિબદ્ધ જીવન

(અનુ. આઠમા પાને)

ઉપલેટા–ધોરાજીના લોકપ્રિય ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયાનો આજે જન્મદિવસ

ઉપલેટા ધોરાજીના વિધાનસભા મતવિસ્તારના ભાજપના ધારાસભ્ય અને મૂળ પાનેલી મોટી ગામના વતની મહેન્દ્રભાઈ પાડલીયા નો આજે જન્મ દિવસ છે તેવો આજે સફળ જીવનના ૭૨ વર્ષ પૂરા કરી અને ૭૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ અને કુલનાયક ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા ના કુલપતિ રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ રાજકોટ જિલ્લા પંચાયત સભ્ય પ્રદેશ ભાજપ માનવ અધિકારી સેલના કન્વીનર ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના ડિરેક્ટર સહિતના પદ પર પ્રશંસનીય કામગીરી કરી ચૂક્યા છે આજે તેમના જન્મદિવસ નિમિત્તે ૯૯૭૮૪૦૪૪૦૦ અને ૭૮૭૪૦૭૮૭૨૦ શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

જેતપુરમાં વડાલીયા નમકીન આઉટલેટનો શુભારંભ

વડાલીયા નમકીનની ૧૨૦ જેટલી આઇટમો સાથે ગ્રાહકોને મળશે ખાસ કન્સેશનનો લાભ: રાજકોટ, અમદાવાદ, જામનગર, ભાવનગર સહિતના શહેરોમાં અને હવે જેતપુરમાં વડાલીયા રિટેલનું નેટવર્ક

અબતક, રાજકોટ

રાજકોટ, અમદાવાદ, જામનગર, ભાવનગર, વેરાવળ (સોમનાથ), હળવદ, આણંદ, ગોંડલ, અને જુનાગઢ નાં ઓપનિંગ બાદ હવે જેતપુર વાસીઓને વડાલિયા નમકીન ના સ્વાદનું ઘેલું લગાડવા વડાલિયા નમકીન હવે જેતપુર નાં આંગણે મળશે.

ફ્રાયમ્સ, ફરસાણ નમકીન, ખાખરા, પાપડ જેવી વિવિધ ૧૨૦ થી પણ વધારે આઈટમો પર ઉદઘાટનના અવસરે ગ્રાહકોને મળશે ૨૦% ડિસ્કાઉન્ટ અપાયું હતું.

જેતપુર રાજકોટના ગોંડલ રોડ પર વડાલિયા કંપની દ્વારા પ્રથમ કંપની રિટેલ આઉટલેટ જુલાઈ ૨૦૨૩માં શરુ કર્યા બાદ માત્ર ૬ મહિનાના ટૂંકા સમયમાં વડાલીયા ફુડ્સ દ્વારા પોતાનો ૨૧મો અને જૈતપુર નો પ્રથમ રીટેલ આઉટલેટ લોન્ચ કરવા જઈ રહી છે.

જેતપુરની ની ખમીરવંતી પ્રજાને વડાલીયા ફુડ્સ દ્વારા જેતપુરનાં જુનાગઢ રોડ પરના ગંગોત્રી કોમ્પ્લેક્સ સામે વડાલીયા ફુડ્સ ના નવા રિટેલ ઓઉટલેટનો હાલ વેકેશન નાં સમયમાં ફરવા જતા ઘર જેવું નમકીન લય જવા માટેના તમારા બધા માટે એકજ સ્થળેથી બધી પ્રોડક્ટ્સ મેળવવા તમામ માનવંતા ગ્રાહકોને તમામ બ્રાન્ડેડ પ્રોડકટ પર ૨૦% ડિસ્કાઉન્ટ આપવાની જાહેરાત કંપની દ્વારા કરવામાં આવી હતી.

વડાલીયા ફુડ્સ કંપનીના ડિરેક્ટર મિતભાઈ વડાલીયાએ જણાવ્યું હતું કે અમારા માટે ગૌરવની ઘડી છે કે માત્ર ૬ મહિનાના ટૂંકા સમયમાં અમે ૨૧મો રીટેલ આઉટલેટ શરુ કર્યો છે. જેતપુરમાં આ પ્રથમ રિટેલ આઉટલેટ સફળતાપૂર્વક આજથી શરૂ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અમદાવાદના પોશ વિસ્તારમાં ત્રણ આઉટલેટ,ભાવનગર, હળવદ, વેરાવળ સોમનાથ તેમજ આણંદ અને જુનાગઢ નાં સ્થળો પર કંપની દ્વારા પોતાના એકસકલુઝિવ આઉટલેટ સફળતાપૂર્વક શરૂકરવામાં આવ્યા છે.

જેતપુર જુનાગઢ રોડ પર ગંગોત્રી કોમ્પ્લેક્સની સામે શરુ કરવામાં આવેલા છે.

કંપનીની પ્રોડક્ટ વિશે જણાવતા ડિરેક્ટર મિતભાઈ વડાલીયા અને સી ઈ ઓ કેતનભાઈ તન્નાએ જણાવ્યું હતું કે નમકીન,વેફર્સ, ફ્રાઈમ્સ,

(અનુ. આઠમા પાને)

જામકંડોરણા: બિમારીથી કંટાળી વૃધ્ધ દંપત્તિનો સજોડે આપઘાત

ગોંડલના નવાગામના વૃધ્ધે ગૃહ કલેશથી કંટાળી ઝેર પી જીવન ટુંકાવ્યું: શાપર-વેરાવળની પરિણીતાનો અગમ્ય કારણસર કુવો પૂર્યો

અબતક,રાજકોટ

લોકોની ભાગદોડ વાળી જીંદગી અને દિવસને દિવસે ભાંગતી જતી કુટુંબ વ્યવસ્થાને કારણે યુવાનો અને વૃધ્ધો એકલતાના લીધે મૂલ્યવાન જીદગીને ક્ષણભરમાં મોતના મુખમાં ધકેલી દે છે. રાજકોટ જિલ્લામાં ત્રણ સ્થળે દંપતિ સહિત ચાર લોકોએ આપઘાત કર્યો છે. જેમાં જામકંડોરણા ગામે બિમારીથી કંટાળી વૃધ્ધ દંપતિએ ફાંસો ખાઈ, ગોંડલ તાલુકાના નવાગામના વૃધ્ધે ગૃહ કલેશથી ઝેરી દવા પી અને શાપર-વેરાવળની પરિણીતાએ કુવામાં ઝંપલાવી જીવન ટુંકાવી લીધું છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ જામકંડોરણા ગામે લેઉવા પટેલ સમાજ સામે તળાવ પ્લોટ વિસ્તારમાં રહેતા છગનભાઈ નારદભાઈ રાદડીયા નામના ૭૨ વર્ષિય વૃધ્ધ અને તેના પત્ની લીલાબેન છગનભાઈ રાદડીયા નામના ૭૦ વર્ષિય વૃધ્ધાએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લીધાની જાણ સ્થાનિક પોલીસને થતા દોડી ગયાં હતા. પોલીસે વૃધ્ધ દંપતિને ઉતરી હોસ્પિટલે ખસેડી જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક દંપતિને સંતાનમાં બે પુત્રો છે. જેમાં મોટો પુત્ર રાજકોટ અને નાના પુત્ર માતા પિતા સાથે રહી ખેતી કામ કરે છે.

પ્રાથમિક તપાસમાં છગનભાઈ ઘણા સમયથી શ્વાસની બિમારીથી અને લીલાબેનને કેન્સરની બિમારીથી કંટાળી આ

પગલુ ભરી લીધાનું ખૂલ્યું છે. પોલીસે કાગળો કરી વિશેષ તપાસ હાથ ધરી છે.

ગોંડલ તાલુકાના નવાગામે રહેતા રવજીભાઈ રામજીભાઈ ભુવા નામના ૭૪ વર્ષિય વૃધ્ધએ પોતાના ઘરે ઝેરી દવા પી લેતા બેભાન હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવતા જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવની જાણ પોલીસને થતા દોડી જઈ પ્રાથમિક તપાસમાં પુત્રવધુના માવતર સુરત રહેતા હોવાથી દંપતિને જવા હોવાથી પુત્રને પિતા સાથે બોલાચાલી થતા જેમાં લાગી આવતા ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું છે.

શાપર-વેરાવળ નજીક પારડી ગામે રહેતા જેમીનીબેન વિરાજભાઈ પટેલ નામની ૨૭ વર્ષિય પરિણીતાએ કુવામાં ઝંપલાવ્યું હતુ.

આ બનાવની જાણ આસપાસના લોકોને થતા તરવૈયાઓ કુવામાંથી બહાર કાઢી હતી સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા જયાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં મઅતક જેમીનીબેનના છ વર્ષ પહેલા લગ્ન થયા હતા. પતિ કારખાનામાં નોકરી કરે છે. છ વર્ષના લગ્ન જીવન દરમિયાન સંતાન પ્રાપ્તી નથી જેમીનીએ સાસુને કહયું કે હમણા આવું છું તેમ કહી ઘરે નીકળી હતી. લાંબા સમય સુધી પુત્રવધુ ન આવતા પુત્રને જાણ થતા શોધવા નીકળી હતી.

ત્યારે પત્ની કુવાનાં કાંઠે બેઠી હતી. ત્યારે પતિને જોઈ જતા પત્નીએ કુવામાં મોતની છલાંગ લગાવી હતી.

શાપર-વેરાવળ: હોટલ સંચાલકને દોઢ લાખનો ચુનો ચોપડતા ગઠીયા

૨૫ દિવસ સુધી ખાધુ-પીધુ અને મફત રોકાણ કરી બેલડી છનન

અબતક, રાજકોટ

રાજકોટની સાપર વેરાવળની લોર્ડ્સ હોટેલ ખાતે બે મિત્રોએ ૨૫ દિવસના રોકાણ,જમવાનું અને નાસ્તાનું કુલ બિલ રૂ. ૧,૫૦,૫૦૪/- ચૂકવ્યા વગર નાશી છુટ્યા હોવાથી બંને શખ્સો વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી પોલીસે શોધખોળ હાથ ધરવામાં આવી છે.

રાજકોટ જિલ્લાના સાપર વેરાવળ ખાતે લોર્ડ્સ હોટલના મેનેજર મોહિતકુમાર તેજનારાયણ ઠાકોર નામના ૨૨ વર્ષીય યુવકે ભાર્ગવ રમેશ ગઢવી અને સાહિલ રમેશ પરમાર નામના બે શખ્સોએ હોટેલમાં રોકાણ કરી જમવાનું તથા નાસ્તાનું બિલ ન ચૂકવ્યું હોય,જેનું કુલ બિલ રૂ. ૧,૫૦,૫૦૪ /- હોય, જેથી બંને શખ્સો વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધાવી સાપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત તા. ૧ એપ્રિલના રોજ આરોપી ભાર્ગવ રમેશ ગઢવી અને સાહિલ રમેશ પરમાર લોર્ડ્સ હોટેલમાં આવેલા હોય અને એક દિવસનું એક વ્યક્તિના રોકાણનું ભાડું રૂ. ૨૮૦૦ છે ,જેથી બંને મિત્રોનું સાથે રોકાણ કરવાંનું હોવાથી ભાડું રૂ. ૩૩૬૦ નક્કી કરવામાં આવ્યું. જેમને બિલ ચુક્કવાનું કહેવામાં આવ્યું ત્યારે આરોપી ભાર્ગવ ગઢવીએ એમ જણાવ્યું કે મારો મિત્ર સાહિલ પરમાર ભાડું ચૂકવી આપશે હું મારું પાકીટ ઘેર ભૂલી ગયો છું. આરોપી સાહિલે એમ જણાવેલ કે હું અહી શાપરમાં જ રહું છું જેથી ફરિયાદીએ બંને ગ્રાહકો પર વિશ્વાસ કેળવ્યો હતો. બંને આરોપીએ તા. ૧ એપ્રિલ થી ૨૫ એપ્રિલ સુધી હોટેલમાં રોકાણની સાથે નાસ્તા અને જમવાનું પણ મંગાવ્યું હતું જેનું કુલ બિલ રૂ. ૧,૫૦,૫૦૪/- છે બંને આરોપીઓ હોટેલમાં કોઈ પણ જાતની જાણ કર્યા વગર અહીથી નાશી છુટ્યા હોવાથી પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથધરી છે.

આંબેડકર નગરમાં પરિણીતાને આપઘાતની ફરજ પાડયાનો નોંધાતો ગુનો

સાસરિયાના ત્રાસથી કંટાળી પરિણીતાએ આપઘાત કર્યો'તો

અબતક, રાજકોટ

શહેરના આંબેડકરનગરમાં પરિણીતાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધા બાદ મૃતકના પતિ ,સાસુ,સસરા અને નણંદ સામે આપઘાતની ફરજ પાડ્યા અંગેનો ગુનો માલવયા નગર પોલીસ મથકે નોંધાયો છે.બનાવની પ્રાપ્ત વિગત મુજબ, આંબેડકર નગરમાં રહેતા કાજલબેન હિતેશભાઈ રાઠોડ નામની પરિણીતાએ આપઘાત કરતાં તેના જામ કંડોરણામાં રહેતા ભાઈએ તેના બનેવી -હિતેશ, સાસુ મંજુબેન, સસરા દેવજીભાઈ અને નણંદ ગીતાબેન સામે ત્રાસ ગુજારી મરવા મજબુર કર્યાની માલવીયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

માલ મનહરભાઈની ફરિયાદમાં જણાવ્યુ કે, કાજલબેનના લગ્ન ચારેક વર્ષ પહેલા થયા હતા. લગ્નના એકાદ વર્ષ બાદ તેના પતિની નાની બહેનનાં પ્રેમસંબંધ વિશે તેણે સાસુને જાણ કરી હતી.ત્યારથી આરોપીઓ કાજલબેનને મેણા-ટોણા મારી બોલાચાલી કરતા હોવાથી તે ચાર-પાંચ વખત રિસામણે ચાલી ગઈ હતી. બાદમાં તે ફરીથી સાસરે જતા ગઈકાલે આરોપીઓએ બોલાચાલી કરી અને ઝઘડો કરતા ત્રાસથી કંટાળી જઈ આત્મઘાત કરી લીધો હતો. માલવિયા નગર પોલિસ મનહરભાઈ ની ફરિયાદ પરથી ચાર શખ્સ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

'મોતનો પ્યાલો' : વડોદરામાં શેરડીનો રસ પીધા બાદ બે લોકોના મોતથી ખળભળાટ

રસનો ચિચોડો ચલાવનારની પત્ની અને પિતા જ મોતને ભેંટ્યા : પુત્ર અને પોતે પણ સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં દાખલ

અબતક, રાજકોટ

વડોદરાના તરસાલી વિસ્તારમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં બુધવારની મોડી રાત્રે શેરડીનો રસ પીધા બાદ બે લોકોના મોત થયા હતા. જોકે આ કિસ્સો શુક્રવારે સામે આવ્યો હતો. પરિવારજનોએ પોલીસને જાણ કર્યા વગર જ બન્નેના અંતિમ સંસ્કાર કરી નાખ્યા હતા. શેરડીના રસનો ચિચોડો ચલાવનાર આધેડની જ પત્ની અને પિતાના મોત થયા છે જ્યારે આધેડનો ૨૪ વર્ષનો પુત્ર ગંભીર છે અને આઈસીયુમાં દાખલ છે. આધેડ પોતે પણ સારવાર માટે એસએસજીમાં દાખલ થયો અને પોલીસ તપાસ માટે આવી ત્યારે સમગ્ર હકિકત સપાટી પર આવી એટલે પોલીસ પણ હવે આ કેસમાં ગોથે ચઢી છે. મકરપુરા પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.એન પરમારે આ અંગે માહિતી આપતા કહ્યું હતું કે તરસાલી વિસ્તારમાં નંદનવન સોસાયટી પાસે શેરડીના રસનો ચિચોડો ચલાવતો ૫૨ વર્ષનો ચેતન સોની એસએસજીમાં સારવાર માટે દાખલ થયો છે. તેને ઝેરની અસર હોવાનું માલુમ થતાં પોલીસ તપાસ અર્થે પહોંચી હતી ત્યારે ચેતન સોનીએ એવી કેફિયત રજૂ કરી તે શેરડીના રસનો ચિચોડો ચલાવે છે અને બુધવારે મોડી રાત્રે તેના પરિવાજનોએ રસ પીધા બાદ તબીયત લથડી હતી જેમાં તેની પત્ની બિંદુ અને પિતા મનહરભાઈનું ઘરમાં જ મોત થયુ હતું. જ્યારે ૨૪ વર્ષનો પુત્ર આકાશ એસએસજી હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ છે.

આ ઘટના બાદ ચેતન અને અન્ય પરિવાજનોએ પત્ની અને પિતાના અંતિમ સંસ્કાર પણ કરી નાખ્યા જે બાદ ચેતન પોતે પણ એસએસજી હોસ્પિટલમા દાખલ થઈ ગયો છે. પોલીસને હવે આ આખી થિયરી શંકાસ્પદ લાગી રહી છે. આ ઘટના હત્યાની છે, સામૂહિક આપઘાતની છે કે ફુડ પોઈઝનિંગની છે તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

ગત મોડી રાત્રે મકરપુરા પોલીસ નંદનવન સોસાયટી ખાતે દોડી ગઈ હતી અને ઘટના સંદર્ભે પુરાવા એકઠા કરવાની કામગીરી શરૂ કરી દીધી છે.શેરડીનો રસ પીધા બાદ બેના મોતની ઘટના અંગે તપાસ કરી રહેલ મકરપુરા પી.આઈ. જે.એન. પરમારે કહ્યું હતું કે આ ઘટના શંકાસ્પદ લાગતા અમે ઊંડાણથી તપાસ કરી રહ્યા છે.

હાલમાં એવી માહિતી મળી છે કે શેરડીના રસમાં પોટેશિયમ સાઈનાઈડની ગોળી ભેળવવામાં આવી હતી જેના કારણે રસ પીધા બાદ ઝેરી અસર થઈ છે.

નીલકંઠ સિનેમા સામે જાહેરમાં જુગાર રમતા ૬ શકુનીઓ રૂ. ૬૬૯૦ની રોકડ સાથે ઝડપાયા

પેડક રોડ પરથી ક્રિકેટ આઇડીનો સટ્ટો રમતો શખ્સ પકડાયો : ત્રણ વિરૂદ્ધ ગુન્હો દાખલ

અબતક,રાજકોટ

પોલીસે શહેરના કોઠારીયા રોડ નીલકંઠ સિનેમાની પાસે ખેતલાઆપા ટી સ્ટોલની સામે જાહેરમાં જુગાર રમતા છ ની ધરપકડ કરી રૂ. ૬૬૯૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.જ્યારે બી ડિવિઝન પોલીસે શહેરના પેડક રોડ હનુમાનજી મંદિર પાસે ભગીરથ સોસાયટી શેરી નંબર ૨ માં ટી-૨૦ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી એકની ધરપકડ કરી અન્ય આરોપીની શોધખોળ હાથ ધરી છે.

શહેરના કોઠારીયા મેઈન રોડ નીલકંઠ સિનેમાની પાસે ખેતલાઆપા ટી સ્ટોલ ની સામે જુગાર રમતો હોવાની પોલીસસૂત્રોમાંથી મળેલી બાતમીના આધારે ભક્તિનગર પોલીસે દરોડો પાડી છ શખ્સો સહિત રૂ. ૬૬૯૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો.પોલીસે મેહુલનગર માં રહેતો ચંદુ વજુ કોટક, ઘનશ્યામ નગર શેરી નં ૨ માં રહેતો જીતુ ચુની ગોસ્વામી, જંગલેશ્વરમાં રહેતો અબ્દુલ ઈસ્માઈલ ડેલા, ન્યુ સાગર સોસાયટીમાં રહેતો લાભુ ડાયા ખુંગલા, મોરારી નગરમાં રહેતો હિતેશ દલસુખ ઉમરાયા અને રણુજા મંદિર નજીક રહેતો દિનેશ શાંતિ માખેચાની ધરપકડ કરી રૂ. ૬૬૯૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.જ્યારે શહેરના પેડક રોડ હનુમાનજી મંદિર નજીક ભગીરથ સોસાયટી શેરી નં. ૨ માં રહેતા પરેશ અરજણ કરેણા નામના યુવકને આઈપીએલ ટી-૨૦ મેચ,મુંબઈ ઈન્ડિયન્સ તથા કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચેના લાઈવ મેચ પર મોબાઈલમાં તેના મિત્રો અનિલ રાઠોડ તથા રોહિત રાઠોડ સાથે ફોન દ્વારા રન ફેર અને મેચ પર હારજીતના અલગ અલગ દાવ લગાડી ક્રિકેટ મેચ પર પૈસાની હારજીતનો જુગાર રમતો હતો, ત્યારે પોલીસે પરેશ અરજણ કારણાની ધરપકડ કરી તેની સાથે સટ્ટામાં સામેલ બંને શખ્સોના નામ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.જેમાં યુવક પાસેથી મોબાઈલ ફોન અને રોકડ મળી રૂ.૨૦૨૦૦/નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.

ત્રીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि।

અમારા જીવનના ઘડવૈયા તમે, તમારા જીવનથી ઉજ્જવળ અમે,
તમારા સંસ્કારોથી શોભતા અમે, તમારા પુરૂષાર્થથી સફળ અમે,
દેવતુલ્ય આત્માને સદગતિ આપજો, જન્મોજન્મના પ્રભુ ઋણી અમે.

ખીમજીભાઈ ટીડાભાઈ મકવાણા
સ્વ. કનુભાઈ ટીડાભાઈ મકવાણા
રમેશભાઈ ટીડાભાઈ મકવાણા
જીતેન્દ્રભાઈ ખીમજીભાઈ મકવાણા
જયંતિભાઈ પ્રભુદાસભાઈ ચોલેરા
નિલેશભાઈ કનુભાઈ મકવાણા
દર્શ જયંતિભાઈ ચોલેરા

અશ્વિનભાઈ રમેશભાઈ મકવાણા
દર્શનભાઈ રમેશભાઈ મકવાણા
દર્શિતભાઈ રમેશભાઈ મકવાણા
ક્રિશ જીતેન્દ્રભાઈ મકવાણા
મીત જયંતિભાઈ ચોલેરા
રાજ નિલેશભાઈ મકવાણા
મકવાણા પરિવારના જયશ્રીકૃષ્ણ

સ્વ. ટીડાભાઈ જીણાભાઈ મકવાણા

સ્વ.તા. ૪-૫-૨૦૨૧, (ઉ.વ.૯૦)

- મે. સમજુ ટ્રેકટર્સ
- ઓમ પાર્ટી લોન્સ
- ઓરેંજ ડીજીટલ વર્લ્ડ - ગ્રીનલેન્ડ સર્કલ
- ડાયમંડ પાર્ટી લોન્સ - કુવાડવા રોડ

SIMPLE

તંત્રી લેખ

આળસ ન કરતા, મતદાન કરજો...!

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમ ડગલે આગળ વધી રહી છે, ૨૧મી સદીમાં ભારત વિશ્વ ગુરુની ભૂમિકામાં આવશે તેવી ભવિષ્ય વાણી હવે દિવસે દિવસે સત્ય પુરવાર થાય તેવા સંજોગો ઉજળા બની રહ્યા છે

લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા છે ત્યારે આ વખતની ચૂંટણી ભારતના પ્રત્યેક મતદારો માટે અનેક રીતે વિશિષ્ટ અને જવાબદારી ભરી બની રહેશે આઝાદી ને ૭૫ વર્ષ પુરા થવા જઈ રહ્યા છે દેશનું અર્થતંત્ર પાંચ ટ્રીલીયન અમેરિકન ડોલર નું થવા ભણી મક્કમ રીતે આગળ વધી રહ્યું છે ,મોટી લોકશાહી હવે આર્થિક મહાસત્તા બનવા જઈ રહી છે. ત્યારે દેશ માટે સુદ્રઢ સુશાસન અને કાબેલ સુકાનીઓ આવશ્યક બન્યા છે ત્યારે પ્રત્યેક મતદારને પોતાનો મતાધિકાર અવશ્ય વાપરવું રહ્યું આળસ ન કરી અવશ્ય મતદાન કરવાની દેશના પ્રત્યેક મતદારની ફરજ બને છે ..

દેશમાં ૯૬.૮૮ કરોડ કુલ મતદારોમાં ૪૯.૦૭ લાખ પુરુષ અને ૪૭.૦૧ લાખમંહિલા મતદારો માટે મતદાનની વ્યવસ્થા કરવામાં આવી છે . ગુજરાતના ૨.૬૩ કરોડ મતદારોમાં થી ૧.૪૧ કરોડ મહિલામતદારો, અને૧.૨૨ કરોડ કૃષ્ણદદારો માટે લોકતંત્રનો આ અવસર જીવનનું સંભારનુ અને ભારતીય રાજનીતિક ઈતિહાસ માં યાદગાર બની રહેવાનું છે. વધુમાં વધુ મતદાન થાય તે માટે સામાજિક જાગૃતિ ના પ્રચંડ પ્રયાસો વચ્ચે આ વર્ષે રેકોર્ડ બ્રેક મતદાન માટે ચૂંટણી તંત્ર એ કોઈ કસર છોડી નથી ,ત્યારે પાંચ વર્ષે દેશ માટે પાંચ મિનિટ આપવાનું નાગરિક ધર્મ સમજીને દરેક મતદારે અવશ્ય મતદાન કરવું જોઈએ .

ચૂંટણીમાં આળસ નહીં પણ અવશ્ય મતદાન કરવાની દરેકની ફરજછે, આ વખતની ચૂંટણી નું મતદાન એટલે વિશ્વની સૌથી મોટી લોકશાહી ને આર્થિક મહાસત્તા બનાવવા માટે નું આ મતદાન .... દરેકે સવારના પહોરમાં જ પ્રથમ કામ મતદાન કરવાનું કરવું જોઈએ .કાશ્મીર થીકન્યાકુમારી અનેગાંધીનગરથી ગંગકોટ સુધીના ભારતમાં ૯૬.૮૮ કરોડ મતદારો માટે આકરા ઉનાળા ની સિઝનમાં પણ સુખરૂપ મતદાન માટેની વ્યવસ્થા ચૂંટણીપંચે ગોઠવી છે .

ગાઢ જંગલ, ઊંચા ટેકરા અને દરિયા વચ્ચે ટાપુમાં વસતા મતદારો ની ખેવના કરવામાં આવી છે. દરેક ભારતીય એ અવશ્ય ભૂલ્યા વગર મતદાન કરવું જોઈએ... આપણા એક એક મતથી લોકતંત્ર વધુને વધુ મજબૂત બને છે ૧૪૦ કરોડ ના ભાગ્યવિધાતાઓને ચૂંટવા માટે આપણે પાંચ વર્ષમાં પાંચ મિનિટનો સમય ન આપીએ તો આપણે ભારત માતાના ''નગુણા'' સંતાનો ગણાયએ,

ભારતનું લોકતંત્ર વિશ્વ માટે આદર્શ છે, આજના યુગમાં રાષ્ટ્રભક્તિ માટે અને માતૃભૂમિ માટે સીમાડે જઈને ધીંગાણામાં માથા આપવાની જરૂર નથી .પરંતુ લોકતંત્ર વિશ્વમાં દરેક નાગરિકને દેશની લોકશાહી સુદ્રઢ બનાવવા માટે જરૂરથી જવાબદાર બનવા નો ધર્મ દરેકે નિભાવવાનો આ સમય છે.દેશના પ્રત્યેક નાગરિકને તેનું ગૌરવ હોવું જોઈએ ગુજરાતીઓ માટે તારીખ ૭ મે નો દિવસ લોકતંત્રની સેવાનો દિવસ છે ત્યારે અવશ્ય મતદાનના શપથ માં ખરા ઉતરીને દેશ સેવા કરવામાં જરા પણ આરસ ન કરવી જોઈએ



ચેમ્બરના પ્રમુખ વી.પી.વૈષ્ણવની ઉદ્યોગકારોની અવશ્ય મતદાનની અપીલ

અબતક, રાજકોટ

લોકસભાની સામાન્ય ચુંટણી યોજાનાર છે. ત્યારે રાજકોટ જીલ્લા કલેકટર દ્વારા તમામ ઔદ્યોગિક એકમો, દુકાનો, ઓફીસો વિગેરેને સવેતન રજા રાખવા જણાવવામાં આવેલ છે. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી વરિષ્ઠ મહાજન સંસ્થા છે અને કોઈપણ રાજકીય પક્ષનું સમર્થન કરતું નથી અને નિષ્પક્ષ ભાવે કાર્ય કરી રહ્યું છે.

ત્યારે તા. ૭ મેને મંગળવારના રોજ યોજનાર લોકસભાની સામાન્ય ચુંટણીમાં તમામ વેપાર – ઉદ્યોગકારો અને આમ જનતાને સવેતન સ્વૈચ્છીક રજા રાખી લોકશાહીના આ પર્વમાં સામેલ થઈ મતદાન આપણો અધિકાર હોય દેશના ઉજ્જવળ ભવિષ્યમાં આપણું યોગદાન આપીને અવશ્ય મતદાન કરવા તેમજ કરાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ દ્વારા ખાસ અપીલ કરવામાં આવે છે.

સિવિલ હોસ્પિટલના લાભાર્થે પરફેકટ ઓટો સર્વિસ દ્વારા કાલે રકતદાન કેમ્પ

અબતક, રાજકોટ

અત્યારે ઉનાળાના સખત તાપમાં રકતદાન કેમ્પ ઓછા થતાં હોવાથી રાજકોટ સિવીલ હોસ્પિટલમાં તમામ પ્રકારના રકતની સખત અછત રહેતી હોય, પરફેકટ ઓટ સર્વિસ રાજકોટ દ્વારા ૩૭માં મંગલ પ્રવેશ નીમીતે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી કાલે બપોરે ૩ થી સાંજના ૭ વાગ્યા સુધી પરફેકટ ઓટ સર્વિસ ગોંડલ રોડ પ્રેમવતી પાસે વાવડી રાજકોટ ખાતે જરુરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં સુર્યકાંતભાઈ ભાલોડીયા, કેવલભાઈ ભાલોડીયા, પરફેકટ ઓટો પરિવાર, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, ડો. પ્રતિક અમલાણી (યુરો ગોલ્ડ મેડાલીસ્ટ) રાજકોટ સિવીલ હોસ્પિટલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનદ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા નમ્ર અપીલ કરવામાં આવેલ છે.

કોઈના જન્મદિવસ કે સ્મૃતિદિવસ નિમિતે રાજકોટ સિવીલ હોસ્પિટલના લાભાર્થે રકતદાન કેમ્પનું આયોજન કરવા માટે શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી મો. નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ નો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

વાય.સી.સી. અને આર.ડી.એફ.એ. દ્વારા લાલજીભાઈ ચૌહાણ મેમોરિયલ દ્વારા ભાઈઓ માટે ફુટબોલ ટુર્નામેન્ટ

અબતક, રાજકોટ

વાય.સી.સી., રાજકોટ ત્થા આર.ડી.એફ.એ. દ્વારા લાલજીભાઈ ચોહાણ મેમોરિયલ રાજકોટ સિનયર ભાઈઓ લીગ ફૂટબોલ ટુનામેન્ટનું તા. ૧૫-૦૫- થી ૩૦-૦૫-૨૦૨૪ દરમ્યાન રાજકોટ ખાતે મ્યુનીસિપલ ટર્ફ ફુટબોલ ગ્રાઉન્ડ ખાતે રમાશે. પ્રેસીડેન્ટ વાય.સી.સી. રાજકોટ જીવણતિહ બારડ, પ્રેસીડેન્ટ આર.ડી.એફ.એ. ગુણવંતભાઈ ડેલાવાળા, વાઈસ પ્રેસીડેન્ટ આર.ડી.એફ.એ. ડી.વી. મહેતા, મુકેશભાઈ બુંદેલા, બી.કે. જાડેજા ત્થા સેક્રેટરી રોહિત બુન્દેલા માર્ગદર્શન હેઠળ ટુર્નામેન્ટ રમાશે.

આ ટુર્નામેન્ટમાં રાજકોટની નામાંકિત ટીમો ભાગ લઈ રહેલ છે. આ ટુર્નામેન્ટ માટે એન્ટી ફોર્મ ભરવાની છેલ્લી તા. ૯-૫-૨૦૨૪ રાખેલ છે. આ ટુર્નામેન્ટની એન્ટી માટે. રોહિત બુન્દેલા મો.નં. ૯૪૦૩૯ ૦૩૪૯૪, અજય ભટ્ટ મો.નં. ૯૮૭૯૫ ૭૭૯૯૪ અને જયેશ કનોજીયા મો.નં. ૯૪૨૯૨ ૯૯૧૯૦ સંપર્ક કરવો.

આ ટુર્નામેન્ટ ને સફળ બનાવવા માટે વાય.સી.સી. રાજકોટ નાં મેમ્બર્સ તેમજ આર.ડી.એફ.એ. તમામ મેમ્બર્સ જહેમત કરી રહેલ છે.

સૌરાષ્ટ્ર સમર્પણ આશ્રમમાં ૧૧માં પાટોત્સવની ભવ્ય ઉજવણીમાં મેદની ઉમટી

મોટીવેશનલ સ્પીકર મનીષભાઈ વધાસિયાના ગુરૂમહિમા વિશેના પ્રવચને લોકોને કર્યા મંત્રમુગ્ધ

અબતક, રાજકોટ

રાજકોટ નજીક સિંધાવદર ખાતે સૌરાષ્ટ્ર સમર્પણ આશ્રમમાં ૧૧મા મંગલમૂર્તિ સ્થાપના દિવસ એટલે કે પાટોત્સવની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી. હિમાલયના મહર્ષિ પૂ. .શિવ કૃપાનંદ સ્વામીજી પ્રેરિત હિમાલયન ધ્યાન સંસ્કાર દ્વારા દેશ-વિદેશમાં લાખો સાધકો ધ્યાન સાથે જોડાઈને આધ્યત્મિક માર્ગે ચાલી રહ્યા છે. .

તાજેતરમાં સૌરાષ્ટ્ર સમર્પણ આશ્રમ ખાતે ૧૧ મા પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સૌરાષ્ટ્ર ભરના ૧,૦૦૦ થી વધુ સાધકોએ હાજર રહીને આ દિવસને ખાસ બનાવ્યો હતો.

પાટોત્સવમાં કોકિલા બેન કાકડિયા – આશ્રમ વ્યવસ્થાપક, અશ્વિન ભાઈ કોડિયાતર – પશ્ચિમ વિભાગ પ્રબંધક, નિતીન ભાઈ પરમાર-આશ્રમ મેનેજર,ધીમંત ઢેબર કાર્યક્રમ અધ્યક્ષ, સૌરાષ્ટ્ર ઝોન સંકુલ અને સમગ્ર ગુરુતત્ત્વ ટીમે હાજરી આપી હતી.

દીપપ્રાગટ્ય અને સામૂહિક ધ્યાન બાદ સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવી હતી.આ પ્રસંગે જાણીતા મોટીવેશનલ સ્પીકર મનીષભાઈ વધાસિયા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાના પ્રવચનમાં સાધકો વચ્ચે આત્મીય સંબંધ કઈ રીતે વધે અને બધા જ સાધકો એકબીજા સાથે સ્નેહ સંબંધ વડે કઈ રીતે રહી શકે તે વિષય પર આત્મીય સંબોધન કર્યું હતું. તેઓએ ગુરુ મહિમા ગુરુ ભક્તિ વગેરે વિષયને આવરી લઈને અનેક બાબત જણાવી હતી. પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ ઉપસ્થિતિ માં સમગ્ર કાર્યક્રમ ચૈતન્યમય વાતાવરણમાં પૂર્ણ થયો હતો. સૌરાષ્ટ્ર સમર્પણ આશ્રમમાં ૫૦ કિલો વોટ સોલાર પ્રોજેક્ટ માટે દરેક સાધકોએ પોતાનો સંકલ્પ જાહેર કર્યો હતો.

કોટેચા સ્કુલમાં કાલે સાહિત્ય સેતુનો પુસ્તક પરબ

પુસ્તકમાળાના ૩૦મા મણકાનો લાભ લેવા વાચન પ્રેમીઓને આહવાન

અબતક,રાજકોટ

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ – ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ દ્વારા વાંચન જાગૃતિ અભિયાન અંતર્ગત વાંચન પ્રવૃતિને વેગ મળે તેવા શુભાશયથી દર મહિનાના પ્રથમ રવિવારે સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી સાહિત્યપ્રેમી રસિકભાઈ મહેતા પુસ્તક પરબનો પ્રારંભ કરવામાં આવેલ છે, પુસ્તક પરબનો ૩૦ મો મણકો તારીખ ૦૫/૦૫/૨૦૨૪ રવિવારના રોજ સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી શહેરના કાલાવડ રોડ પર નુતનનગર હોલ પાસે આવેલ શ્રી કોટેચા ગર્લ્સ હાઈસ્કુલમાં રસિકભાઈ મહેતા પુસ્તક પરબ યોજાશે. પુસ્તક પરબમાં વાચકો માટે ઐતિહાસિક, ધાર્મિક, વિજ્ઞાન, પ્રવાસ, ચિંતનાત્મક સહિતના પુસ્તકો ખુલ્લા મુકવામાં આવે છે, પુસ્તક પ્રેમીઓ પોતાને મનગમતા પુસ્તકો કોઈ પણ પ્રકારની ડીપોઝીટ, સભ્ય ફી કે લવાજમ ભર્યા વગર ઘરે વાંચવા માટે લઈ જઈ શકે છે સાહિત્યકારો, સાહિત્યપ્રેમીઓ, પુસ્તકપ્રેમીઓ, તેમજ શહેરીજનોને પુસ્તક પરબની મુલાકાતે આવવા અનુરોધ કરાયો છે. પુસ્તક પરબ અંગે વિશેષ માહિતી- પૂછપરછ માટે અનુપમ દોશી ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવાયુ છે.

બ્રહ્મસેના દ્વારા પરશુરામ જયંતિ નિમિતે કાલે રકતદાન કેમ્પ

અબતક, રાજકોટ

બ્રહ્મસેના દ્વારા ભગવાન પરશુરામ જયંતિ અંતર્ગત કાલે ૫-૫-૨૪ ને રવિવારના રોજ રકતદાન કેમ્પ યોજવામાં આવેલ છે. જે રેસકોર્ષ બ્લડ બેંક ખાતે યોજવામાં આવ્યો છે. કાર્યક્રમ અંતર્ગત રકતદાતાને પ્રોત્સાહન કરવા આકર્ષક ગીફ્ટ, સન્માન પત્ર અને ૫ લાખનો વિમો સાથે પ્રોત્સાહીત કરવામાં આવશે.

કેમ્પમા લોકસભા ઉમેદવાર પરસોતમ રૂપાલા, રાજ્ય સાંસદ સભ્ય રામભાઈ મોકરીયા, મેયર નૈયનોબન પેઢડીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ અને ઉદયભાઈ કાનગડ, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ ચેરમેન જૈમીન ઠાકર, ભાજપ શહેર પ્રમુખ, સામાજીક, શૈક્ષણિક આગેવાનો રકતદાન કેમ્પમાં પધારશે અને રકતદાતાઓને પ્રોત્સાહીત કરશે. ડો. પાર્થ પંડયા કાર્યક્રમના માર્ગદર્શન આપશે.

પુષ્ટિ પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો આજે ૫૪૫ પ્રાગ્ટયદિન

શ્રીનાથજીધામ , દરબારગઢ, કૃષ્ણાશ્રમ શ્યામલાલજી સહિતની હવેલી પુષ્ટિ સત્સંગ શિબિર તેમજ સાંજે શોભાયાત્રા

અબતક,રાજકોટ

ચૈત્ર સુદ એકાદશીથી એ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી ના પ્રાકટય ઉત્સવની વધાઈનો પ્રારંભ થાય છે.



આનંદ આજ ભયો હો, ભયો જગતીપર જય જયકાર, શ્રી લક્ષ્મણ ગૃહ પ્રકટ ભયે હે શ્રીવલ્લભ સુકુમાર, ધન્ય ધન્ય માધવ માસ એકાદશી, કૃષ્ણ પક્ષ રવિવાર, ગુણનિયાનક ''શ્રી ગિરિધર'' પ્રકટે લીલા દ્વિજતનધારવિવિધ ધર્મ-સંપ્રદાયોનો સમૂહ એટલે ભારતીય સંસ્કૃતિ. સમયે સમયે ભારતને અનેક અવતારી મહાપુરુષોએ પ્રગટ થઈને પ્રેમ, શાંતી અને ભક્તિનો રાહ ચિંધ્યો છે. એવા જ ભારતના મહાન જ્યોતિધર જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું પ્રાકટય છત્તીસગઢ રાજ્યના રાયપુર નજીક વૃક્ષઘટાથી પરમ શોભાયમાન એવા ચંપારણ્યધામમાં વિ.સ. ૧૫૩૫ ના ચૈત્ર વદ એકાદશીને રવિવારના રોજ થયું હતું. દૈવી જીવોનો ઉદ્ધાર કરવાના ઉદ્દેશ્યથી વૈષ્ણવ સંપ્રદાયનું સ્થાપન કર્યું, જેને 'પુષ્ટિ સંપ્રદાય' કહેવામાં આવે છે.

શ્રી વલ્લભાચાર્યજીએ વિશ્વને સેવા, સમર્પણ અને સ્નેહનો મહાન સંદેશો આપ્યો છે. સાથોસાથ અનેકવિધ ગ્રંથોની રચના કરી, ગ્રંથો દ્વારા માનવ સૃષ્ટિને કૃતાર્થતાનો સર્વોત્તમ રાહ પણ બતાવ્યો છે.

શ્રી વલ્લભચરિત્રના અંશે અંશમાં, હૃદયમાં, ચિત્તમાં, ભાવોમાં, વાણીમાં, વ્યવહારમાં, આચરણમાં, ઉપદેશમાં, અંગેઅંગની દિવ્ય ક્રિયાઓમાં સેવાના જ ખળખળ વહેતા પ્રવાહના દર્શન થાય છે. સેવા એ આધ્યાત્મિકતાને અનુસરનારા જીવોનું જીવન છે, ધર્મની મધમધતી પુષ્પવાટિકા છે. એટલું જ નહિ પણ સેવા જ ધર્મની ભવ્ય ઈમારતના પાયાની મુખ્ય આધારશીલા છે. એની એક એક ઈંટમાં સેવાનો ધબકાર છે. ભગવત્સેવા સાથે સાથે જીવમાત્રની સેવા એ જ ધર્મનું પગથિયું છે. વૃક્ષમાં વેણુધરનો વાસ છે અને ગૌમાતામાં પ્રભુ બીરાજે છે. માટે બન્નેની સેવા તથા રક્ષા કરવાનો ઉપદેશ જગતને આપ્યો છે.

હિંદુ ધમમાં ગુરુનું સ્થાન અને મહિમા અનન્ય છે. ગુરૂને ગોવિંદ કરતા પણ મોટા માનવામાં આવે છે કારણ કે ગુરૂની કૃપા વિના નથી જ્ઞાન મળતું કે નથી ગોવિંદ મળતા. શ્રી ઠાકોરજી મહાપ્રભુજીને સંપૂર્ણ વશ છે. તેથી વૈષ્ણવોને મન શ્રી વલ્લભાચાર્યજી પ્રભુના પણ પ્રભુ છે. શ્રી વલ્લાભની કૃપા વિના શ્રી ઠાકોરજી મળે નહિ માટે આપના સેવકો આપને પ્રભુ ના યે પ્રભુ એટલે મહાપ્રભુ કહે છે.

પ્રિતી પૂર્વક ભગવદ્ સેવા સાથે સાથે જીવ માત્રની સેવામાં શરીર, મન, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ તેમજ ધન વૈભવનો સમર્પણ પૂર્વક વિનિયોગ કરવો. 'આ છે વલ્લભનો મુખ્ય સિધ્ધાંત અને દિવ્ય સંદેશ.

વલભાચાર્ય જયંતીની ઉજવણીના ભાગરૂપે શ્રીનાથજી હવેલી દરબારગઢ હવેલી કૃષ્ણ આશ્રમ હવેલી શ્યામલાલજીની હવેલી અને પંચના થવીને સહિત અન્ય હવેલીઓમાં વિવિધ અનુસ્ઠાનો ના કાર્યક્રમોનું આયોજન થયું છે તેમજ પુષ્ટિ સત્સંગ શિબિર અને સાંજે શોભા યાત્રા નું આયોજન કરવામાં આવ્યું કે જેમાં મહાપ્રભુજીના ચિત્રજીને બગી પધરાવી વૈષ્ણવાચાર્યના સાનિધ્યમાં કીર્તન મંડળી અને વિશાળ વૈષ્ણવ સમુદાય જોડાશે. જ્યારે આ શોભા યાત્રામાં શ્રીકૃષ્ણ ધામ જીવરાજ પારકામજીકા ટાઉનશિપથી શરૂ થઈને કસ્તુરી સ્પીડવેલ ચોકથી પસાર થઈ સાંજે ૭:૩૦ એ પુષ્ટિ સત્સંગ સ્થળે ધર્મસભાના રૂપોમાં પરિવર્તિત થશે ત્યારબાદ રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે અને મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું છે

ક્રિષ્ના સ્કુલના વાર્ષિકોત્સવ અતુલ્ય ભારત રંગતરંગમાં વિદ્યાર્થીઓએ આપ્યું શાનદાર પરફોર્મન્સ

૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભારતના તહેવારોની અભુતપૂર્વક રજુઆત કરી

અબતક, રાજકોટ

ક્રિષ્ના સ્કૂલ દ્વારા અતુલ્ય ભારત રંગતરંગ ૨૦૨૪ ની ઉજવણી તા. ૩૦-૪-૨૪ ને મંગળવારનાં રોજ રાત્રે ૮ કલાકે હેમુ ગઢવી હોલ ખાતે કરવામાં આવેલ હતી. તેમાં સ્કૂલના ૫૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. વિદ્યાર્થીઓની સાથે વાલીઓએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પ્રેપ સેકશનના વિદ્યાર્થીઓની મમ્મીઓ દ્વારા હાલરડા અને કવિ દલપતરામ રચિત સૂતો હું પારણેપુત્ર ગીત પર માતૃપ્રેમ પરનો મહિમા રજૂ કર્યો હતો.

રંગતરંગ ૨૦૨૪ ની મુળ થીમ અતુલ્ય ભારત દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારત દેશની સંસ્કૃતિને ઉજાગર કરતી વિવિધ બાબતો દર્શાવવામાં આવી હતી. ભારતદેશમાં વિવિધ જાતિના લોકો વિવિધ જાતિની સંસ્કૃતિ વિવિધ ધર્મને માનનારા લોકો સંગઠિત બનીને રહે છે. આપણા દેશમાં મહત્વના આઠ તહેવારોની (ગણેશ ચર્તુથી, હોળી, લોહરી, શિવરાત્રિ, જન્માષ્ટમી, દુર્ગાપુજા, ઉતરાયણ અને દીવાળી) શાળાના ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ અભૂતપુર્વ રજૂઆત કરી હતી.

લોકશાહીનું મહાપર્વ નજીક આવી રહયું છે ત્યારે ક્રિષ્ના સ્કૂલ્સનાં બાળકો દ્વારા મતદાન જાગૃતિ માટે એક સુંદર ગીત તૈયાર કર્યુ હતુ, તેમાં લોકોને અવશ્ય મતદાન કરવું તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો હતો. સશક્ત રાષ્ટ્ર નિર્માણ માટે અવશ્ય મતદાન કરવું. મતદાનના દિવસે ચાલો સાથે મળીને મત આપવાનો સંકલ્પ લઈએ અને ચૂંટણી સમયે મત આપીને ભારતના નાગરિક તરીકેની આપણી ફરજ પૂરી કરીએ.

સંપૂર્ણ વિશ્વને આદર્શ માનવ થવા મર્યાદા પૂર્ણ જીવન જીવવાની કળા રામાયણ શીખવે છે. મર્યાદા પુરુષોતમ ભગવાન શ્રીરામના જીવન દર્શનને સંક્ષિપ્ત નાટક દ્વારા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છમાં નંબર વન સ્કેટિંગ રિંગ ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલમાં છે, જે વિદ્યાર્થીઓ સ્કેટિંગ ડાન્સ દ્વારા પોતાની કળા રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ વીરાંગના તેજમલ ઠાકોર દાદાને યુદ્ધના સમયમાં મદદ કરવા માટે કઈ રીતે આશ્વાસન આપે છે. તે શાળાના વિદ્યાર્થીઓ પોતાની કૃતિ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

ભારતના મહાનગરોમાં ટ્રાફિક એક વિકટ સમસ્યા બની ગઈ છે. તેના નિવારણ માટે સરકાર દ્વારા તથા આર.ટી.ઓ દ્વારા ઘણા નિયમો અમલમાં મૂક્યા છે. લોકોમાં ટ્રાફિક પ્રત્યેની જાગૃતિ કેળવાય અને લોકો જાગૃત બને તે માટે એક ડ્રામા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. આ ડ્રામા દ્વારા વિદ્યાર્થીઓ દ્વારા ટ્રાફિકનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતુ. ત્યાર બાદ સોશિયલ મીડિયા જાગૃતિ કૃતિ દ્વારા આભાશી દુનિયામાંથી વાસ્તવિક જીવનને માણવું અને આપણી શેરી રમતોનો આનંદ માણવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાયક્રમના અંતિમ ચરણમાં તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા પર શાળાના વિદ્યાર્થીઓ કોમેડી ગીત રજૂ કરી લોકોને હાસ્ય સાથે મનોરંજન પૂરુ પાડવામાં આવ્યુ હતું.

અમદાવાદમાં સમસ્ત મહાજનનો રવિવારે ઉજવાશે વાર્ષિક મહોત્સવ

અબતક,રાજકોટ

સમસ્ત મહાજન વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, પ્રાણીઓની સુખાકારી માટે પ્રયત્નશીલ રહે છે.૧૯૯૬ ના દાયકાના અંતમાં, ચમત્કાર જેવી ઘટનાએ ગિરીશભાઈનાં જીવનનો માર્ગ બદલી નાખ્યો. તેમને જીવદયાનાં કર્યો કરવાની સલાહ મળી. સમસ્ત મહાજને ઓગસ્ટ, ૨૦૦૨માં કામ કરવાનું શરૂ કર્યું હતું. સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી ડો. ગિરીશભાઈ શાહે એક સૂત્ર સાથે આગળ વધવાનું શરૂ કર્યું. ''સેવા અને રક્ષણ કરો''. ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. વર્તમાન સમયમાં ડો. ગિરીશભાઈ શાહ જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ડો. ગિરીશભાઈ શાહના નોંધપાત્ર યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

સમસ્ત મહાજન મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્કયુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતના અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય તરીકે પણ પોતાની સેવા આપી રહ્યા છે. આજે સમસ્ત મહાજનની સેવાભાવી પ્રવૃતિઓ આ વિશ્વને સુંદર બનાવવામાં તેનું યોગદાન આપી રહી છે.સમસ્ત મહાજન દ્વારા મુંબઈ બાદ હવે અમદાવાદ ખાતે વાર્ષિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ ૫ મે, રવિવારનાં રોજ સાંજે ૫:૩૦ કલાકે, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી, અમદાવાદ ખાતે રાખવામાં આવ્યો છે. સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ, દેવેન્દ્રભાઈ જૈન, અશોકભાઈ શાહ, પરેશભાઈ શાહ, નુતનબેન દેસાઈ, ગિરીશભાઈ સત્રા, મિત્તલ ખેતાણી સહિતનાઓની ટીમ દ્વારા પાઠવાયું છે.

ઈન્ડીયન ઓઈલ ભવનમા સ્ટાફને અપાઈ ફાયર સેફટીની તાલીમ

અબતક,રાજકોટ

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા ઈન્ડીયન ઓઈલ ભવન, ખાતે ફાયર સેફટીની મોકડ્રીલનું આયોજન કરવામા આવ્યું હતુ.

આ મોકડ્રીલ દ્વારા બિલ્ડીંગમાં લગાવવામાં આવેલ ફાયર સીસ્ટમ અને ફાયર સેફટીના સાધનોને આગ લાગે ત્યારે કઈ રીતે ઉપયોગ કરવો, શું કરવું અને શું ન કરવું જોઈએ તેમજ આગ બુઝાવવા માટેની ફાયર સીસ્ટમ અને સાધનો તથા ફાયર એક્ષ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો, જાળવણી અને કઈ રીતે પોતાનો તથા અન્યનો બચાવ કરવો તે અંગે ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના ચીફ ફાયર ઓફીસર આઈ. વી. ખેર, ડે.ચીફ ફાયર બી.જે.ઠેબા, સ્ટેશન ઓફિસર એ.એસ.બારીયા, ફાયરમેન સહિતના સ્ટાફ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

બાલાજી હનુમાનજીને સુર્યમુખીના પુષ્પોના મનમોહક શણગાર

અબતક, રાજકોટ

શ્રી બાલાજી હનુમાનજી મંદિર રાજકોટ મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજને આજના શનિવારના પવિત્ર દિવસે સનફલાવર , ઝરબરા અને ગુલાબના ફૂલોના દિવ્ય શણગાર કરવામાં આવ્યો છે.

ઈરછાઓ સઘળી ફળે જેને બાલાજીની કૃપા મળે રાજકોટ વાસીઓની શ્રદ્ધા અને અતૂટ વિશ્વાસનું પ્રતિક એટલે મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજ જ્યાં માથું મુકોને દુઃખ દૂર થાય એ દાદાના સાનિધ્યમાં આજના શનિવારના પવિત્ર દિવસે શ્રી લક્ષ્મીનારાયણ દેવ ટેમ્પલ બોર્ડ વડતાલ ધામ દ્વિ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે દાદાને સનફલાવર , ઝરબરા અને ગ

હિંગળાજ નગરમાં મોબાઈલ ટાવર એજન્સીએ પાઈપલાઈન તોડતા પાણીની રેલમછેલ

ખોદકામ દરમિયાન ઈન્ડુસ મોબાઈલ ટાવર કંપનીએ ૩૦૦ એમએમની ડિસ્ટ્રીબ્યૂશન લાઈનમાં ભંગાણ સર્જી દેતા પાણીની નદી વહીઃ ત્રિશા બંગલો સોસાયટીમાં વિતરણ ખોરવાયું



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

અબતક, રાજકોટ

શહેરના અમિન માર્ગ અને કાલાવડ રોડની વચ્ચેથી પસાર થતા સૌરાષ્ટ્ર હાઈસ્કૂલવાળા રોડ પર હિંગળાજ નગર વિસ્તારમાં આજે સવારે મોબાઈલ ટાવર એજન્સીએ પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જતા સમગ્ર વિસ્તારમાં પાણીની રેલમછેલ થઈ જવા પામી હતી. ભર ઉનાળામાં રોડ પર પાણીની નદી વહેતા હક્કારો લીટર પાણીનો વેડફાટ થઈ ગયો હતો. વોર્ડ નં.૮માં ત્રિશા બંગલો સોસાયટી વિસ્તારમાં વિતરણ ખોરવાયું જવા પામ્યું હતું.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ આજે સવારે શહેરના વોર્ડ નં.૮માં સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ પાસે હિંગળાજ નગરમાં ઈન્ડુસ ટાવર એજન્સી દ્વારા ટાવર ઉભો કરવા માટે ખોદકામ કરવામાં આવી રહ્યું હતું.

તે દરમિયાન અચાનક પાણી વિતરણ માટેની ૩૦૦ એમએમની ડિસ્ટ્રીબ્યૂશન લાઈનમાં ભંગાણ પાડ્યું હતું. જેના કારણે છેક કાલાવડ રોડ પર કોટેચા ચોક અને અમિન માર્ગ પર પાણી પહોંચ્યા હતા. જે રિતે ચોમાસાની સિઝનમાં વરસાદ દરમિયાન રોડ પર પાણી પસાર થતા હોય તે રિતે પાણીની નદીઓ વહેવા લાગી હતી. મોટાભાગના વિસ્તારમાં વિતરણ પુરૂં થઈ ગયા બાદ પાઈપલાઈનમાં ભંગાણ પડ્યું હોવાના કારણે વિતરણ વ્યવસ્થા પર બહું અસર પડી ન હતી. પરંતુ વોર્ડ નં.૮માં ત્રિશા બંગલોમાં તાત્કાલીક અસરથી વિતરણ બંધ કરી દેવામાં આવ્યું હતું.

તાત્કાલીક ધોરણે પાઈપલાઈન રિપેરીંગની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી હતી.

ખોદકામ કરતી વેળાએ મોબાઈલ કંપની, ગેસ એજન્સી, પીજીવીસીએલ સહિતની એજન્સીઓ કોર્પોરેશન સાથે સંકલન રાખતી ન હોવાના કારણે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ પડવાની સમસ્યાનો સામનો ક્યારેય નિવેડો આવતો નથી. મહામૂલા પાણીનો વેડફાટ થાય છે અને લોકોએ પાણી વિના રહેવું પડે છે.

ટાગોર રોડ પર વૃક્ષો કાંપનાર બિલ્ડરને નોટિસ અપાશે

ટીબીસી બિલ્ડરના અનુજ ચપલાએ ૬ વૃક્ષો કાંપવાની મંજૂરી લઈ અન્ય વૃક્ષોની ડાળીઓ કાંપી નાખતા કોર્પોરેશન અને પોલીસની ટીમો દોડી ગઈ

તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

અબતક, રાજકોટ

શહેરના ટાગોર રોડ પર ટીબીસી બિલ્ડરના માલિક અનુજ ચપલાએ આજે મંજૂરી વિના વૃક્ષોની ડાળીઓ કાંપવાનું શરૂ કરતા ફરિયાદ મળતા કોર્પોરેશન અને પોલીસની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. હવે બિલ્ડરને નોટિસ આપી આધાર-પૂરાવા સાથે જવાબ માંગવામાં આવશે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ ટાગોર રોડ પર ગોડાઉન રોડ પાસે એક ખૂલ્લા પ્લોટમાં બાંધકામ કરવા માટે ટીબીસી બિલ્ડરના માલિક અનુજ ચપલાએ કોર્પોરેશન પાસે ૬ વૃક્ષો કાંપવાની મંજૂરી માંગી હતી. કોર્પોરેશન દ્વારા નવા વૃક્ષો ઉછેરવાની શરત સાથે જરૂરી ફી વસૂલી ૬ વૃક્ષો કાંપવાની મંજૂરી આપી હતી. દરમિયાન બિલ્ડર દ્વારા મંજૂરી વિનાના અન્ય વૃક્ષોની ડાળીઓ કાંપવાનું શરૂ કરવામાં આવ્યું હોવાની ફરિયાદ પર્યાવરણપ્રેમીઓ દ્વારા કરવામાં આવતા કોર્પોરેશન અને પોલીસ વિભાગનો સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો. તપાસ કરતા એવું માલૂમ પડ્યું હતું કે પીજીવીસીએલને આ વૃક્ષોની ડાળીઓ નડતરરૂપ હોવાના કારણે તેને કાંપવામાં આવી હતી. હવે કોર્પોરેશન દ્વારા નોટિસ ફટકારીને આધાર-પૂરાવા સાથે ખૂલ્લાસો પૂછવામાં આવશે.

બિલ્ડરો દ્વારા શહેરમાં આડેધડ વૃક્ષોનું કતલ કરવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં કોર્પોરેશનની મંજૂરી પણ લેવામાં આવતી નથી. જો કે, તંત્ર દ્વારા આકરા પગલાં લેવામાં આવતા ન હોવાના કારણે વૃક્ષોનું કતલ કરનારાઓ બેફામ બની ગયા છે.

કોર્પોરેશન દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી દંડ વસુલ કરાયો

૨૨ વેપારીઓ પાસેથી ૮ કિલોગ્રામ પ્લાસ્ટિક જપ્ત રૂ. ૫૮૫૦નો દંડ

અબતક,રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૦૩/૦૫/૨૦૨૪ના રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૦૩/૦૫/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૯૮ આસામીઓ પાસેથી ૬.૨૩ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૭૯૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના યાજ્ઞિક રોડ, જંક્શન રોડ, ચંદ્રેશનગર રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૨ આસામીઓ પાસેથી ૧.૯૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૩૫૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના કાલાવડ રોડ, ૧૫૦ ફિટ રીંગ રોડ, યુનિવર્સીટી રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૪ આસામીઓ પાસેથી ૩.૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૬૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના પેડક રોડ, સંતકબીર રોડ, ભાવનગર રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૦.૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

મતદાનના દિવસે દિવ્યાંગ મતદારો સિટી બસ - બીઆરટીએસમાં કરી શકશે મફત મુસાફરી

અબતક, રાજકોટ

લોકસભા મતદાનના દિવસે શહેરી વિસ્તારમાં લાયકાત ધરાવતા દિવ્યાંગ મતદારો અને વરિષ્ઠ મતદારોને મતદાન કરવા હેતુ પૂરતું મતદાન મથકથી રૂટ પરના નજીકના બસ સ્ટોપ સુધી નિઃશુલ્ક મુસાફરી પૂરી પાડવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકાની આ ફ્રી (નિઃશુલ્ક) પરિવહન સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

રાજકોટ શહેરના લોકોને શહેરી પરિવહન સેવા પુરી પાડવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સિટી બસ સેવા તથા બી.આર.ટી.એસ. બસ સેવા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનું સંચાલન રાજકોટ મહાનગરપાલિકાની કંપની રાજકોટ રાજપથ લી (એસપીવી) દ્વારા કરવામાં આવી રહેલ છે. જે સબબ સિટી બસ તથા બી.આર.ટી.એસ. બસ દ્વારા પરિવહન સેવા પુરી પાડવામાં આવી રહેલ છે. બન્ને બસ સેવાનો હોલ પ્રતિદિન સરેરાશ આશરે ૫૮ થી ૬૦ હજાર જેટલા નાગરીકો દ્વારા લાભ લેવામાં આવી રહેલ છે.

‘ગાંવવાલો કૂદ જાઉંગા, મર જાઉંગા...’

માનસિક અસ્થિર શ્રમિક આપઘાત કરવા સિવિલ હોસ્પિટલના ચોથા માળે ચડી જતાં તંત્ર દોડતું થયું

ટ્રોમા સેન્ટરથી કૂદકો મારવા ગયેલા યુવકને બચાવવા જતાં પોલીસકર્મીઓ પણ ઘવાયા

અબતક, રાજકોટ

રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ગત રાત્રે શોલે ફિલ્મ જેવા દ્રશ્યો સર્જાયા હતા. જ્યાં એક માનસિક અસ્થિર શ્રમિક યુવાન આપઘાત કરવા ટ્રોમાં સેન્ટરના ચોથા માળે ચડી જતાં તંત્ર આખુ દોડતું થયું હતું. શ્રમિક યુવાનને બચાવવા જતાં અમુક પોલીસકર્મીઓ પણ ઘવાયા હતા. અંતે પોલીસ અને ફાયર બ્રિગેડ સાથે મળીને યુવકનું રેસ્ક્યુ કર્યું હતું.

શહેરની સીવીલ હોસ્પિટલમાં ટ્રોમાં સેન્ટરમાં ગત દિવસે માનસિક અસ્થિર યુવક ચોથા માળેથી આપઘાતના કરવા ચડતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા.યુવકને બારીથી કૂદકો મારવા ચડેલો જોઈ સિવિલ હોસ્પિટલે લોકોના ટોળા એકઠા થયા હતા.બનાવની જાણ થતા ફાયર બ્રીગેડનાં સ્ટાફ ઉપરાંત પોલીસ સહિતનાં સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને દર્દીને બચાવી લેવા કામગીરી કરી યુવકને સલામત રીતે બચાવી લેવાયો છે.જે કામગીરીમાં માનસીક અસ્થિર યુવકે પોલીસ સાથે ઝપાઝપી કરતા પોલીસ કર્મી પણ ઘવાયાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ,શહેરના સિવિલ હોસ્પિટલમાં ટ્રોમાં સેન્ટરમાં ચોથા માળે બારીના ભાગે ગત રાત્રે એક યુવક આપઘાત કરવા માટે ચડતા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા.યુવકને સલામત બચાવી લેવા માટે લોકો એકઠા થઈ સમજાવટ કરી હતી.બનાવની જાણ પોલીસ અને ફાયર સ્ટેશન થતા ફાયર બ્રિગેડનો કાફલો સિવિલ હોસ્પિટલ ખાતે જરૂરી સાધન સાથે પહોંચી ગયો હતો જ્યાં ટ્રોમા સેન્ટરના ચોથા માળે દાખલ મૂળ એમ.પી ના અને નાની ધાકમ ખાતે રહેતા રઘુ મોનાભાઈ નામ હોવાનું અને પગની સારવાર અર્થે દાખલ હોવાનું જાણવા મળ્યું હતું.યુવક ગત રાત્રે ચોથા માળે બારીમાંથી બહારના ભાગે પહોંચી જઈ આપઘાત કરવાની તૈયારીમાં નજરે પડતા હાજર લોકોએ તત્કાળ ફાયરબ્રીગેડને જાણ કરી હતી.

યુવાન ચોથા માળે બહારની સાઈડ બારી પાસેથી પડી જાય તેવી શક્યતા હોવાથી પોલીસ ઉપરાંત ફાયર બ્રીગેડનાં સ્ટાફે તેને બચાવવા પ્રયત્નો શરૂ કર્યા હતાં.યુવકને બચાવવા માટે ફાયબ્રિગેડના કિલનર ભગવાનજી ભાઈ ઝીંઝુવાડીયાનેપાંચમા માળેથી અગાશી મારફતે રસાથી ઉતારવામાં આવ્યા હતા. આ કામગીરીમાં યુવકને બચાવવા મથતા પોલીસ અધિકારીઓને યુવક સાથે ઝપાઝપી થઈ હતી.

જેમાં ત્રણ પોલીસ કર્મી ઈજાગ્રસ્ત થયાનું જાણવા મળ્યું છે. ફાયર સ્ટાફ અને પોલીસ સ્ટાફની એકાદ કલાકની જહેમત બાદ યુવકને બચાવી લીધો હતો. બનાવના પગલે સિવિલ હોસ્પિટલમાં લોકોના ટોળા ઉમટી પડયા હતા.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.

રજી. અને હેડ ઓફિસ : ‘અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય’, ૧૫૦’ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૫૫૫

પ્રતિકાત્મક (Symbolic) કબજા નોટીસ (સ્થાવર મિલ્કત માટે)

અમો અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ આ જાહેર નોટીસ ધ્વારા જણાવીએ છીએ કે નીચે દર્શાવેલ લોન ખાતેદારે તેમના નામ સામે દર્શાવેલ અમારી શાખા માંથી લોન લીધેલ છે. આ લોનની વિગત તેમના નામ સામે નીચે મુજબ દર્શાવેલ છે આ લોન ખાતેદારે લોનના હપ્તા નિયમિત રીતે ભરપાઈ ન કરતાં તેઓનું ખાતુ એન. પી. એ. થતાં તેઓને તેમજ તેમના જામીનોને ' ધી સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસ ઈસ્યુ કરીને ૬૦ દિવસની મુદતમાં તેઓએ લીધેલ લોનની રકમ ચડત વ્યાજ વિગેરે સહિત ભરપાઈ કરી જવા જણાવેલ પરંતુ બોરોઅર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ નયેલ હોવાથી અમોએ ઉપરોકત કાયદાની કલમ ૧૩(૪) અન્વયે તથા સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના **રૂલ-૮(૧)** સાથે વંચાણે લેતા મળેલ અધિકારની રૂએ તેમની મિલ્કત કે જેનું વર્ણન નીચે દર્શાવેલ છે તેનો નીચેની તારીખે **પ્રતિકાત્મક (Symbolic)** કબ્જો લીધેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. ઉપરાંત આ કરજદારો, તેમના જામીનો તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતો સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહિં, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ને નીચે મુજબની લેણી રકમ તથા તે ઉપર **તા.૦૧/૦૪/૨૦૨૪** થી ચડતા વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે.

ક્રમ નં.	શાખાનું નામ તથા ખાતા નંબર	ખાતેદાર/જામીન/ડીરેકટર/ભાગીદારોના નામ તથા જો જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ હોય તો કંઈ તારીખે અને ક્યાં અખબારમાં આપેલ છે તેની વિગત	૧૩(૨) ની નોટીસ મુજબ બેંકની લેણી રકમ તથા નોટીસ તારીખ	પ્રતિકાત્મક (Symbolic) કબ્જા તારીખ	તા. ૩૧/૦૩/૨૦૨૪ ના રોજ બાકી રકમ	તારણમાં આપેલ મિલ્કતોનું ટુંકુ વર્ણન
૧	સુરેન્દ્રનગર ૦૫૦૦૦૭૬૭૨૦૦૧૫૬૨ (SEC/4541)	**ખાતેદાર :** (૧) વાઘેલા વિક્રમભાઈ અરવિંદભાઈ **જામીન :** (૧) વાઘેલા જીતુબેન અરવિંદભાઈ (૨) પરમાર દેવશીભાઈ ડાયાભાઈ **આજકાલ તથા ઈન્ડીયન એકસપ્રેસ 16/12/2023**	રૂા.૩,૦૦,૭૮૬=૦૦ (તા.૩૧/૧૦/૨૦૨૩ મુજબ) **૧૩(૨) નોટીસ તારીખ** ૨૧/૧૧/૨૦૨૩	૨૯/૦૪/૨૦૨૪	રૂા. ૩,૦૦,૫૫૩=૦૦	(૧) ગુજરાત રાજયના, સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ગામ વઢવાણ મધ્યે સુધરાઈ હદમાં વઢવાણ રેવન્યુ સર્વે નં. ૧૭૯૨ તથા ૧૭૯૮ વાળી જમીન જે વઢવાણ સીટી સર્વે વોર્ડ નં. ૩, સટી સર્વે નં. ૧૦૦ પૈકીની જગ્યા ચો.વા. ૫૬-૯૦ એટલે ચો.મી. ૪૭-૬૫ ના આશરે માપ (જેમાં બાંધકામ ચો.મી. ૨૫-૦૦, બાંધકામ વર્ષ : ૧૯૮૭) જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુંક્રમ નં. ૬૪૦ તા.૨૯/૨/૨૦૦૮ થી વાઘેલા જીતુબેન અરવિંદભાઈના નામે છે તે મિલ્કત. (૨) ભાકીદારનો માલ સ્ટોક, મશીનરી, ફર્નીચર, ફિકસચર્સ વગેરે.
૨	સુરેન્દ્રનગર ૦૫૦૦૧૪૧૧૩૦૦૦૬૩૧ (SEC/4571)	**ખાતેદાર :** (૧) શેઠ પુનિતાબેન સુરેશભાઈ **જામીન :** (૧) શેઠ અભિષેક સુરેશભાઈ (૨) સોલંકી ધનરાજભાઈ કીર્શીકભાઈ (૩) શેઠ કુલદીપ સુરેશભાઈ	રૂા.૧૩,૦૮,૨૫૮=૦૦ (તા.૩૦/૧૧/૨૦૨૩ મુજબ) ૧૩(૨) નોટીસ તારીખ ૧૯/૧૨/૨૦૨૩	૨૯/૦૪/૨૦૨૪	રૂા. ૧૩,૪૭,૧૬૫=૦૦	(૧) ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના ગામ સુરેન્દ્રનગર મધ્યે સુધરાઈ હદમાં નવા ફાટક બહાર દીગંબર જૈન મંદિર પાસે આવેલ પરીવાર એપાર્ટમેન્ટમાં આવેલ મિલ્કત જે સુરેન્દ્રનગર સીટી સર્વે વોર્ડ નં. ૨ ના સીટી સર્વે નં. ૫૩૫૦/ખ/૧૫ પૈકી પ્લોટ નં. ૧૮ થી ૨૨ પૈકી જમીન ચો.મી. ૫૬૦૧.૩૭ છે જેના ઉપર બનાવવામાં આવેલ છે તે પરીવાર એપાર્ટમેન્ટમાં છઠ્ઠા માળ પર આવેલ ફલેટ નં. ૭૦૫, જેના ચો.મી. ૧૩૩.૭૯ એટલે ચો.વાર ૧૫૯.૯૬ ના આશરે માપની જગ્યા ઉપર આવેલ રહેણાંકની જગ્યા જે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુંક્રમ નં. ૧૩૧૩ તા.૧૬/૦૩/૨૦૧૯ થી પુનિતાબેન સુરેશભાઈ શેઠ ના નામે છે તે મિલ્કત.

તા. ૦૩-૦૫-૨૦૨૪, રાજકોટ

અધિકૃત અધિકારી, રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ., હેડ ઓફીસ, રિકવરી વિભાગ, રાજકોટ.

(ત્રીજા પાનાનું ચાલું)

ક્ષત્રિયો...

છે. હવે ક્ષત્રિયોનો વટ ભાજપની વોટબેંકમાં કેટલું ગાબડું પડે છે. તેના પર તમામ રાજકીય પંડિતોની મીટ મંડાયેલી છે. વિવાદનું કેન્દ્રસ્થાન ભલે રાજકોટ લોકસભા બેઠક રહી હોય પરંતુ હવે આ આગ રાજ્યની ૬ થી ૭ બેઠકો પર લબકારા મારી રહી છે. જામનગર અને સુરેન્દ્રનગર બેઠક પર સૌથી વધુ અસર વર્તાઈ રહી છે.

ગઈકાલે જામનગરના ખીજડીયા ખાતે હાલારના ક્ષત્રિય સમાજનું એક અસ્મિતા મહાસંમેલન યોજાયું હતું. જેમાં રાજ્યભરમાંથી ક્ષત્રિયો ઉમટી પડ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જામનગર જાહેરસભામાં જેટલી મેદની જોવા મળી ન હતી. તેના વધુ મેદની ક્ષત્રિય સમાજના સંમેલનમાં દેખાતી હતી. આ વાત પરથી પ્રસ્થાપિત થાય છે કે ક્ષત્રિયોએ હવે એક મન બનાવી લીધું છે કે કોઈપણ કાળે ભાજપને મત આપશે નહિં. બીજી તરફ ભાજપ દ્વારા પણ મનામણાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે પરંતુ તમામમાં ભાજપ સરેઆમ નિષ્ફળ નિવડી રહ્યું છે. ક્ષત્રિયોના રોષની અસર માત્ર સૌરાષ્ટ્ર પુરતી રહી નથી. રાજ્યની તમામ બેઠકો પર જોવા મળી રહી છે. જેના કારણે ભાજપના ચાણક્ય ગણાતા અમિત શાહે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસ સુધી રાજ્યમાં ચૂંટણી પ્રચાર કરવાની ફરજ પડી રહી છે. હાલ ભાજપ સામે સૌરાષ્ટ્રની ત્રણ સહિત રાજ્યની સાતેક બેઠકો પર પડકાર જોવા મળી રહ્યો છે. તમામ ૨૬ બેઠકો પાંચ લાખ કે તેથી વધુ લીડ સાથે જીતવાની વાત એકબાજુ મૂકી દેવામાં આવી છે. હવે જીત કેમ મળે તેના પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરી દેવામાં આવ્યું છે. પ્રથમ બે તબક્કામાં મતદાનની ઓછી ટકાવારીએ આમ પણ ભાજપનું ટેન્શન વધારી દીધું છે. હવે મંગળવારનો દિવસ ભાજપ માટે ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. જો ક્ષત્રિય સમાજ વટને પકડી વોટ કરશે તો ભાજપની મુસિબત વધશે.

બગડેલા બોલ...

કુતરૂં કે બિલાડું પણ ડરતું નથી. જીતુ વાઘાણીએ વિશ્વના દેશો ભારતમાં બબુચક સરકાર બેસાડવા માંગે છે. તેવું જાહેરસભામાં કહ્યું હતું. છોટા ઉદેપુરમાં ભાજપની બેઠકમાં જશુ રાઠવાએ અપશબ્દો ઉચ્ચાર્યા હતા. જ્યારે વડોદરામાં જાહેર સભામાં મધુ શ્રીવાસ્તવે એવું કહ્યું હતું કે કાર્યકર્તાઓનો કોલર પકડે તો ફાયરીંગ ન કરૂં તો મારૂં નામ મધુ શ્રીવાસ્તવ નહિં. જ્યારે તેને જવાબ આપતા ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ પડકાર ફેંક્યો હતો કે જો તાકાત હોય તો ક્ષત્રિયો સામે ફાયરીંગ કરો. જ્યારે તાજેતરમાં ભાવનગર બેઠકના આપના ઉમેદવાર ઉમેશ મકવાણાએ રાજા-મહારાજાઓ અફીણના નશામાં પડ્યા હતા. તેવું નિવદેન આપ્યું હતું. નેતાના બોલથી લોકશાહી શર્મસાર થઈ જાય તેવું લાગી રહ્યું છે.

આયાત-નિકાસ...

બાબતોના પ્રાઈસ મોનિટરિંગ વિભાગના જણાવ્યા અનુસાર, એક મહિના પહેલા રિટેલ માર્કેટમાં ડુંગળીની સરેરાશ કિંમત ૨૭ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે ૩૧ રૂપિયાની આસપાસ છે.

આ પહેલા સરકારે ડુંગળીની નિકાસ ઉપર પ્રતિબંધ લાદવાનો નિર્ણય લીધો હતો પરંતુ તે નિર્ણયના વિરોધમાં ખેડૂતોએ માંગ ઉચ્ચારી હતી કે ડુંગળીનું વેચાણ થવું જોઈએ જેના પરિણામ સ્વરૂપે નિર્ધારિત માત્રામાં ડુંગળીની નિકાસ કરવા માટેની છૂટ સરકાર દ્વારા આપવામાં આવી હતી અને તેના માટે ત્રણ બંદરો પણ નથી કરવામાં આવ્યા હતા. સફેદ ડુંગળીની ૨,૦૦૦ મેટ્રિક ટનથી વધુની નિકાસને તાત્કાલિક અસરથી નિર્દિષ્ટ બંદરો દ્વારા મંજૂરી આપવામાં આવતી નથી,'' તે જણાવ્યું હતું. મુન્દ્રા પોર્ટ, પીપાવાવ પોર્ટ અને ન્હાવા શેવા પોર્ટ પરથી નિકાસની પરવાનગી છે.

અપ્રાકૃતિક સંબંધ...

ઑફ ઈન્ડિયા (૨૦૧૭)ના નિર્ણયમાં સગીર પત્ની સાથે શારીરિક સંબંધને કાયદા હેઠળ લાવવા માટે કલમ ૩૭૫ના અપવાદ ૨માં ઉંમર ઘટાડીને ૧૮ વર્ષની જગ્યાએ ૧૫ કરી હતી.

મામલાની જો વાત કરવામાં આવે તો પત્નીએ તેના પતિ વિરુદ્ધ પોલીસમાં એફઆઈઆર નોંધાવી હતી. મહિલાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે લગ્ન બાદ જ્યારે તે બીજી વખત તેના સાસરે ગઈ ત્યારે તેના પતિએ ૦૬ અને ૦૭ જૂન ૨૦૧૯ની રાત્રે તેની સાથે અકુદરતી શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ પછી પણ પતિએ તેની સાથે અનેકવાર અકુદરતી શારીરિક સંબંધો બાંધ્યા હતા.

પત્નીએ નોંધાવેલી એફઆઈઆરને પતિએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. પતિએ પોતાની અરજીમાં કહ્યું હતું કે તે બંને પતિ-પત્ની છે અને તેથી તેમની વચ્ચે કોઈપણ અકુદરતી જાતીય સંબંધ આઈપીસીની કલમ ૩૭૭ હેઠળ ગુનો નથી.

હાઈકોર્ટે શરૂઆતમાં આઈપીસીની કલમ ૩૭૫(એ) (જેમ કે ૨૦૧૩ના સુધારા અધિનિયમ દ્વારા સુધારેલ) ની તપાસ કરીને નક્કી કર્યું હતું કે, જો કોઈ પુરુષ પોતાનું શિશ્ન કોઈ મહિલાના મોં, મૂત્રમાર્ગ અથવા ગુદામાં દાખલ કરે છે, તો તે બળાત્કાર માટે દોષિત ગણાશે. જો કે, કલમ ૩૭૫ ના અપવાદ ૨ નો ઉલ્લેખ કરતા કોર્ટે કહ્યું કે કોઈ વ્યક્તિ દ્વારા તેની પોતાની પત્ની સાથે સંભોગ અથવા જાતીય કૃત્ય જેની પત્નીની ઉંમર ૧૫ વર્ષથી ઓછી નથી તે બળાત્કાર ગણાશે નહીં.

(ચોથા પાનાનું ચાલું)

વી ધ પીપલ...

આર.જે. આકાશએ જામનગર અને ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતી પ્રસ્તુતિથી યુવાપેઢી તથા હોલમાં ઉપસ્થિત મહેમાનો મંત્રમુગ્ધ બની ગયા હતાં આર જે આકાશે કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત એવા પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરનારા કોલેજના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ સાથે સેલ્ફી પડાવી પ્રચંડ મતદાન કરીને દેશનું સુકાન યોગ્ય હાથોમાં સોંપવા આહવાન કર્યુ હતું તેમજ ઉપસ્થિત યુવા વર્ગે આર જે આકાશની સાથે સેલ્ફી પડાવી સવારે ૦૭ થી ૧૦ સુધીમાં ૧૦૦% મતદાન કરવાની ખાત્રી આપી હતી અને પોતે મતદાન કરી અન્ય પાંચ લોકોને મતદાન કરવા જાગૃત્ત કરશે. જામનગરના પ્રખ્યાત ગાંઠીયાથી લઈ ક્યોરી અને પાન સહિતની ચીજવસ્તુઓની પેરોડી સાંભળી શ્રોતાઓ આફરીન થઈ ગયા હતાં તેમજ જલ્સા ગ્રુપના હિતુલ એકેડમીના હિતુલ કારીયાએ તેની એકેડમીના પ્રથમ મતદારોને પણ ૧૦૦% મતદાન કરવા અપીલ કરી હતી.

પ્રસિધ્ધ હાસ્ય કલાકાર સાંઈરામ દવે એ રામ રાજ્ય અને આપણે એ વિષય ઉપર ૫૦૦ વર્ષના ઈતિહાસ સુંદર શબ્દોમાં કવિ શૈલીમાં વર્ણવ્યો હતો અને આઝાદી લાવવામાં પણ બે ગુજરાતી હતી અને આઝાદી બચાવવામાં બે ગુજરાતી જ છે. સાંઈરામે તેની હાસ્યકવિ ભાષામાં શરૂઆતમાં જ મને બહુ બદલાવવાની ટેવ નથી અને જામનગર પણ બદલાવવાની ભુલ નહીં કરી. અને નિવડી ચુકેલા નેતાઓને જ સુકાન સોંપવા અપીલ કરી હતી તથા રામના ચિત્રથી રામના ચરિત્રને જામનગરમાં સ્થાપિત કરવાથી રામ રાજ્ય સ્થપાશે. દુર્જનોની સક્રિયતા કરતા સજનોની નિષ્ક્રીયતા વધુ નુકસાનકારક છે. રામ રાજ્યએ રાજવી કરતા પ્રજાનું ચારિત્ર બતાવે છે આપણે જામનગરને પ્રેમ નહીં કરીએ તો દેશને ક્યારેય પણ પ્રેમ નહીં કરી શકીએ. ઉપરાંત સાંઈરામ દવેએ મત તમે તમારા સંતાનો માટે આપો છો માટે યોગ્ય વ્યક્તિને જ મતદાન કરવું. સાથે સાથે રામ રાજ્ય અંગે સાંઈ શૈલીમાં કરેલી રજૂઆતે શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણી દ્વારા ઉપસ્થિત સર્વે લોકોને અચુક મતદાન કરી તમારા મતાધિકારનો રાષ્ટ્રના હિત માટે ઉપયોગ કરવા અપીલ કરી હતી. જેની ઉપસ્થિત સર્વે લોકોએ મતદાન કરવા ખાત્રી આપી હતી. કાર્યક્રમના બીજા ભાગમાં હિન્દી કવિ અશોક ચારનએ પ્રારંભિક શરૂઆતમાં જ તેની આગવી શૈલીમાં રાષ્ટ્રના હિત અને વતન પ્રેમની કવિતાઓથી ઉપસ્થિત મહેમાનો તથા શ્રોતાઓના હાસ્યથી હોલ ગુંજી ઉઠયો હતો. એક પછી એક હિન્દી કવિતાઓએ શ્રોતાઓને ઝકડી રાખ્યા હતાં. અશોક ચારન બાદ પાર્થ નવીનએ પણ તેની હાસ્ય કવિતાઓની સાથે હાસ્ય ચૂટકલાઓ દ્વારા લોકોને હસાવી દીધા હતાં. ત્યારબાદ કાર્યક્રમના અંતમાં ફિલ્મ અને ટીવીના કલાકાર તથા સુપ્રસિધ્ધ હિન્દી હાસ્ય કવિ શૈલેષ લોઢાએ હિન્દીમાં એક પછી એક હાસ્ય અને દેશભકિતની કવિતાઓ આગવી શૈલીમાં રજૂ કરી હતી ઉપરાંત વચ્ચે વચ્ચે ઉપસ્થિત લોકોની કોમેન્ટ કરી શ્રોતાઓને લોટપોટ હસાવ્યા હતાં. અંતમાં દેશ માટે અંતમાં શૈલેષ લોઢાએ થોડા સમય પહેલાં પૂલવા એટેકમાં શહિદ થયેલા જવાનની પત્ની ગર્ભવતી હતી અને તે સમયની એક કવિતા દેશભકિત માટે વર્ણવતા સમગ્ર હોલમાં ઉપસ્થિત લોકોએ ઉભા થઈ તાળીઓના ગડગડાટથી શૈલેષ લોઢાની કવિતાને વધાવી લઈ ભારત માતા કી જય ના નારા લગાવ્યા હતા. ત્યારબાદ જલ્સા ગ્રુપ દ્વારા રાજ્ય સભાના સાંસદ પરિમલભાઈ નથવાણી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજભાઈ નથવાણી, તારક મહેતા ફેમ શૈલેષ લોઢાને હાલારી પાઘડી પહેરાવી સન્માનિત કર્યા હતાં તેમજ હિન્દી-ગુજરાતી ફિલ્મના કલાકાર આર.જે. આકાશ, હિન્દી કવિ અશોક ચારન અને પાર્થ નવીનનું સન્માન કરવામાં આવ્યું હતું ઉપરાંત ઉપસ્થિત મહેમાન ડો. પરમિન્દરકુમારનું મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરાયા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જલ્સા ગ્રુપ દ્વારા હેમલ કોટક, કેતન કોટક, ધ્યેય કોટક, વિપુલ કેટરર્સવાળા અતુલભાઈ, પરાગ વોરા, રણજીતભાઈ મારફતિયા, વિશાલભાઈ પંચમતિયા, રાહુલ મોદી અને ઉપસ્થિત મીડિયાકર્મીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

માંધાતાસિંહ જાડેજા...

રાજકોટ રાજ્ય ફાઉન્ડેશન અને રાજકુમાર કોલેજ રાજકોટ વતી હીમોફીલિયા સોસાયટી રાજકોટ ને ઉદાર હૃદયએ રૂ. ૧-૧ લાખનું અનુદાન આપતો ચેક અર્પિત કરેલો છે. હીમોફીલિયાના દર્દીઓને નોકરી-વ્યાવસાય કરવામાં ઘણી કપરી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. અતિ ખર્ચાળ સારવારને પહોંચી વળવા માટે સ્થાયી નોકરી આવશ્યક છે. આ કપરી પરિસ્થિતિને પહોંચી વળવા

માંધાતાસિંહજી જાડેજા - પ્રેસિડેન્ટ રાજકુમાર કોલેજએ હિમોફિલિક યુવાનો માટે રોજગારની વ્યવસ્થા કરવાની બાંહેધરી આપી. તેઓએ હીમોફીલિયા સોસાયટી રાજકોટ ચેપ્ટરને આહ્વાન કરેલ તે તેઓ કાબેલ યુવાનોનો પ્રોફાઈલ આપે અને રાજકુમાર કોલેજ રાજકોટ વતી જાહેરાત

કરેલી કે એક હોનહાર યુવાનને તેની શૈક્ષણિક કાબેલિયત પ્રમાણે નોકરી આપવામાં આવશે. વધારામાં આર. ટી. ઈ.ના માધ્યમથી સરકારી તંત્ર સાથે સંકલન કરીને હીમોફીલિક પરિવારના વિદ્યાર્થીઓ માટે રાજકુમાર કોલેજ રાજકોટના દરવાજા ખુલ્લા હોવાની જાહેરાત કરેલ અને આ પરિવારની બહેનો દ્વારા બનાવવામાં આવેલ હસ્તકલાની વસ્તુઓને એક હેન્ડીક્રાફ્ટ સ્ટોરના માધ્યમથી પ્લેટફોર્મ આપવા માટેની પણ જાહેરાત કરી છે.ડો. આર. એસ. ત્રિવેદીસાહેમ (સુપ્રિટેન્ડન્ટ-સિવિલ હોસ્પિટલ) એ સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને વધુ સારી સુવિધા મળે તે માટેની વ્યવસ્થા કરવા ખાત્રી આપેલ. તેમજ પ્રોફિલેક્સિસ ટ્રીટમેન્ટ આપવાની તૈયારી બતાવી છે..ડો. કમલેશભાઈ જોષીપુરાએ દર્દીઓને મળી તેમને પ્રોત્સાહિત કર્યા તેમજ તેમના લીગલ રાઈટ અને ડિસેબિલિટી માટે સરકારશ્રી ને રજૂઆત કરવા સંમતિ આપેલ દર્દીઓને મળી તેમને પ્રોત્સાહિત કર્યા. સામાજીક સહભાગિતા માટે સમાજને પણ નિર્દેશ કરેલ. હીમોફીલિયા દિવસના આ વર્ષના વિષય ''સૌને સમાન તકો ને ચરિતાર્થ કરવા માટે તૈયારી અને હાકલ કરેલ.

દિનેશભાઈ વાઘડિયા (ઈંઋહ-કારોબારી સભ્ય) એ ઈંઋઈ તરફથી દર્દીઓને મળતા લાભો વિશેની વિસ્તૃત માહિતી આપેલ. તેમજ હીમોફીલિયા ફેડરેશન દ્વારા યુવાનો માટે કેમ્પ યોજવાની વ્યવસ્થા બનાવેલ છે.ડો. કાંતભાઈ જોગણી (ઈંખઅ- રાજકોટ પ્રેસિડન્ટ) એ દર્દીઓને દરેક પ્રકારની મદદ કરવાની ખાત્રી આપેલ તેમજ ઈંખઅ માં તજજ્ઞોનું પ્રવચન યોજવાની પહેલ કરેલ છે. એ દર્દીઓને દરેક પ્રકારની મદદ કરવાની ખાત્રી આપેલ તેમજ તજજ્ઞોનું પ્રવચન યોજવાની પહેલ કરેલ છે.

અટલ સરોવર...

ખેર, સ્ટેશન ઓફિસર એચ.પી.ગઢવી તથા ફાયર વિભાગની ટીમ દ્વારા તાલીમ આપવામા આવેલ.

વધુમાં પબ્લિકને તેના બચાવ માટે સીપીઆર કેમ આપવુ ? તેમજ ઉનાળાના સમયમા કોઈ વ્યક્તિને ડીહાઈડ્રેશન થયેલ હોય, તો તાત્કાલિક બચાવ માટે શુ કરવુ ? તે અંગે આરોગ્ય અધિકારી અને મેડીકલ ટીમ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

નમ્રમુનિ...

જીવનારા સાધુ તે હોય જેના માટે કોઈ સગા ન હોય, ન કોઈ વ્હાલા હોય. જેને કોઈ સગા કે વ્હાલા લાગતાં હોય તે કદી સાધુ ન હોય.

આવા હિતકારી બોધવચન સાથે આ અવસરે ડો. શ્રી રતનબેન ખીમજી મણશી છાડવા પરિવાર દ્વારા અત્યંત અહોભાવે પરમ ગુરુદેવના પાવન કરકમલમાં એ આગમ પોથી અર્પણ કરવામાં આવી હતી, જેના દ્વારા નૂતનદીક્ષિત સાધ્વીરત્નાને વડી દીક્ષા અર્પણ કરવામાં આવી હતી.

પરમ ગુરુદેવના શ્રીમુખેથી અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોથી નૂતનદીક્ષિત સાધ્વીરત્નાને આરોપિત, સ્થાપિત, ઉપસ્થાપિત, અને પ્રસ્થાપિત કરવાની વિધિ સ્વરૂપ વડી દીક્ષા અર્પણ કરીને એમનો સંયમ જીવનમાં વાસ્તવિક પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

વડી દીક્ષા અર્પણ કરાવવામાં આવતાં જ પરમ ગુરુદેવના સુશિષ્યા એવા સાધ્વી પરિવારમાં નૂતનદીક્ષિત સાધ્વીરત્નાને આનંદ- ઉત્સાહથી આવકારવામાં આવ્યા હતા. દીક્ષા ગ્રહણ પછીના છ દિવસના સંયમ જીવનની અંતર અનુભૂતિની સુંદર ભાવો સાથે પરમ નેમપ્રિયાજી મહાસતીજીએ અભિવ્યક્તિ કરતાં સહુ અહોભાવિત થયાં હતાં. લાભાર્થી પરિવાર દ્વારા અહોભાવથી નૂતનદીક્ષિત મહાસતીજીને શાલ અર્પણ કરવામાં આવતાં જયકાર વર્તાયો હતો.

આ અવસરના સાધર્મિક ભક્તિના લાભાર્થી ડો. શ્રી રતનબેન ખીમજી મણશી છાડવા પરિવારનું, વડી દીક્ષા સભાખંડ લાભાર્થી શ્રી નૈનીતાબેન જયેશભાઈ પટવા પરિવારનું, શ્રી દિલીપભાઈ દેસાઈ તેમજ નૂતનદીક્ષિત મહાસતીજીના સંસારી માતા-પિતા શ્રી હેમલત્તાબેન મહેન્દ્રભાઈ નંદુનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી નેમચંદભાઈ છેડા દ્વારા સહુનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ શ્રી ધનલક્ષ્મીબેન છેડા એ સ્વાગત ગીતની પ્રસ્તુતિ કરી હતી.

પરમ નેમપ્રિયાજી મહાસતીજીના શ્રીમુખેથી માંગલિક વચનોના પ્રાગટ્ય સાથે વડી દીક્ષાનો આ અવસર વિરામ પામ્યો હતો.

વડાલીયા...

ફરસાણ, ખાખરા, પાપડ, મૂંગ દળ.આલુ શેવ,રતલામી સેવ, ખારી શીંગ,સેવ ઉપરાંત,ભાવનગરી અને પાપડી ગાંઠિયા ની સાથે વેફર સેગમેન્ટમાં સોલ્ટેડ ચીપ્સો, ઉપરાંત બ્લેક પેપર ચિપ્સ વેફર, સ્પાઈસી મસાલા, ટેન્ગી ટોમેટો, મસાલા ચીપ્સોની ભારે ડિમાન્ડ છે. આ ઉપરાંત સોયા સ્ટીક્સ, મેજીક પુરી,મસાલા ભૂંગળા, પોપ પોપ પાસ્તા, પોપકોર્ન પ્રોડક્ટ એ સારી લોકચાહના મેળવી છે. ફરસાણ સેગ્મેન્ટમાં પણ બેસન સેવ, ભાવનગરી ગાંઠિયા, રતલામી સેવ, પાપડી ગાંઠિયા, તીખા ગાંઠિયા, આલુ ભુજીયા, નીબું સેવ, અને સેવ મમરા, ગાર્લિક મમરા, તીખા મીઠા મિક્સ, સકરપારા ,ભાખરવડી, મગદળ, શીંગ ભુજીયા, દાબેલા ચણા કેળા વેફર વગેરે પ્રોડક્ટ સામેલ છે. આ ઉપરાંત ડ્રાય ક્યોરી, પાપડ, મસાલા ખાખરા, મેથી ખાખરા અને જીરા ખાખરા,પાણીપુરી ખાખરા,રાગીના ખાખરા ની નવી રેન્જ પણ સામેલ છે.

આ ઉપરાંત પાપડ ચવાણું,બનાના ચેવડો,સેવ બૂંદી,દાળ મુઠ, તેમજ ફરારી મિક્સચર સામેલ છે. કંપની દ્વારા હવે મુખવાસ પણ લોન્ચ કરવામાં આવ્યા છે. આ તમામ પ્રોડક્ટ ગોંડલ સ્થિત કંપની આઉટલેટમાં ઉપલબ્ધ બનશે. અહીં કંપની દ્વારા વિવિધ આઈટેમોના ૪૦૦ ગ્રામના ૧૦૦% ફૂડ ગ્રેડ કન્ટેનર પેકીંગમાં પણ લોન્ચ કરવામાં આવ્યા છે. ઉપરાંત ૨૦૦ ગ્રામના નવા પેક પણ લોન્ચ કરવામાં આવ્યા છે.

ફ્રેંચાઈઝી હેડ દીપકભાઈ ગરચરનાં જણાવવા મુજબ બધાંને ભાવે ફાવે અને એકદમ કિફાયતી ભાવ અને ટેસ્ટ સાથે અમો ભરૂચની જનતા માટે આ વડાલીયા ફુડ્સ ની વિશાળ રેન્જ એકજ સ્થળ પર મળી રહે એટલા માટે અમો ફ્રેંચાઈઝી જેતપુર શહેરમાં શરૂ કરી છે.

(૧૧માં પાનાનું ચાલુ)

''મોન્સુન ડિઝાઈનર સ્ટોર''.....

મેટ્રો શહેરોમાં જવું પડે છે. જે ખર્ચાળ અને સમય પણ માંગી લ્યે છે. આ તમામ પાસાઓને ધ્યાને લઈ રાજકોટ ખાતે '' મોન્સુન ડિઝાઈનર સ્ટોર '' શરૂ થયો છે. મોન્સુન ડિઝાઈનર સ્ટોરના મીનલબેન રાજગુરુએ જણાવ્યું હતું કે, આ સોપાન શરૂ કરવા પાછળનો મુખ્યહેતુ એજ જ છે કે , એકજ સ્થળ ઉપરથી દરેક વસ્તુ લોકોને મળતી રહે. જેથી દિલ્હી, મુંબઈ સુધી જવાનો ધક્કો લોકોને ન ખાવો પડે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે હવે સમય પાકી ગયો છે કે રાજકોટ શહેરને અપગ્રેડ કરવામાં આવે અને એ તમામ વસ્તુઓ રાજકોટ ખાતે મળે જેના માટે લોકોએ અન્ય શહેરોમાં ધકો ખાવો ન પડે. રાજકોટ દરેક ક્ષેત્રે ડગલેને પગલે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે પહેરવેશમાં પણ રાજકોટનું એક અલગ જ સ્થાન ઉભું થાય તે મુખ્ય હેતુ છે. બીજી તરફ રાજકોટની મહિલાઓ શોપિંગ કરવા માટે હરહમે તત્પર રહેતી હોય છે કારણ કે તે શોપિંગ કરવા માટે અત્યંત શોખીન પણ છે જેથી હવે મોનસુન ધ ડિઝાઈનર શોપ જે રાજકોટ ખાતે શરૂ થયો છે તે તેમના માટે વન સ્ટોપ સોલ્યુશન સાબિત થશે.

મીનલબેન રાજગુરુએ જણાવ્યું હતું કે આ સ્ટોર ખુલતા જ માત્ર રાજકોટ નહીં પરંતુ જામનગર, મોરબી જેવા શહેરોની મહિલાઓ પણ માત્ર રાજકોટ આવી તેમની મનપસંદ અને તેમના ચોઈસ મુજબની ખરીદી કરી શકશે. વધુમાં તેઓ જણાવ્યું હતું જે કપડાનું કલેક્શન રાખવામાં આવ્યું છે તેમાં બ્રાઈડલ વેર, સેમી ફોર્મલ, બ્રેત, હળવા કપડાઓ, સમર વેર સહિતની વિશાળ રેન્જ ઉભી કરવામાં આવી છે. રાજકોટ શહેર હર હંમેશ મહિલાઓને પ્રાધાન્ય આપ્યું છે ત્યારે રાજકોટમાં ઘણા ખરા ડિઝાઈનર આવે છે પરંતુ યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે તેનો લાભ મળી શકતો નથી. ત્યારે મોનસુન ધ ડિઝાઈનર શોપ ખાતે આ તમામ ડિઝાઈનરો તેમના ડિઝાઈનિંગ કરેલા કપડાઓ તથા અન્ય વસ્તુનું શોકેસ પણ કરી શકશે.

''પોપ અપ્સ''...

મૂકવામાં આવી છે, સાડીની એક સૌથી મોટી બ્રાન્ડ છે. તો સાથ પંચરત્ન જ્વેલર્સને પણ પોપટ માટે સ્થાન આપવામાં આવ્યું છે જ્યાં તેને પોતાની જ્વેલરી નું સોકેસ કર્યું છે.

મીનલબેન રાજગુરુ....

ચલણ એટલે કહી શકીએ કે વેચાણ રાજકોટમાં ખૂબ ઓછું થતું હતું પરંતુ હવે આ ભૂતકાળ બની જશે કારણ કે મોનસુન ડિઝાઈનર સ્ટોર પર દર મહિને નવી નવી ડિઝાઈનોનું કલેક્શન રાખવામાં આવશે જેથી મહિલાઓ સારી રીતે પસંદ કરી શકે.

(૧૨મા પાનાનું ચાલું)

મૌસમ એપ્સ...

અને તેમની તીવ્રતાની ત્રણ કલાકની ચેતવણીઓ જારી કરવામાં આવે છે. ગંભીર હવામાનના કિસ્સામાં, તેની અસર પણ ચેતવણીમાં સામેલ હોય છે. ભારતના ૪૫૦ શહેરોની છેલ્લા ૨૪ કલાક અને ૭-દિવસના હવામાનની સ્થિતિઓની સચોટ આગાહી પણ કરવામાં આવે છે. આ એપ્લિકેશન જોખમી હવામાન વિશે નાગરિકોને ચેતવણી આપવા માટે આગામી પાંચ દિવસ અંગેની આગાહી જાહેર કરી, કલર કોડ (લાલ, નારંગી અને પીળો)માં તમામ જિલ્લાઓ માટે દિવસમાં બે વખત ચેતવણીઓ જાહેર કરે છે. જેમાં ''લાલ'' કલર કોડએ સૌથી ગંભીર કેટેગરી છે જે અધિકારીઓને પગલાં લેવા વિનંતી કરે છે, ઓરેન્જ કોડ સત્તાવાળાઓ અને લોકોને સતર્ક રહેવા માટે કહે છે અને યલો કોડ સત્તાવાળાઓ અને લોકોને પોતાને અપડેટ રાખવા માટે કહે છે.

પુસ્તક વિમોચન...

સકારાત્મક વિચાર મસ્તી ધીંગા મસ્તી સાથે સૌને પ્રેરણા આપતી આ વ્યક્તિ એટલે આપણા સિનિયર સિટીઝનોના દોસ્ત મધુકરભાઈ પરીખ. તેમ ડો.શિરીષ ભાઈ કશિકરે જણાવ્યું હતું

પુસ્તક નો ધ નોનસ લેખક મધુકર ભાઈ પરીખના અત્યાર સુધીના જીવનનો દસ્તાવેજ કહો તો દસ્તાવેજ ,જીવન ચરિત્ર કહો તો જીવન ચરિત્ર છે તેમ વરિષ્ઠ પત્રકાર લેખક અને દેશની ખ્યાતનામ પત્રકારિત્વ સંશોધન સંસ્થા નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમના ડાયરેક્ટર ડોક્ટર કાશીકરે અહીં આ પુસ્તકના વિમોચન પ્રસંગે જણાવ્યું હતું.પુસ્તકનું વિમોચન શેલા, સાઉથ બોપલ સ્થિત સ્કાય સિટીના ક્લબ હાઉસમાં વિશાળ સંખ્યામાં મહેમાનોની ઉપસ્થિતિ અને મધુકરભાઈ પરીખના શુભચિંતકો પરિવારજનો પ્રેરક ઉપસ્થિતિ માં માં થયું હતું.

નારગોલ ....

તેમજ શરૂ વનની અંદર રોજિંદા અનેક પ્રિ-વેડિંગ શૂટિંગ થતા હોય છે. ગ્રામ પંચાયત વિસ્તારમાં થતા પ્રિવિડિંગ શૂટિંગ માટે ગ્રામ પંચાયત દ્વારા રૂપિયા ૫૦૦ પ્રી-વેડિંગ શૂટિંગ ટેક્સ તરીકે લેવામાં આવતો હોય છે. ગ્રામ પંચાયતના નારગોલના રેકર્ડ મુજબ ગત એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધી એક વર્ષની અંદર નારગોલ ગામના દરિયા કિનારે કુલ ૫,૭૦૦ જેટલા પ્રી-વેડિંગ શૂટિંગ નોંધાયા છે.

જાણકરોના મત પ્રમાણે આ આંકડો રેકોર્ડ બ્રેક કહી શકાય. ગ્રામ પંચાયત દ્વારા જાહેર હરાજી કરી પ્રી-વેડિંગ શૂટિંગ કર એકત્રિત કરવા માટે એજન્સી નક્કી કરવામાં આવતી હોય છે. હાલે આચાર સહિતાના કારણે જાહેર હરાજી સ્થગીત કરવામાં આવેલ છે. આચાર સંહિતા પૂર્ણ થતાની સાથે જ જાહેર હરાજી મારફતે પ્રી-વેડિંગ શૂટ કર એકત્રિત કરવા માટે એજન્સી નક્કી કરવામાં આવશે.

મેજીક રંગોલી...

મહિલા કોલેજ, ગૌરીદડ, છાપરા, કસ્તુરબાધામ, પીપળીયા, માલિયાસણ, ખારચીયા સહીતના ગામોમાંથી સખીમંડળની અંદાજે ૨૫ બહેનોએ જિલ્લા કલેકટર કચેરી, જૂની કલેકટર કચેરી, બહુમાળી ભવન ચોક અને જિલ્લા પંચાયત કચેરી ખાતે રંગોળી કરીને મતદાનના મહત્વને ઉજાગર કર્યુ છે. ત્યારે આ બહેનોએ મતદાન જાગૃતિ અભિયાનમાં પોતાનામાં રહેલી કળાનું યોગદાન આપી શકવા બદલ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

કલેકટર કચેરી ખાતે આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેકટર ચેતન ગાંધી, અધિક ચૂંટણી અધિકારી એન.કે.મુછાર, પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણી, સ્વીપના નોડલ જિજ્ઞાસાબેન ગઢવી, એમસીએમસી નોડલ અધિકારી સોનલબેન જોષીપુરા, મામલતદાર દવે તથા નાયબ મામલતદાર પ્રીતિબેન વ્યાસ તેમજ કલેકટર કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

જે.જે.પટેલ .....

હિતેશભાઈ દવે, રાજકોટ મહાનગર લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ સહ કન્વીનર કમલેશભાઈ ડોડીયા તથા કોર કમિટીના સભ્યો, લીગલ સેલ યુવા સહાયક ટીમ વગેરેએ હાર્દિક નિમંત્રણ સાથે હાજરી આપવા અનુરોધ કર્યો છે.

''અબતક મિડીયા '' હાઉસની મુલાકાતે આવેલા ચેરમેન જે.જે.પટેલે જણાવ્યું હતું કે, રાજકોટમાં મતદાન જાગૃતિ હેતુ યોજઈ રહેલ વકીલોના આટલા મોટા સ્નેહમિલન કાર્યક્રમમાં જોડાવાનું અવસર મળતા મને ખૂબ જ આનંદની લાગણી થાય છે. વકીલો હંમેશા સમાજને રાહ ચીંધતા આવ્યા છે. વકીલો જાગૃત બનીને પોતાની નૈતિક ફરજ સમજીને જ્યારે મતદાન કરે છે ત્યારે તેમની સાથે જોડાયેલ તેમના પરિવારજનો, સ્નેહીઓ તથા તેમનું પરિચીત વર્તુળ તેમાંથી પ્રેરણા લઈને તેમને અવશ્ય અનુસરે છે. માટે એક વકીલ મતદાન કરે ત્યારે માત્ર એક મત નથી પડતો પણ

ચાર દિવસ હિટવેવની આગાહી: રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગરમાં પારો ૪૨ ડિગ્રીને પાર

છ શહેરોનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર નોંધાયું: સૌરાષ્ટ્ર–કચ્છમાં ગરમીનું યલો એલર્ટ

અબતક, રાજકોટ

રાજ્યમા આકાશમાંથી જાણે અગનવર્ષા વરસવા લાગી છે.ત્રણ શહેરોનું મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીને પાર થઈ ગયું છે. તો છ શહેરોનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર નોંધાયું છે.. કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. કચ્છ, પોરબંદર, ગીર સોમનાથ અને ભાવનગરમાં હીટવેવની આગાહી છે. કેટલાક વિસ્તારોમાં ગરમીને લઈને યલો એલર્ટ પણ અપાયું છે.ચૂંટણીના મતદાનને દિવસે રાજ્યમાં આકરી ગરમી પડવાની હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે. ૭ મેના રોજ અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. શુક્રવારે રાજકોટનું મહત્તમ તાપમાન ૪૨.૩ ડિગ્રી નોંધાયું હતું.કચ્છ-સૌરાષ્ટ્રમાં કાળઝાળ ગરમીનો પ્રકોપના વર્તાય રહ્યો છે. કચ્છ-સૌરાષ્ટ્રમાં ૪૨.૩ ડિગ્રી તાપમાનમાં શેકાયું છે. સુરેન્દ્રનગર અને રાજકોટ અમરેલીમાં તાપમાનનો પારો પહોંચ્યો ૪૨ ડિગ્રીએ પહોચ્યો છે. ભૂજમાં ૪૦.૬ ડિગ્રી, તો કેશોદમાં નોંધાયું ૪૦.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે. સૌરાષ્ટ્રમાં ગરમ અને ભેજવાળુ વાતાવરણ રહેવાની હવામાન વિભાગની આગાહી છે.આકરી ગરમીથી મધ્ય, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના નાગરિકો શેકાયા છે. પાટનગર ગાંધીનગરમાં ૪૧.૨ ડિગ્રી, વડોદરા અને ડીસામાં તાપમાનનો પારો ૪૦.૮ ડિગ્રી પર પહોંચ્યો છે. વલ્લભ વિદ્યાનગર અને સુરતનું મહત્તમ તાપમાન ૩૯.૮ ડિગ્રીને પાર પહોંચ્યું છે. દેશભરમાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત છે. ઘણા રાજ્યોમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. ગરમીના કારણે પટણામાં પ્રી-સ્કૂલ, આંગણવાડી, સ્કૂલો સવારના સાડા દસથી સાંજના ચાર વાગ્યા સુધી બંધ રાખવા આદેશ અપાયો છે. ભીષણ ગરમી અને લૂને લીધે કેટલાક રાજ્યોમાં સ્કૂલો બંધ રાખવા આદેશ કરાયો છે. છત્તીસગઢમાં ૧૫ જુન સુધી રજા જાહેર કરાઈ છે. તો ઝારખંડમાં હાલ પૂરતી રમત ગમત અને બહારની પ્રવૃતિઓ પર બેન લગાવી દેવાયો છે.

હીટવેવને કારણે લૂ લાગવા, ચક્કર આવવાના કેસો વધ્યા

રાજકોટ પંથકમાં ભારે ગરમીના કારણે ઝાડા–ઊલટી, ચક્કર, લૂ લાગવી સહિતની બીમારીમાં દર્દીઓ સપડાયા હતાં. ત્યારે સતત ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. વિવિધ બીમારીથી બચાવ માટે વધારે પાણી પીવુ, લીંબુ સરબત, તડકાવાળા ચશ્માંમાં અવર જવર કરવી અને શરીરમાં સુતરાવ કપડા પહેરવા બપોરના સમયે ઘરની બહાર તડકામાં નિકળવુ નહીં.

આંધ્રપ્રદેશ-તેલંગાણામાં ૪૪ થી ૪૫ ડિગ્રી તાપમાન રહેવાની શક્યતા

ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ , પશ્ચિમ બંગાળ, બિહાર, ઝારખંડ, ઓડિશા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, તટીય આંધ્ર પ્રદેશ, યાનમ, રાયલસીમા, તેલંગાણા અને આંતરિક કર્ણાટકમાં ગંગા હિટવેવ યથાવત રહેશે. આ રાજ્યો માટે હીટવેવ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, આસામ, મેઘાલય, નાગાલેન્ડ,મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, કોંકણ, સૌરાષ્ટ્ર, કચ્છ, કેરળ, માહે અને તટીય કર્ણાટકમાં હવામાન ગરમ અને ભેજવાળું રહેશે. રાયલસીમા અને દક્ષિણ કર્ણાટકના આંતરિક ભાગોમાં રાત ગરમ રહેવાની છે. તટીય આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં તાપમાન ૪૪–૪૫ ડિગ્રી રહેશે.

અમદાવાદ	૪૧.૭
ગાંધીનગર	૪૧.૨
વડોદરા	૪૦.૮
ભુજ	૪૦.૬
કંડલા	૩૯.૩
અમરેલી	૪૨.૦
ભાવનગર	૩૮.૭
પોરબંદર	૩૬.૪
રાજકોટ	૪૨.૩
સુરેન્દ્રનગર	૪૨.૩
કેશોદ	૪૦.૪

સ્કૂટરમાં પણ હવે સીએનજી : ફ્યુલ પરનું ભારણ ઘટાડવા સરકારનો માસ્ટર પ્લાન

ભારતમાં દ્વિચક્રી વાહનોની સંખ્યા ખૂબ જ વધુ: વિશ્વનું પ્રથમ સીએનજી સ્કૂટર લોન્ચ કરશે બજાજ

અબતક, નવીદિલ્હી

આવનારા વર્ષમાં ભારત ત્રીજી મોટી અર્થ વ્યવસ્થા તરીકે ઊભરી આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી કારણ કે સરકાર દરેક ક્ષેત્રે ઘણા ખરા વિકાસ લક્ષી કાર્યો કરી રહી છે અને પ્રોત્સાહન આપી રહી છે. ત્યારે ભારત દેશમાં દ્વીચકરી વાહનોની સંખ્યા ઘરખમ વધારો થઈ રહ્યો છે ત્યારે પેટ્રોલ પરનું ભારણ ઘટાડવા માટે સરકાર સીએનજી ને વધુ પ્રાધાન્ય આપી રહી છે. પ્રકારના આ લક્ષ્યાંક ને ધ્યાને લઈ બજાજ તેનું સર્વપ્રથમ સીએનજી બાઈક જૂન મહિનામાં લોન્ચ કરી રહ્યું છે. સીએનજી બાઈક લોન્ચ થતા જ સરકારની સાથોસાથ વપરાશ કરતા અને પણ ઘણો ફાયદો પહોંચશે અને જે ફ્યુલ પરનું ભારણ છે તે ઘણાખરા અંશે ઘટી જશે.

સરકાર બીજી તરફ તેનું વિદેશી હૂંડિયામણ બચાવવા માટે પણ સીએનજીને પ્રાધાન્ય આપી રહ્યું છે. હાલના તબક્કે જે રીતે દ્વિચક્રી વાહનોની ખરીદી થઈ રહી છે તો તેની સામે પેટ્રોલનો પણ વપરાશ વધ્યો છે અને આ અંતે છેલ્લે સરકાર ઉપર જ ભારણ આવે છે. જોવાની વાત તો એ છે કે હવે સરકાર ઈલેક્ટ્રીક અને સીએનજી ઉપર વધુ મદાર રાખે છે જેથી આવનારા દિવસોમાં ફ્યુલ ઓઈલ પર જે સરકારનો મહત્તમ ખર્ચો થાય છે તે બચી શકે તો સામે પ્રદૂષણ માંથી પણ ભારત મુક થઈ શકે. સીએનજી પર ચાલતી બાઈકની આતુરતાથી રાહ જોઈ રહેલા લોકો માટે સારા સમાચાર છે. તાજેતરમાં જ બજાજની સીએનજી બાઈક દેશના રસ્તાઓ પર ટેસ્ટિંગ દરમિયાન જોવા મળી છે. આ પહેલા પણ ટુ-વ્હીલર મેન્યુફેક્ચરિંગ કંપની બજાજની આ બાઈક ઘણી વખત જોવા મળી છે. જૂન મહિનામાં કંપની દ્વારા રજૂ કરવામાં આવનાર ખૂબ જ ખાસ સીએનજી બાઈક દેશમાં આ પ્રકારનું પ્રથમ વ્હીકલ હશે.

એન્જિન ને ફ્યૂઅલ ટેન્કની હીટ એટલે કે ગરમીથી દૂર રખવા માટે સીએનજી બાઈકમાં સ્લોપર જેવું એન્જિન આપવામાં આવ્યું છે. એવું અપેક્ષિત છે કે એન્જિનનું ડિસ્પ્લેમેન્ટ ૧૦૦ - ૧૨૫ સીસીની રેન્જમાં હશે. જો તમે ફોટો ધ્યાનથી જોશો, તો બાઈકના આગળના ભાગમાં ડિસ્ક બ્રેક સાથે એબીએસ રિંગ નથી. આ ફીચર્સની ગેરહાજરી સૂચવે છે કે એન્જિન ડિસ્પ્લેસમેન્ટ ચોક્કસપણે ૧૨૫ સીસીથી ઓછું હશે. કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી) પર ચાલતા વાહનોના વેચાણમાં બદલાતા ગતિશીલતાના વલણો અને લોકો વધુને વધુ ઓછા પ્રદૂષિત ઉર્જા સ્ત્રોતો પસંદ કરી રહ્યા છે .નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, ડીઝલ-પેટ્રોલથી ચાલતી કારની સરખામણીમાં ઓછી કિંમત, નવી ઓફરો અને મોટાભાગે રોકડ પ્રોત્સાહનો સીએનજી વાહનોની માંગમાં વધારો કરી રહ્યા છે.સીએનજી પર કાર ચલાવવાનો ખર્ચ લગભગ ૨.૫ રૂપિયા પ્રતિ કિલોમીટર છે જ્યારે પેટ્રોલ-ડીઝલનો ખર્ચ ૫.૩૦ રૂપિયા પ્રતિ કિલોમીટર છે.

બ્રિટનના પૂર્વ વડાપ્રધાનને મતદાન મથકેથી લીલા તોરણે પાછા વાળી દેવાયા!!

પૂર્વ વડાપ્રધાન બોરીસ જોન્સન પાસે જરૂરી ઓળખના આધાર ન હોવાથી તેમને મતદાનમાં પ્રવેશ કરતા રોકી દેવાયા

અબતક, રાજકોટ

બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ને જરૂરી ઓળખકાર્ડ વિના મતદાન મથકે જવા મા ધર્મનો ધક્કો થયો હોય તેમ બ્રિટનના સ્થાનિક ચૂંટણી કર્મચારીઓએ બોરીસ જોન્સનને મતદાન કર્યા વગર જ મતદાન મકેથી પરત મોકલી દીધા હતા

ઈંગ્લેન્ડના દક્ષિણ ઓક્સફોર્ડ શાયર મતવિસ્તારમાં ગુરુવારે

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના મતદાન માટે બોરીસ જોન્સન મતદાન મથકે ગયા હતા ત્યારે નિયમ મુજબ બુક અધિકારીએ બોડી પાસેથી જરૂરી ઓળખનો આધાર માંગ્યો હતો. પરંતુ તેમની પાસે આધાર ન હોવાથી તેમને મતદાન બુથમાં જવા દીધા હતા સ્થાનિક સમાચાર સૂત્રોએ જણાવ્યું હતું કે ૨૦૧૯ થી ૨૦૨૨ સુધી બ્રિટનના વડાપ્રધાન રહેલા જોન્સનને બધા વગર જ પરત કરવું પડ્યું હતું વળી તેમના શાસન કાળ દરમ્યાન ૨૦૨૨ માર્ચ બોરીસને ચૂંટણી સુધારા અધિનિયમ માં દરેક મતદાર માટે ઓળખ પુરાવાઓમાં પાસપોર્ટ ડ્રાઈવિંગ લાઈસન્સ ફરજિયાત બનાવવામાં આવ્યું હતું

બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ને ઓળખ કાર્ડ વિના મતદાન મથકેથી લીલા તોરણે પાછા વાળી દેવાયાની ઘટનાએ ભારે ચર્ચા જગાવી હતી

શેરબજારમાં સોમવારે તેજીની વાપસીના સંકેતો

વૈશ્વિક બજારોમાં ઉછાળો અને વેલ્યુ બાઈંગના કારણે બજારમાં તેજી પરત ફરે તેવો નિષ્ણાંતોનો વ્યૂહ

અબતક, રાજકોટ

ભારતીય શેરબજાર માટે શુક્રવારનો દિવસ બ્લેક ફ્રાઈડે સાબિત થયો હતો. સમાહના અંતિમ ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં તોતીંગ કડાકા બોલી ગયા હતા. જેમાં રોકાણકારોના ૨.૭૫ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થઈ ગયું હતું. મંદી વેગવાન બની આગળ ચાલે તેવા હાલ કોઈ જ પરિબળ દેખાતા નથી. બીજી તરફ અમેરિકી બજાર ગ્રીન ઝોનમાં બંધ થયા હોય આગામી સોમવારે ભારતીય બજારમાં તેજી પરત ફરે તેવા સુખદ સંજોગો મળી રહ્યા છે.

ભારતીય શેરબજારમાં ગઈકાલે શુક્રવારે મોટી અફડાતફડી જોવા મળી હતી. સેન્સેક્સમાં ૧૬૨૮ પોઈન્ટનો ઉતાર-ચઢાવ રહ્યો હતો. સેન્સેક ૭૩૩ પોઈન્ટ ઘટીને ૭૩૮૭૮ પર બંધ આવ્યો હતો. જ્યારે નિફ્ટીમાં ૪૪૬ પોઈન્ટની અફડાતફડી રહેવા પામી હતી. જોકે નિફ્ટી ૧૭૨ પોઈન્ટના ઘટાડા સાથે ૨૨૪૭૬ પોઈન્ટ પર બંધ રહી હતી.

ભારતીય શેર બજારમાં મંદી લાંબી ચાલે તેવા કોઈ જ પરિબળ હાલ દેખાતા નથી. ચૂંટણી પરિણામના દિવસો જેમ જેમ નજીક આવતા હોય છે.તેમ તેમ બજારમાં મુવમેન્ટ વધતી હોય છે. જેના કારણે એક દિવસ ઉછાળો અને બીજા દિવસે ઘટાડા જોવા મળતા હોય છે. શુક્રવારે મોટી ઉથલ પાથલ રહેવા પામી હતી. દરમિયાન અમેરિકા સહિત વૈશ્વિક બજારોમાં તેજી રહી હતી. આ ઉપરાંત વેલ્યુ બાઈંગ એટલે કે નીચા મથાળે ખરીદીનો માહોલ રહેવાની સંભાવના હોય બજારમાં સોમવારે ઘટાડાની કોઈજ સંભાવના નથી. બજારમાં તેજી પરત ફરશે તેવા આસાર છે.

મુંબઈ ઈન્ડિયન્સ પ્લે ઓફની રેસમાંથી બહાર

એમઆઈ ટીમને કોલકાતા નાઈટ રાઈડર્સે ૨૪ રને પરાજય આપ્યો: સ્ટાર્કની ચાર વિકેટ

અબતક, નવી દિલ્હી

૫ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ આઈપીએલ-૨૦૨૪ની પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગઈ છે. એમઆઈ ટીમને કોલકાતા નાઈટ રાઈડર્સે ૨૪ રને પરાજય આપ્યો હતો. કોલકાતાએ વાનખેડે મેદાન પર ૧૨ વર્ષ પછી મુંબઈને હરાવ્યું છે. આ મેદાન પર નાઈટ રાઈડર્સની છેલ્લી જીત ૨૦૧૨માં મુંબઈ સામે આવી હતી. શુક્રવારે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. કોલકાતા ૧૯.૫ ઓવરમાં ૧૬૯

રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જવાબમાં મુંબઈની ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૪૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. મિચેલ સ્ટાર્કે ૪ વિકેટ લીધી હતી. વરુણ ચક્રવર્તી, સુનીલ નારાયણ અને આન્દ્રે રસેલને ૨-૨ વિકેટ મળી હતી.એમઆઈ માટે સૂર્યકુમાર યાદવે ૩૫ બોલમાં ૫૬ રનની અડધી સદી ફટકારી હતી. કોલકાતા નાઈટ રાઈડર્સ માટે સ્પિનરોએ ખાસ કરીને શાનદાર બોલિંગ કરી હતી. સુનીલ નરેન અને વરુણ ચક્રવર્તી, બંનેએ ૪ ઓવર ફેંકી હતી અને બંનેએ ૨૨ રનમાં ૨-૨ વિકેટ લીધી હતી. તેણે મુંબઈના બેટ્સમેનોને મધ્ય ઓવરોમાં આક્રમક બેટિંગ કરતા અટકાવ્યા હતા. મિચેલ સ્ટાર્કે ડેથ ઓવર્સમાં વર્ચસ્વ જમાવ્યું હતું અને તેના સ્પેલમાં ૪ વિકેટ લીધી હતી. વાસ્તવમાં, મેચનો ગેમ ચેન્જર આન્દ્રે રસેલ હતો, જેણે સૂર્યકુમાર યાદવની વિકેટ લઈને મેચને કેકેઆર તરફ વાળી, આ સિવાય તેણે હાર્દિક પંડ્યાની વિકેટ પણ લીધી.

ઈફ્કોના ડિરેક્ટરની ચૂંટણીમાં જયેશ રાદડીયા અને બિપીન પટેલ વચ્ચે ટક્કર

ભાજપે બિપીન પટેલને મેન્ડેટ આપ્યું છતા છેલ્લી બે ટર્મથી ચૂંટાતા જયેશ રાદડીયાએ ફોર્મ પરત ન ખેંચ્યું: ૯મીએ ખરાખરીના જંગ

અબતક, રાજકોટ

દેશની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા ઈફ્કોના એક ડિરેક્ટર માટેની ચૂંટણીમાં ભાજપ સામે ભાજપની લડાઈ જામશે. પ્રદેશ ભાજપ સહકારીતા સેલના અધ્યક્ષ બીપીન પટેલ અને રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી જયેશ રાદડીયા સહિત કુલ ત્રણ ઉમેદવારો મેદાનમાં છે. આગામી ૯મી મેના રોજ ખરાખરીનો જંગ જામશે. ૧૮૨ મતદારો પૈકી રાજકોટ જિલ્લાના ૬૮ સહિત સૌરાષ્ટ્રના કુલ ૯૮ મતદારો હોવાના કારણે જયેશ રાદડીયાનું પલડું હાલ ભારે લાગી રહ્યું છે. ઈફ્કોના ડિરેક્ટર તરીકે છેલ્લી બે ટર્મથી રાજકોટ જિલ્લા બેંકના ચેરમેન જયેશભાઈ રાદડીયા ચૂંટાતા આવે છે. દરમિયાન આ વખતે ભાજપ દ્વારા ગુજકોમાસોલના વાઈસ ચેરમેન બિપીન ગોતા (પટેલ)ને મેન્ડેટ આપ્યું હતું. આ બેઠક માટે જયેશ રાદડીયાએ પણ ફોર્મ ભર્યું છે. ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે એકપણ ઉમેદવારે ફોર્મ પરત ન ખેંચતા હવે ઈફ્કોમાં ભાજપ વિરૂધ્ધ ભાજપની લડાઈ બની જવા પામી છે. આ એક બેઠક

૧૮૨ મતદારો પૈકી રાજકોટ જિલ્લાના ૬૮ સહિત સૌરાષ્ટ્રના કુલ ૯૮ મતદારો હોય જયેશ રાદડીયાનું પલડું ભારે

માટે કુલ ૧૮૨ મતદારોએ મતદાન કરવાનું થાય છે. જેમાં સૌરાષ્ટ્રના ૯૮ મતદારો છે. ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના જિલ્લામાં ૨૭ મતો છે. જ્યારે રાજકોટ જિલ્લામાં ૬૮ મતો હોય હાલ જયેશ રાદડીયાનું પલડું વધુ ભારે લાગી રહ્યું છે.

ઘરેલુ હિંસામાં કલમ ૪૯૮નો ઉપયોગ બંધ કરવાનો સમય પાકી ગયો : સુપ્રીમ

પતિ અને સાસરિયાઓને હેરાન કરવાના ઉદેશ્ય સાથે ઘરેલુ હિંસાની કલમનો થતાં ગેરઉપયોગ બાબતે સર્વોચ્ચ અદાલત ચિંતિત

અબતક, રાજકોટ

પત્ની દ્વારા પતિ અને સાસરિયાઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮એના દુરુપયોગ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે શુક્રવારેએ સંસદને સૂચન કર્યું છે કે, ભારતીય ન્યાય સંહિતામાં જરૂરી ફેરફાર લાવવો જરૂરી છે. ઉલ્લેખનીય બાબત છે કે, ન્યાય સંહિતાની કલમ ૮૫ અને ૮૬માં આઈપીસીની કલમ ૪૯૮એ જેવી જોગવાઈઓ છે.

અમે સંસદને વિનંતી કરીએ છીએ કે તે વ્યવહારિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં લઈને ઉપરોક્ત મુદ્દા પર ધ્યાન આપે અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ના અનુક્રમે કલમ ૮૫ અને ૮૬ માં નવી જોગવાઈઓ અમલમાં આવે તે પહેલાં જરૂરી ફેરફારો કરવા વિચાર કરવામાં આવે. સુપ્રીમ કોર્ટની આ બેન્ચમાં જસ્ટિસ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાનો સમાવેશ થાય છે.

કોર્ટે નોંધ્યું હતું કે બીએનએસમાં નવી જોગવાઈઓનું લખાણ આઈપીસીની કલમ ૪૯૮એના શબ્દશઃ પુનઃલખાણ સિવાય કંઈ નથી. સિવાય કે આઈપીસીની કલમ ૪૯૮એની સમજૂતી હવે એક અલગ જોગવાઈ દ્વારા એટલે કે, ભારતીય ન્યાય



સંહિતા, ૨૦૨૩ની કલમ ૮૬ છે.

ઉપરાંત પ્રીતિ ગુપ્તા વિ. ઝારખંડ રાજ્ય (૨૦૧૦)ના કેસમાં કોર્ટે કલમ ૪૯૮એ ફરિયાદોમાં ઘટનાઓના અતિશયોક્તિપૂર્ણ સંસ્કરણના પ્રતિબિંબ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને જોગવાઈમાં ફેરફાર કરવા માટે વિધાનસભાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

આ યોગ્ય સમય છે કે વિધાનસભાએ વ્યવહારિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં લેવી જોઈએ અને વર્તમાન કાયદામાં યોગ્ય ફેરફારો કરવા જોઈએ. વિધાનમંડળ માટે માહિતગાર જાહેર અભિપ્રાય અને વ્યવહારિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં લેવું અને કાયદાની સંબંધિત જોગવાઈઓમાં જરૂરી ફેરફારો કરવા આવશ્યક છે. તેવું કોર્ટે પ્રીતિ ગુપ્તાના કેસમાં જણાવ્યું હતું.

પ્રીતિ ગુપ્તાના કેસનો સંદર્ભ લેતા જસ્ટિસ જે બી પારડીવાલાએ લખેલા ચુકાદાએ સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીને નિર્દેશ આપ્યો હતો કે ચુકાદાની નકલ કેન્દ્રીય ગૃહ પ્રધાન અને કેન્દ્રીય કાયદા અને ન્યાય પ્રધાન સમક્ષ મૂકવામાં આવે.

અમે રજિસ્ટ્રીને આ દરેક ચુકાદાની એક એક નકલ કેન્દ્રીય કાયદા સચિવ અને કેન્દ્રીય ગૃહ સચિવને અને ભારત સરકારને મોકલવાનો નિર્દેશ આપીએ છીએ, જેઓ તેને કાયદા અને ન્યાય મંત્રી તેમજ માનનીય મંત્રી સમક્ષ મૂકી શકે છે. મૂળ મામલાની જો વાત કરવામાં આવે તો પતિ દ્વારા પત્ની સામે ક્રૂરતા દર્શાવીને છૂટાછેડાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. છૂટાછેડાના કેસના જવાબમાં પત્ની દ્વારા પતિ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ ૩૨૩, ૪૦૬, ૪૯૮એ અને ૫૦૬ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

હાઈકોર્ટે સીઆરપીસીની કલમ ૪૮૨ હેઠળ તેની આંતરિક શક્તિઓનો ઉપયોગ ન કરીને પતિ સામેના ફોજદારી કેસને રદ કરવાનો ઈનકાર કર્યો હતો.

આઈપીસીની કલમ ૪૯૮એ માંથી ઉદ્ભવતા ફોજદારી કેસને રદ કરવાનો ઈન્કાર કરતા હાઈકોર્ટના નિર્ણય સામે પતિએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો.

શરૂઆતમાં કોર્ટે અવલોકન કર્યું હતું કે એફઆઈઆરને સંપૂર્ણ રીતે વાંચ્યા પછી જો એવું જણાય છે કે ફોજદારી કાર્યવાહી માત્ર આરોપીને હેરાન કરવાના હેતુથી શરૂ કરવામાં આવી હતી તો તે હાઈકોર્ટની ફરજ છે કે તેઓ તેમની કાર્યવાહી કરે અને સીઆરપીસીની કલમ ૪૮૨ હેઠળ અંતર્ગત સત્તાઓ આવી ફોજદારી કાર્યવાહીને રદ કરવા કાર્યવાહી શરૂ કરવામાં આવે.

ડ્રેનેજ સફાઈ અંતર્ગત થતા અકસ્માત નિવારવા સ્ટાફને અપાય તાલીમ

સેફ્ટીના સાધનોના ઉપયોગ અને સલામતી અંગે કરાયા માહિતગાર

અબતક, રાજકોટ

કોર્પોરેશનની ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા બેડીનાકા ખાતે ભૂગર્ભ ગટર તથા મશીન હોલની સફાઈ કામગીરી સાથે તેમજ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ડ્રેનેજ પંપીગ સ્ટેશન ખાતે ઓપરેશન મેઈન્ટેનન્સ સાથે સંકળાયેલ સફાઈ કામદારો-વ્યકિતઓની કામગીરી દરમ્યાન સેફ્ટીના સાધનોના વપરાશ તથા સુએજમાં ઉતપન્ન થતા હાઈડ્રોજન સલ્ફાઈડ,મિથેન, કાર્બન ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ જેવા ઝેરી વાયુ કે જે શ્વસન સંબંધીત સમસ્યાઓ સર્જી શકે છે તેમજ જીવલેણ સાબીત થઈ શકે છે. તેવીજ રીતે મિથેન વાયુની ૫% સુધીની માત્રા જવલંતશીલ સાબીત થઈ શકે છે તથા જીવલેણ અકસ્માત સર્જી શકે છે. આ કામગીરી સાથે સંકળાયેલા કામદારો સાથે ભવિષ્યમાં આવો કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સેફ્ટીના સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાથી તથા સફાઈ કામગીરીની યોગ્ય અનુસરવાથી શક્ય અકસ્માતો નીવારી શકાય છે. જે ધ્યાને લઈને ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા દ્વારા સેફ્ટી ટ્રેનીંગ આપવામાં આવી હતી.

જેમાં ડ્રેનેજ પ્રોજેક્ટ શાખાના પી. એમ કાસુન્દ્રા, આર. એલ. રાઠોડ, એમ. જે. રાઠોડ, એચ. નાગપરા, કે. વ્યાસ તેમજ દરેક વોર્ડના સેનેટરી ઈન્સ્પેક્ટરો તથા ઓપરેટરીંગ સ્ટાફ સ્થળ પર હાજર રહ્યા હતા.

ઉપરાંત આ તમામ કામદારોની આરોગ્યલક્ષી હેલ્થ ચેક અપ કેમ્પનું પણ આયોજન બેડીનાકા ડ્રેનેજ ઓફીસ અને વેસ્ટ ઝોન ઓફિસ ખાતે કરવામાં આવ્યા હતા. ભૂગર્ભ ગટર તથા મશીન હોલની સફાઈ કામગીરી દરમિયાન સેફ્ટીના સાધનોના વપરાશ તથા યોગ્ય એસઓપી અંગેની જાગૃતતા અને કામદારોની આરોગ્યલક્ષી હેલ્થ ચેક અપ કેમ્પનું માટે રાજકોટ મહાનગરપાલિકાના દરેક વોર્ડના અધિકારીઓ-કર્મચારીઓ તથા ભૂગર્ભ ગટર તથા મશીન હોલની સફાઈ કામગીરી સાથે સંકળાયેલ એજન્સીઓ તેમજ તેમના કામદારોને આ બાબતની જાણકારી મળે તે હેતુથી આ સેફ્ટી ટ્રેનીંગનુ અને કામદારોના હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેડી ગામે કૂવામાં પટકાતા શ્રમિકનુ મોત

કૂવો ગાળતી વેળાએ ચક્કર આવ્યા બાદ પટકાતા કાળ આંબી ગયોઃ હાર્ટ એટેક આવ્યાની આશંકા

અબતક, રાજકોટ

બેડી ગામની સીમમાં કૂવો ગાળવાનું કામ કરી રહેલા શ્રમિકને કામ કરતી વેળાએ ચક્કર આવતા યુવાન કુવામાં પડી જતાં મોત નિપજ્યું છે. યુવકને હાર્ટ એટેકનો હુમલો આવતા નીચે પટકાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જાણવા મળતી વિગતો મુજબ,મૂળ દાહોદ પંથકના અનેભળ બેડી ગામની સીમમાં મયુરભાઈ પટેલની વાડીમાં કૂવો ગાળવાનું કામ કરતા વિપુલ સમસુભાઈ તળવી નામના ૨૫ વર્ષીય યુવક ૬૦ ફૂટ ઊંડા કૂવામાં પડી જતાં અન્ય શ્રમિકે કોન્ટ્રાકટરને જાણ થતા વાડીમાલીકને જાણ કરી હતી અને બાદમાં ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર બ્રિગેડના સ્ટાફે પહોંચી જઈ શ્રમિક યુવાનનો મૃતદેહ બહાર કાઢી ૧૦૮ ને જાણ કરવામાં આવી હતી.૧૦૮ ના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.બનાવની જાણ થતા કુવાડવા પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી પોલીસે મૃતદેહને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી કરી છે.મૃતક યુવક બેડી ગામે મયુરભાઈ વાડીએ કૂવો ગાળવાનું કામ કરતા હતા અને આજે વિપુલને ચક્કર આવતા હોય જેથી તેણે તેને સાઈડમાં બેસી ગયા હતા બાદમાં યુવક અચાનક કુવામાં પડી ગયો હતો.મૃતક યુવકને હાર્ટ એટેક આવતા કૂવામાં પડી ગયો હોવાનું પ્રાથમિક તારણ લગાવવામાં આવી રહ્યું છે.

શહેર પોલીસના ત્રણ દરોડામાં દારૂની ૪૬૨ બોટલ ઝડપાઈ

કાઈમ બ્રાન્ચના દરોડામાં રૂ. ૫૯,૫૦૦ ની કિંમતનો ૩૪૧ બોટલ દારૂ સાથે સુરેશ હડાણી ઝડપાયો

અબતક, રાજકોટ

રાજકોટ શહેરમાં દારૂની બદ્દી ડામવા માટે પોલીસ દ્વારા સતત દરોડા અને ચેકીંગ સહીતની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે શહેરમાં અલગ અલગ ત્રણ દરોડામાં કુલ ૪૬૨ બોટલ દારૂના જથ્થા સાથે કુલ રૂ. ૮.૬૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે જયારે ત્રણ બુટલેગરોની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ ગઈકાલે એલસીબી ઝોન-૨ની ટીમે વામ્બે આવાસમાંથી દારૂના જથ્થા સાથે લિસ્ટેડ બુટલેગર ઈરફાન સૈયદની ધરપકડ કર્યા બાદ તેની કડી સ્વરૂપે સુરેશ ઉર્ફે સાગર દેવરાજ હડાણીણી ૩૪૧ બોટલ દારૂ સાથે ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો છે. જયારે થોરાળા પોલીસે ૨૫ બોટલ સાથે રૂ. ૧.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ઉપરાંત આજીડેમ પોલીસે ૯૬ બોટલ દારૂ સાથે બે બુટલેગરોને અટકાયતમાં લીધા છે.

બનાવની પ્રાથમિક વિગત મુજબ, શહેરના ચુનારાવાડ શેરી નંબર છ માં રહેતો સુરેશ ઉર્ફે સાગર દેવરાજ હડાણી નામના શખસ પોતાના મકાને દારૂ રાખ્યા હોવાની બાતમીના આધારે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે દરોડો પાડયો હતો જયાં તપાસ કરતા ૫૦ હજાર કિંમતનો ૩૪૧ બોટલ દારૂ મળી આવતા પોલીસે દારુ ,મોબાઈલ સહિત ૫૯,૫૦૦ મુદ્દામાલ કબજે કરી સુરેશ ઉર્ફે સાગરની ધરપક્કડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.જ્યારે આ દારૂના ગુનામાં કાલાવડ રોડ નજીક રહેતા ઈરફાન સૈયદનું નામ ખુલતા તેને ઝડપી લેવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરના થોરાળા પોલીસ મથક સ્ટાફ પેટ્રોલિંગમાં હોઈ ત્યારે જીઆઈડીસી ખોડીયારપરા નજીક વિસ્તારમાં શંકાસ્પદ કાર પડી હોવાની બાતમીના આધારે થોરાળા પોલીસ સ્ટાફે દરોડો પાડયો હતો જ્યાં જઈને શંકાસ્પદ કાર તપાસ કરતા ૧૦ હજાર કિંમતની ૨૫ બોટલ દારૂ મળી આવતા પોલીસે અજાણ્યા ફોર વ્હીલ ચાલક સામે ગુનો નોંધી દારૂ અને કાર સહિત રૂ.૧.૬૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

શહેરના શીતળાધાર ૨૫ વારીયામાં સરદાર ગૌશાળાની બાજુમાં એક સિલ્વર કલરની કાર જીજે૦૩એન કે ૪૭૮૯ નામની દારૂ ભરેલી કાર હોવાની બાતમીના આધારે આજીડેમ પોલીસ સ્ટાફે દરોડો પાડયો હતો. જ્યાં જઈને શંકાસ્પદ કાર ચાલકને ઊભો રાખી કાર તપાસ કરતા પોલીસને કારમાંથી ૨૮ હજાર કિંમતની ૯૬ બોટલ દારૂ મળી આવ્યો હતો.બંને શખસનું નામ પૂછતા કોઠારિયા સોલવનમાં રહેતો રોહિત પરમાર અને જૂનાગઢમાં રાજીવ નગર રોડ પર રહેતો અભય જીતુ કોડિયતર હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી દારૂ, મોબાઈલ અને કાર સહિત રૂ.૬.૫૦ હજારનો મુદ્દામાલ હાથ ધરી છે.

રાષ્ટ્રપ્રથમ ચિંતન બેઠક એ સનાતન ધર્મ પ્રત્યેની ક્ષાત્રધર્મી અખંડ નિષ્ઠાનું સહજ દર્શન હતુંઃ માંધાતાસિંહજી જાડેજા

અબતક, રાજકોટ

તાજેતરમાં રાજકોટ રાજ પરિવારના આંગણે સંપન્ન થયેલી રાજવીઓની રાષ્ટ્ર પ્રથમ ચિંતન બેઠક ને નિશાના પર લઈને કેટલાંક મિત્રો દ્વારા કરવામાં આવતી રાજકીય ટીપ્પણીઓથી નારાજ થયેલાં રાજકોટ ઠાકોર સાહેબ શ્રી માંધાતા સિંહજી જાડેજાએ પોતાની તીવ્ર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે ભારતીય રાજાશાહી વ્યવસ્થાના રાજવીઓ અને સમગ્ર ક્ષત્રિય સમાજે પ્રજા, રાજ્ય અને રાષ્ટ્ર માટે કરેલાં સર્વજન હિતાય-સર્વજન સુખાય કાર્યો તેમજ આપેલાં ગૌરવવંતા બલિદાનો અંગે અમારે રાજવીઓએ કે ક્ષત્રિય સમાજને કોઈની પણ પાસેથી કોઈ જ પ્રકારના પ્રમાણપત્રોની આવશ્યકતા નથી. અમારો રાજવીઓ અને સમગ્ર ક્ષત્રિય સમાજનો ભવ્યાતિભવ્ય ઈતિહાસ જ અમારા આત્મ સન્માન, અમારી અસ્મિતા, અમારા ગૌરવનો આધાર છે. સત્તાના રાજકારણમાં તુષ્ટીકરણ નીતિ અપનાવીને આપણાં સનાતન ધર્મ તેમજ ભારતીય સંસ્કૃતિને ભયંકર નુકશાન પહોંચાડીને રાજકીય સ્વાર્થ સાધનાર રાજકીય પાર્ટી એવા કોંગ્રેસ પક્ષના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રીમાન શક્તિસિંહજી ગોહિલે રાજકોટ કોંગ્રેસ આયોજીત ચૂંટણી સભામાં ગુજરાતના અમો રાજવીઓ વિશે જાહેર ટીપ્પણી કરતાં પૂર્વે સત્ય વિષયક થોડો ગહનતાથી અભ્યાસ કરવાની આવશ્યકતા હતી. કોઈ જ પ્રકારના નક્કર આધાર વિના આપનાં જેવાં સમર્થ કાયદાવિદ, અભ્યાસુ અગ્રણી અને ક્ષત્રિય સંતાનના મુખેથી રાજવીઓ વિશેના નિમ્નકક્ષાના નિવેદનથી ક્ષણિક રાજકીય લાભ પ્રાપ્ત થઈ શકે પરંતુ નૈતિકતા અને ક્ષાત્રધર્મનું તો નિકંદન જ નિકળી જાય.

રાજકોટ રાજ પરિવારના આંગણે સંપન્ન થયેલી રાષ્ટ્ર પ્રથમ ચિંતન બેઠક એ અમો રાજવીઓનાં ઉધોગ-ધંધા, વ્યક્તિગત લાભો કે વીડીની જમીન બચાવવા માટેની ન હતી, પરંતુ એક રાજવીની રાષ્ટ્ર ભકિત, સાંસ્કૃતિક સંવેદના, પારંપરિક પ્રમાણ અને સનાતન ધર્મ પ્રત્યેની ક્ષાત્રધર્મી અખંડ નિષ્ઠાનું સહજ દર્શન હતું. ભાઈશ્રી શક્તિસિંહજી એક રાજકીય પક્ષના પ્રદેશ અધ્યક્ષ તરીકે કદાચ આપની મજબૂરી હશે કે આપે આપના આકાઓને ખુશ કરવા માટે શ્રીમાન જગદીશભાઈ ઠાકોરની તુલના શિવાંશ શ્રી હનુમાનજી મહારાજ સાથે કરવી પડે. આપનાં જ શબ્દોની આપને યાદ અપાવું કે ક્ષત્રિયો તો મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીના વંશજો છે. તો મારે આપને પૂછવું છે કે મર્યાદા પુરુષોત્તમના વંશજો જ મર્યાદાનું ઉલ્લંઘન કરીને બેફામ વાણીવિલાસ કરશે ? ક્ષણિક લાભ માટે ચૂંટણીને કેન્દ્રમાં રાખીને સત્તાલક્ષી મતદાનલક્ષી, રાજકીય કે વ્યક્તિગત સ્વાર્થની પરિપૂર્તિ માટે હવાતીયા મારવાં એ રાજકીય ક્ષેત્રનું હથિયાર હોઈ શકે પરંતુ ભ્રામક વાતો કરીને સ્વાર્થ પ્રેરિત અભિગમથી કથની અને કરણીમાં ભેદ રાખવો એ અમો રાજવીઓનું કાર્ય નથી.

વાહન લે-વેચ કરનારાઓને ફરજીયાત રજીસ્ટર રાખવા આદેશ

અબતક, રાજકોટ

દેશમાં ગુનાઈત કે આતંકી પ્રવૃત્તિઓમાં વાહનોના ઉપયોગના કિસ્સાઓ જોતા રાજકોટ શહેર તથા પોલીસ કમિશન વિસ્તારમાં જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષા માટે, શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે વાહન વેચનારાઓ માટે કેટલાક નિયમો લાગુ કરતું જાહેરનામું જારી કર્યું છે. જેમાં વાહન વેચાણની દુકાન ધરાવતા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ વાહન વેચતી વખતે નીચેની સૂચનાઓનું અવશ્ય પાલન કરવા ફરમાન જારી કરાયું છે.

જાહેરનામા મુજબ, વાહન ખરીદનારને બિલ આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી. વાહન લેનારા ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ, આધાર કાર્ડ કે નોકરી કરતાં હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણ પત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવાં કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્ય, સાંસદસભ્ય, કોઈપણ ખાતાના રાજ્ય પત્રિત અધિકારી તરફથી મેળવેલા ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી વાહન વેચાણ કરનારે મેળવી તેનો રેકર્ડ નિભાવવાનો રહેશે.

ઉપરાંત તમામ વાહનોના વેચાણ બીલમાં ખરીદનારનું પુરૂ નામ - સરનામું, સંપર્ક માટે ટેલીફોન/ મોબાઈલ નંબર, વાહનનો પ્રકાર, વાહનનો એન્જીન નંબર, ફ્રેમચેસીસ નંબર હોવો આવશ્યક છે. સાયકલ સહિત તમામ ટુવ્હીલર, ફોર વ્હીલર તથા અન્ય વાહનો, ભારે વાહનોના વેચાણ અંગેના રેકર્ડ, ચકાસણી માટે વેચાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી / પોલીસ કર્મચારી દ્વારા માંગવામાં આવે ત્યારે જરૂરી વિગતો મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજૂ કરવાના રહેશે.

આ જાહેરનામું તા.૧/ ૫/ ૨૦૨૪ થીતા.૩૦/ ૬/૨૦૨૪ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ કરનાર ભારતીય ફોજદારી અધિનિયમસને ૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ખેતીવાડી અધિકારીએ ગરમીના દિવસોમાં ખેડુતોને સાવચેતી રાખવા આપ્યુ માર્ગદર્શન

અબતક,રાજકોટ

ઉનાળાના સમયે રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા મે માસમાં હિટવેવની ચેતવણી આપવામાં આવી છે, ત્યારે ઉનાળુ ઋતુના ઊભા પાક અંગે સાવધાની રાખવા માટે રાજકોટ જિલ્લા પંચાયતના જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા સાવધાનીના પગલાં અંગે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

જે મુજબ, જિલ્લામાં ખેડૂતોએ ખેતરમાં ઊભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. તેમજ વહેલી સવારે તથા સાંજના સમયે પિયત આપવું. આ સાથે જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવા પાકના અવશેષો, પોલીથીન તેમજ માટી વડે ઢાંકવું. તેમજ જમીનમાં ભેજ જળવાઈ રહે તે માટે ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો. બપોરના કલાકો દરમિયાન ખેતી વિષયક પ્રવૃત્તિઓ બંધ રાખવી. જેથી ખેડૂતોને ગરમીમાં રાહત મળી શકે.

ઉપરાંત પશુઓને છાંયડામાં રાખવા. તેમના પીવાના પાણી માટે ચોખ્ખું અને ઠંડુ પાણી આપવું. તેમજ પશુોને ખોરાકમાં લીલું ઘાસ અને ખનીજયુક્ત દ્રવ્ય આહાર આપવો. ઓછી ગરમીના કલાકોમાં પશુઓને ચરાવવા માટે લઈ જવા તેમજ બપોરના સમયે દુધાળા પશુઓને ચરાવવા નહીં કે ખોરાક આપવો નહીં.

કૃષિ હવામાન એડવાઈઝરી અને સેવાઓ માટે મેઘદૂત મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવી તથા તેમાં જણાવેલી વિગતોનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરવો.

આ અંગે વધુ જાણકારી માટે પોતાના વિસ્તારના ગ્રામ સેવક કે વિસ્તરણ અધિકારી, ખેતીવાડી અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, મદદનીશ ખેતી નિયામક, તાલુકા અમલીકરણ અધિકારી અથવા કિસાન કોલ સેન્ટરનો સંપર્ક તકરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

યુવા ઉદ્યોગપતિ ભાવેશભાઈ મહેતાનો આજે જન્મદિવસ

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ઔદ્યોગિકક્ષેત્રે યુવા વયે સારી સુવાસ મેળવનાર યુવા ઉદ્યોગપતિ અને અનેકવિધ સામાજિક સેવા ના કાર્યો સામાજિક ધાર્મિક સંસ્થાઓ અને ટ્રસ્ટ મહાવીર પુરમ જૈન તીર્થસાથે જોડાયેલા અને શ્રી યોગેશ્વર ગૌશાળા માણાવદર ના ટ્રસ્ટી ભાવેશભાઈ કિશોર ચંદ્ર મહેતા નો આજે જન્મદિવસ હોય વિશાળ મિત્ર વર્તુળ અને સતત ધર્મ અને માનવસેવા માં સક્રિય રહેતા ભાવેશભાઈ મેતાને તેમના જન્મદિવસે દીર્ઘાયુ અને સફળ જીવનની શુભકામના સામાજિક રાજકી આગેવાનો સાધુ-સંતો અને મિત્ર વર્તુળ આપી રહ્યા છે.

ચામુંડાનગરનો નામચીન શખ્સ પાસાના પિંજરે પુરાયો

રાજકોટ, સુરેન્દ્રનગર અને સુરત સહિતના ૯ ગુનામાં પોલીસના ચોપડે ચડી ગયેલા શખસને જામનગર જેલમાં ધકેલાયો

અબતક, રાજકોટ

લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી દારૂ સહિતના ગુનામાં સંડોવાયેલા શખ્સ વિરુદ્ધ પાસા ની કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે શહેરના ચામુંડા નગરમાં રહેતો રાજકોટ,સુરત અને સુરેન્દ્રનગર સહિતના જુદાજુદા ૯ ગુનામાં સંડોવાયેલો શખસ ને પાસા હેઠળ કાર્યવાહી કરી જામનગર મધ્યસ્થ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે. શહેરના ચામુંડા નગરમાં રહેતો

મોહિત બટુકભાઈ બારૈયા નામનો શખ્સ દારૂ અંગેના ગુનામાં ઝડપાઈ ગયો હતો જે બાબતે કાર્યવાહી કરી ભક્તિનગર પોલીસ સ્ટાફે પાસા હેઠળ જેલમાં ધકેલવાની દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ મોકલવામાં આવતા તેમણે પાસા હેઠળની દરખાસ્ત મંજૂર કરતા વોરંટ ભક્તિનગર પોલીસ પીઆઈ મયુર ધ્વજ સિંહ સરવૈયા સહિતના સ્ટાફે ચામુંડા નગરમાં રહેતા મોહિત બારૈયા ની ધરપકડ કરી જામનગર મધ્યસ્થ જેલમાં ધકેલવામાં આવ્યો છે. મોહિત બારૈયા સામે રાજકોટ , સુરેન્દ્રનગર અને સુરત ૯ વધુ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે.

બ્લેક ફિલ્મના વેચાણ પર ટ્રાફિક પોલીસની કાર્યવાહી : ત્રણ ધંધાર્થીઓ વિરૂદ્ધ ગુનો દાખલ

જય જલારામ કાર એસેસરીઝ, ઈન્ડિયન કાર ડેકોર અને રાણપરા રેડિયમ આર્ટના સંચાલકો વિરૂદ્ધ કાર્યવાહી

અબતક, રાજકોટ

શહેરમાં બ્લેક ફિલ્મ વિરુદ્ધ ટ્રાફિક પોલીસ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. ફકત વાહનમાં બ્લેક ફિલ્મ લગાડીને ફરતા શખ્સો જ નહિ પણ બ્લેક ફિલ્મના વેચાણ સાથે સંકળાયેલા ધંધાર્થીઓ વિરુદ્ધ ગુન્હા દાખલ કરી ટ્રાફિક પોલીસે બ્લેક ફિલ્મ વિરુદ્ધ ઝુંબેશ હાથ ધરી છે. ટ્રાફિક પોલીસે બ્લેક ફિલ્મનું વેચાણ કરતા ત્રણ વેપારીઓ વિરુદ્ધ જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

ટ્રાફિક પોલીસ દ્વારા આપવામાં આવેલી વિગત અનુસાર શહેરમાં અનેક લોકો વાહનોમાં બ્લેક ફિલ્મ લગાડી કાળા કાચ કરીને રોફ જાડતા હોય છે ત્યારે ટ્રાફિક નિયમના ઉલ્લંઘન બદલ કારના કાળા કાચ કરીને ફરતા શખ્સો વિરુદ્ધ સમયાંતરે દંડરૂપી ધોકો તો ઉગામવામાં આવતો જ હોય છે પણ મૂળ સુધી પહોંચવાના ઉદેશ્ય સાથે બ્લેક ફિલ્મનું વેચાણ કરતા ધંધાર્થીઓ વિરુદ્ધ કાર્યવહીરૂપી ઝુંબેશની શરૂઆત કરવામાં આવી છે.

શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ફોર વ્હીલ કારમાં લગાવવમાં આવતીકાલે ગેરકાયદેસર બ્લેક ફિલ્મનું વેચાણ કરતા ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા હેતુસર ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરીને ગોંડલ રોડ પર આવેલી જય જલારામ કાર એસેસરીઝ નામની પેઢીના સંચાલક દેવેન્દ્ર મોહનભાઈ રાયચુરા, ઈન્ડિયન કાર ડેકોરના સુરેશભાઈ હેમરાજભાઈ ઝરીયા અને પેઈન્ટ રાણપરા રેડિયમ આર્ટ પેઢીના શૈલેષ રતિલાલ રાણપરા વિરુદ્ધ જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી કાર્યવાહી કરી છે.

પૂ. ધીરગુરૂદેવના અનુગ્રહથી વિનામૂલ્યે છાસ વિતરણ કેન્દ્રનો પ્રારંભ

અબતક,રાજકોટ

વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટના ઉપકમે પૂ. ધીરગુરૂદેવના અનુગ્રહથી દર વર્ષની જેમ ઉનાળુ છાસ વિતરણ યોજનાનો વિનામૂલ્યે પ્રારંભ કરાતાં અનેક પરિવારોને લાભદાયી બનવા પામેલ છે.

ધોરાજીમાં ગુલાબબેન કેશવલાલ વોરા અને તારાબેન જેઠાલાલ મોદી કલકતા, રાજકોટમાં શ્રી જશ-પ્રેમ-ધીર સંકુલ, વૈશાલીનગરમા મંજુલાબેન ઉત્તમચંદ મોદી, શ્રમજીવીમાં રંજનાબેન જયંતભાઈ કામદાર, મનહરભાઈ અને મુકતાબેન પારેખ અમેરીકા, તેમજ લાખાણી પરિવાર, સુવિધિ બોટાદરા, શૈલી સિધ્ધાર્થવોરા વગેરે સહભાગી બન્યા છે. ગોળ અને કેરીનું વિતરણ દાતાઓના સહયોગથી કરવામાંઆવે છે. આ યોજનામાં

રૂ.૫૧ હજાર, રૂ. ૨૫ હજાર, રૂ.૧૧ હજારની યોજનામાં સહાયક શ્રેણીમાં લાભ લઈ શકાશેઃ મો. ૯૯૭૯૨૩૨૩૫૭નો સંપર્ક કરવો.

ટંકારાઃ બાવળની ઝાડીમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

અબતક, ઋષીમહેતા, મોરબી

મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે મોરબી રાજકોટ હાઈવે ટંકારા નજીક આવેલ ખજૂરા હોટલથી આગળ બાવળની ઝાડી નીચે તીનપત્તીનો જુગ રમતા કુલ ત્રણ જુગારીને રોકડા ૩.૦૧ લાખ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન પકડાયેલ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે મળેલ બાતમીબે આધારે ટંકારા નજીક આવેલ ખાજુરા હોટલથી આગળ રોડની જમણી બાજુએ દરોડો પાડતા બાવળની ઝાડી નીચે તીનપત્તીના જુગારની બાઝી માંડી બેઠેલા પ્રકાશભાઈ વશરામભાઈ ફેફર ઉવ.૪૬ રહે.રાજકોટ તીર્થ એપાર્ટમેન્ટ બ્લોક નં.૪૦૨ મુળરહે. હિરાપર તા.ટંકારા જી.મોરબી, કલ્પેશભાઈ ધીરૂભાઈ બરાસરા ઉવ.૩૮ રહે.મોરબી આલાપરોડ કુંજગલી શેરી મુળ રહે.નસીતપર તા.ટંકારા જી.મોરબી તથા પિન્ટુલ કરશનભાઈ કાવર ઉવ.૪૨ રહે.મોરબી રવાપર રોડ દર્પણ સોસાયટી બ્લોક નં.૧૮૨/અ મુળ રહે.નાનાભેલા તા.માળીયા મિં. જી.મોરબીને ઝડપી લેવાયા હતા. મોરબી એલસીબી પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૩,૦૧,૦૦૦/- કબ્જે લઈ પકડાયે ત્રણેય આરોપીઓ સને ટંકારા પોલીસ મથકમાં કેસ દાખલ કરાવી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મતદાનના દિવસે મંગળવારે ચાર્ડ રહેશે બંધ

મુખ્ય યાર્ડ અને સબ યાર્ડમાં કામકાજ બંધ રાખવાની જાહેરાત

અબતક, રાજકોટ

ગુજરાતની લોકસભાની બેઠકો માટે આગામી મંગળવારના રોજ મતદાન યોજાવાનું છે ત્યારે વેપારીઓ, સ્ટાફના કર્મચારીઓ અને ખેડૂતો મતદાન કરી શકે તે માટે ૭ મેના રોજ રાજકોટ માર્કેટીંગ યાર્ડ બંધ રહેશે. એવી જાહેરાત સેક્રેટરી બી.આર.તેજાણી દ્વારા કરવામાં આવી છે.

મતદાનના દિવસે કર્મચારીઓને પણ સવેતન રજા આપવા માટે રાજ્ય સરકાર દ્વારા પરિપત્ર પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. અલગ-અલગ ઔદ્યોગીક એકમો દ્વારા પણ મતદાનના દિવસે રજા જાહેર કરવામાં આવી છે. દરમિયાન આજે રાજકોટ માર્કેટીંગ યાર્ડ દ્વારા એવી જાહેરાત કરવામાં આવી હતી કે ૭મી મેના રોજ મતદાનના દિવસે મુખ્ય યાર્ડ તથા સબ યાર્ડમાં કામકાજ બંધ રાખવામાં આવશે. એકપણ પ્રકારની જણસીનો સ્વિકાર કરવામાં આવશે નહિં કે હરાજી હાથ ધરાશે નહિં.

જામનગર રોડ પરની મારૂતિનંદન સોસાયટીના રહેણાંક મકાનમાંથી રૂ.૭૯ હજારની મતાની ચોરી

બંધ મકાનના તાળા તોડી ચોરીની ઘટનાને અંજામ આપી તસ્કર ફરાર

અબતક, રાજકોટ

શહેરના જામનગર રોડ બી.એ. ડાંગર કોલેજની પાછળ મારુતિ નંદન સોસાયટીમાં પચીસવરિયા મકાનમાં રહેતા સંદીપભાઈ રામજીભાઈ નકુમના ઘરમાં અજાણ્યો શખ્સે તાળું તોડી ઘરમાં રહેલી તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી રૂ. ૭૯૦૦૦/- મત્તાની ચોરી કરી છે.જેની ફરિયાદ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ફરિયાદી તેના પરિવાર સાથે એક રાત બહાર ગયા હતાં ત્યારે, કોઈ અજાણ્યા શખ્સે ઘરમાંથી હાથફેરો કરી કુલ રૂ. ૭૯૦૦૦/- ની ચોરીને અંજામ આપ્યો હતો. ચોરીમાં રોકડ રૂ. ૧૮૦૦૦ અને સોના ચાંદી મળી ૫૦૦૦૦ ની મત્તા તસ્કર ઉઠાવી ગયાની ફરિયાદ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવામાં આવી છે. પોલીસે તપાસનો ધમધમાટ આદરી ધોરણસરની કાર્યવાહી હાથધરી છે.

લોકશાહીના પર્વની શાંતિપુર્ણ ઉજવણી માટે શહેરમાં ૨૭૦૦થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ ખડેપગે રહેશે

૧૨૦૦ પોલીસ કર્મચારીઓ, ૧૪૦૦ હોમગાર્ડના જવાનો સાથે એસઆરપી-સીઆરપી અને બીએસએફની ચાર ટુકડીઓ રહેશે તૈનાત

અબતક, રાજકોટ

આગામી લોકશાહીના મહાપર્વની ઉજવણી શાંતિપૂર્ણ વાતાવરણમાં થાય તે હેતુસર શહેર પોલીસ દ્વારા બંદોબસ્તનો સંપૂર્ણ પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે.

શહેરમાં સંવેદનશીલ મતદાન મથકોની યાદી તૈયાર કરીને ત્યાં બંદોબસ્ત માટે વિશેષ પ્લાન તૈયાર કરવામાં આવ્યાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. સાથોસાથ પોલીસ કમિશ્નરની સીધી દેખરેખ હેઠળ આશરે ૨૭૦૦થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ તૈનાત રહેનાર છે.

પ્રાપ્ત વિગત અનુસાર આગામી ૭ તારીખે લોકસભા ચૂંટણીના મતદાન અન્વયે શહેર પોલીસ દ્વારા બંદોબસ્તનો પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. જે મુજબ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવની સીધી દેખરેખ હેઠળ ૪ ડીસીપી, ૮ એસીપી અને ૨૬થી વધુ પીઆઈ શહેરભરના તમામ મતદાન મથકો પર સીધી નજર રાખનાર છે.

ઉપરાંત શહેરમાં શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થાય તેવા હેતુસર ૧૦૦થી વધુ પીએસઆઈને બંદોબસ્તમાં ગોઠવવામાં આવનાર છે.

જેમની સાથે ૧૨૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ અને ૧૪૦૦ જેટલાં હોમગાર્ડના જવાનો સતત ખડેપગે રહેનાર છે. આ સિવાય એસઆરપી અને સીઆરપીએફ અને બીએસએફની કુલ ૪ જેટલી ટુકડીઓના આશરે ૩૨૦ જેટલાં જવાનો પણ સુરક્ષા વ્યવસ્થામાં જોડાનાર છે.

શહેરીજનોને શાંતિપૂર્ણ વાતાવરણમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

સંવેદનશીલ મતદાન મથકો પર ખાસ બંદોબસ્ત વ્યવસ્થા ગોઠવાશે

શહેરમાં આવેલા સંવેદનશીલ મતદાન મથકો પર સુરક્ષા વ્યવસ્થા જાળવવા માટે ખાસ બંદોબસ્ત વ્યવસ્થા ગોઠવવા પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની સાથોસાથ સીઆરપીએફ – એસઆરપી અને બીએસએફના હથિયારધારી જવાનોને મતદાન શરૂ થાય ત્યારથી મતપેટીઓ સ્ટ્રોંગ રૂમમાં રાખવામાં આવે ત્યાં સુધી બંદોબસ્તની અમલવારી કરવામાં આવશે.

૪ ડીસીપી, ૮ એસીપી, ૨૬ પીઆઈ, ૧૦૦થી વધુ પીએસઆઈની મતદાન મથકો પર રહેશે નજર

શહેરમાં લોકશાહીના મહાપર્વે ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. જેમાં પોલીસ કર્મચારીઓ–હોમગાર્ડના જવાનોની સાથોસાથ સીઆરપીએફ, એસઆરપી અને બીએસએફ જવાનોની ચાર ટુકડીઓ તો તૈનાત રહેશે જ સાથોસાથ શહેરના ચાર ડીસીપી, ૮ એસીપી, ૨૬ પીઆઈ અને ૧૦૦થી વધુ પીએસઆઈ સતત ખડેપગે રહીને વોચ રાખનાર છે.

ન હોય... અદ્યતન અને ડિઝાઈનર કપડાનું વિશાળ કલેકશન હવે રાજકોટમાં

કપડાની શોખીન મહિલાઓ માટે ૭૦થી વધુ બ્રાન્ડ એક જ રૂફ હેઠળ "મોન્સુન ડિઝાઈનર સ્ટોર" બન્યું આકર્ષણનું કેન્દ્ર

હવે મોર્ડન કપડા ખરીદવા મેટ્રો શહેર સુધી ધક્કા નહીં થાય

અબતક, રાજકોટ

રાજકોટ રંગીલું શહેર તરીકે ઓળખાય છે. એટલુજ નહિ અંહી વસવાટ કરતા લોકો ખાવા,પીવા, હરવા – ફરવાના શોખીન છે. એટલુજ નહિ કપડાના પણ શોખીન છે. ત્યારે આજના સમયમાં રાજકોટમાં દરેક સુવિધા ઉપલબ્ધ છે પરંતુ આજે પણ મહિલાઓ ડિઝાઈનર કપડાં પહેરવા માટે અથવાતો તેની ખરીદી કરવા માટે અમદાવાદ જવા

(અનુ. આઠમા પાને)

સ્ટોર પર "પોપ અપ્સ" પણ કરવામાં આવશે

સ્ટોરના સંચાલક અને સ્થાપક મીનલબેને જણાવ્યું હતું કે મોન્સૂન ડિઝાઈનર સ્ટોર ખાતે પોપ અપ્સ સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. જેમાં અન્ય બ્રાન્ડ અથવા તો ચીજ વસ્તુઓ ને સ્ટોર પર સોકેસ કરવામાં આવશે. હાલ ત્રણ દિવસ માટે એકાયા સ્ટોરની વસ્તુઓ લોકો માટે (અનુ. આઠમા પાને)

૭૦ પ્લસ ડિઝાઈનિંગનું વિશાળ કલેકશનઃ મીનલબેન રાજગુરુ

મોનસુન ડિઝાઈનર શોપના મીનલબેન રાજગુરુએ જણાવ્યું હતું કે રાજકોટ ખાતે શરૂ થયેલ આ સ્ટોરમાં ૭૦ થી વધુ ડિઝાઈનિંગ કપડાઓનું વિશાળ કલેકશન ઉભું કરવામાં આવ્યું છે. જે દર મહિને બદલાતું રહેશે જેથી મહિલાઓને ઘણો સારો ચાન્સ અને સારી તક મળી શકે નવા વસ્ત્રોની ખરીદી કરવા માટે. અત્યાર સુધી વિશાળ રેન્જ તો જોવા મળતી હોય છે પરંતુ સમયાંતરે જે ડિઝાઈનમાં બદલાવ આવવો જોઈએ તે પ્રકારના કપડાનું (અનુ. આઠમા પાને)



અઢારેય વરણને સાથે રાખી પરેશ ધાનાણી સાંજે પ્રગટાવશે સ્વાભિમાનની જ્યોત



સાંજે ૬:૦૦ કલાકે બહુમાળી ભવન ચોક સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે 'મિલે સૂર મેરા તુમ્હારા તો સૂર બને હમારા'ના ગીત સાથે સ્વાભિમાન જ્યોતના દિવડાં ઝગમગશે

અબતક, રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અને લડાયક યુવા નેતા પરેશભાઈ ધાનાણી દ્વારા આજે સાંજે ૬:૦૦ કલાકે રેસકોર્ષ સ્થિત બહુમાળી ભવન ચોક ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે સ્વાભિમાનની જ્યોત પ્રગટાવવામાં આવશે. આ અવસરે તમામ જ્ઞાતિ-જાતિ અને ધર્મના લોકોને ઉમટી પડવા માટે રાજકોટ સ્વાભિમાન જ્યોત સંકલન સમિતિના કાર્યકર્તાઓ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કોંગ્રેસના ઉમેદવાર પરેશભાઈ ધાનાણીને રાજકોટવાસીઓનું પ્રચંડ સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે. ક્ષત્રિય સમાજ સહિતના તમામ સમાજના લોકો તેઓને ઉમળકાભેર આવકાર આપી રહ્યા છે ત્યારે ચાલો એક દિપ જલાવી અજવાળું પાછું લાવીએનો નાદ બુલંદ બની રહ્યો છે. તમામ સમાજ, જ્ઞાતિ-જાતિ અને ધર્મના લોકોને સાથે જ રાખી પરેશભાઈ ધાનાણી આજે સાંજે સ્વાભિમાનની જ્યોત પ્રગટાવશે. રેસકોર્ષ ખાતે બહુમાળી ભવન ચોક સ્થિત સરદાર વલ્લભભાઈ પ્રતિમા ખાતે આજે મોટી સંખ્યામાં લોકો એકાબીજા પ્રત્યે સમર્પણની ભાવના અને મિલે સૂર મેરા તુમ્હારા તો બને સૂર હમારાના ગીત સાથે સ્વાભિમાન જ્યોતના દિવડાં પ્રગટાવશે. સમગ્ર ચૂંટણીમાં અને ચૂંટણી પછી પણ સ્વાભિમાનની રક્ષા કરવા માટે તમામ સમાજ સંપીને આ સ્વાભિમાનની જ્યોત પ્રગટાવવા માટે ભારે ઉત્સાહિત છે. આ ઐતિહાસિક કાર્યક્રમમાં રાજકોટ શહેર તથા જિલ્લાની તમામ સામાજીક સંસ્થાઓ, જ્ઞાતિના મંડળો અને મોટી સંખ્યામાં મહિલાઓને હાજર રહેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે પરેશભાઈ ધાનાણીએ જ્યારથી રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું છે ત્યારથી તેઓએ આ જંગને સ્વાભિમાન યુદ્ધ જાહેર કર્યું છે. સ્વાભિમાનની લડાઈ લડવા માટે પોતે રાજકોટ આવ્યા હોવાનો પણ ઘોષણા કરી હતી. ચૂંટણી પ્રચાર દરમિયાન તેઓને રાજકોટ લોકસભા બેઠકમાં સમાવિષ્ટ થતી તમામ વિધાનસભા બેઠકમાં પ્રચંડ જનસમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે. વોર્ડ વાઈઝ સ્કૂટર રેલી, લોકસંપર્ક સહિતના આયોજનમાં પણ શહેરીજનોએ તેઓને હોંશભેર વધાવી લીધા હતા. ક્ષત્રિય સમાજ અડીખમ બની પરેશભાઈ ધાનાણી સાથે ઉભો છે. ગઈકાલે પરેશભાઈ ધાનાણીના સમર્થનમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિના રાષ્ટ્રીય પ્રભારી મુકુલ વાસનીક અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જંગી જાહેરસભા સંબોધી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ૨૦૦૯નું પુનરાવર્તન કરવા માટે કોંગ્રેસના કાર્યકરો એંડીચોંટીનું જોર લગાવી રહ્યા છે. તમામ ધર્મના અને જ્ઞાતિના લોકો પરેશભાઈને ફૂલડે વધાવી રહ્યા છે. તેઓ સિંઘમ સ્ટાઈલથી ચૂંટણીનો પ્રચાર કરી રહ્યા છે. રાજકોટનું ચૂંટણી મેદાન હવે સ્વાભિમાનની લડતમાં ફેરવાઈ ગયું છે. પરેશભાઈ પરિવર્તનનો પરચમ લહેરાવવા આગળ વધી રહ્યા છે. આજે સાંજે યોજાનારી સ્વાભિમાન જ્યોતને લઈ કાર્યકરો ઉપરાંત સમર્થકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તમામ અઢારેય વરણના લોકોમાં પરેશભાઈ તરફી જુવાળ જોવા મળી રહ્યો છે. શહેર

મહિલા સ્વાભિમાન જ્યોત

રાજકોટ લોકસભા સીટના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર **પરેશભાઈ ધાનાણી** દ્વારા તમામ સમાજ જ્ઞાતિ જાતિ અને ધર્મના લોકો સાથે મળીને સ્વાભિમાનની જ્યોત પ્રગટાવશે.

તારીખ 4/5 ને શનિવારના રોજ સાંજે છ કલાકે સરદાર પટેલ સાહેબની પ્રતિમા બહુમાળી ભવન રેસકોર્સ પાસે મોટી સંખ્યામાં એકબીજા પ્રત્યે સમર્પણની ભાવના અને "મિલે સૂર મારા તુમ્હારા તો સૂર બને હમારા" ના ગીત સાથે સ્વાભિમાન જ્યોતના દીવડા પ્રગટાવશે.

સમગ્ર ચૂંટણીમાં અને ચૂંટણી પછી પણ રાજકોટમાં સદભાવના, સભ્યતા અને સ્વાભિમાનની રક્ષા કરવા સર્વે સમાજ સંપીને આ સ્વાભિમાનની જ્યોત પ્રગટાવશે.

સ્વાભિમાન જ્યોતનો ઐતિહાસિક કાર્યક્રમ યોજાઇ રહેલ હોય રાજકોટ શહેર અને જિલ્લાના તમામ સામાજિક સંસ્થાઓ, જ્ઞાતિના મંડળો, મહિલા મંડળો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

રાજકોટ સ્વાભિમાન જ્યોત સંકલન સમિતિના કાર્યકર્તાઓ દ્વારા તમામ જ્ઞાતિ-જાતિ અને ધર્મના લોકોને ઉપસ્થિત રહેવા માટે પાઠવાયું નિમંત્રણ

કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલભાઈ રાજાણીના નેતૃત્વમાં શહેર કોંગ્રેસની આખી ટીમ ખભ્ભે-ખભ્ભા મિલાવીને કામ કરી રહી છે. તાજેતરમાં પરેશભાઈ ધાનાણીએ સિંઘમ-૩ ની શરૂઆત કરી હતી. જેમાં તેઓએ ટ્વીટર પર લખ્યું હતું કે "સરદાર"ના અસલી વારસોએ હવે ખૂદ જ સિંઘમ બની અને સત્તાની એડીએ અઢારેય વરણ પર અત્યાચાર કરનારા બધા જ જયકાંત સિકરેના અહંકારને ઓગાળવાની લડાઈને આગળ ધપાવવા માટે લોકોને વિનંતી કરી હતી. તાજેતરમાં શહેરના જાણીતા ડો.નિશાંત અને નિશીતા ચોટાઈની ૨૦મી લગ્નગાંઠ નિમિતે કોંગ્રેસના પરેશભાઈ ધાનાણીના સમર્થનમાં પ્રબુધ્ધ કોંગ્રેસી શ્રેષ્ઠીઓ એકત્રિત થયા હતા. જેમાં પરેશભાઈ ધાનાણીએ જણાવ્યું હતું કે ઉમેદવારના બાયોડેટાનું મૂલ્યાંકન કરી જો આપને એમ લાગે કે પરેશભાઈને ચૂંટવા જેવા છે તો મને મત આપજો. જ્યારે ડો.હેમાંગભાઈ વસાવડાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા જીએસટી લાગૂ કરવામાં અનેક વખત સંશોધન કર્યા હતા. પરંતુ વેપારીઓની પરેશાની અને ચિંતામાં કોઈ જ ઘટાડો જોવા મળ્યો નથી. પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરૂએ જણાવ્યું હતું કે આદિવાસીઓ અને ખેડૂતોની મિલકતો પીપીપી યોજનાના બહાના તળે આંચકી લઈ ખાસ વર્ગને ફાળવવાના કિસ્સામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જે ખરેખર ચિંતાનો વિષય છે. શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે કોર્પોરેશન ભ્રષ્ટાચારનો પર્યાય બની ગયો છે. કોઈપણ કામ વિનામૂલ્યે થતું ન હોય તેવો ગણગણાટ સરાજાહેર સંભળાઈ રહ્યો છે. પૂર્વ પ્રમુખ પ્રદિપભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે લોકોને સ્વમાનભેર જીવવા માટે રોજી-રોટીની જરૂર છે. જ્યારે સરકાર રામ રોટી પીરસી રહી છે. જે નિષ્ફળ શાસનની નિશાની છે. પિયુષભાઈ મહેતાએ કોંગ્રેસના શાસન દરમિયાન થયેલા વિકાસ કાર્યોની સરાહના કરી હતી અને લોકોને હવે જાગૃત્ત થવા તાકીદ કરી હતી. અનિતસિંઘે ભાજપના શાસન બેરોજગારી, ગરીબી, મોંઘવારી, ખોટી ગેરન્ટી સહિતના અનેક મુદ્દાઓને ઉજાગર કર્યા હતા. જ્યારે ડો.નિશાંત ચોટાઈએ પરેશભાઈ જેવા પવિત્ર અને નિખાલશ માણસ રાજકોટને મળ્યા છે તે સૌથી મોટી વાત છે. તેવું જણાવ્યું હતું. ત્રિશાંત ચોટાઈએ જણાવ્યું હતું કે એક મંચ પર વિપુલ સંખ્યામાં પ્રબુધ્ધ સમાજશ્રેષ્ઠીઓ અને કોંગ્રેસી વિચારધારા ધરાવતા લોકો એકત્રિત થાય તે ખૂબ જ મોટી વાત છે.

શાસકોના દબાણને કારણે કોંગ્રેસના નેતાઓ કોંગ્રેસ છોડી રહ્યા છે

ભાજપના શાસનની દમનકારી શામ, દામ અને દંડની નિતીથી કોંગ્રેસના નેતાઓને દબડાવી, ધમકાવી ભાજપ પોતાના તરફે પક્ષપલ્ટો કરાવી રહી છે તેવા માહોલમાં કોંગ્રેસના જુના પ્રબુધ્ધ કોંગ્રેસી નગર શ્રેષ્ઠીઓ ઘણા વર્ષો પછી આજે એક છત નીચે એકત્રીત થયા હતા અને ભાજપ સામે એકામતે એકાજૂથે જોરદાર લડત કરી લોકશાહીનું જતન કરવા માટેનો સંકલ્પ કરેલ. જેમા ખાસ કરીને બી.બી. ગોગીયા સાહેબ, ઈન્દ્રનીલ રાજ્યગુરૂ, અતુલભાઈ રાજાણી, હેમાંગભાઈ વસાવડા, પ્રદિપભાઈ ત્રિવેદી, નિદીતભાઈ બારોટ, અનામિકભાઈ શાહ, પિયુષભાઈ મહેતા, રવિ ગોગીયા, જીતુભાઈ ભટ્ટ, અલ્પનાબેન ત્રીવેદી(હેલીબેન), કમલભાઈ ધામી, તખુભા રાઠોડ, રાજભા જાડેજા, સુરેશભાઈ ચેતા, શ્યામલભાઈ સોનપાલ, અશોકભાઈ સચદે, જગદેવસિંહ જાડેજા, સંજયભાઈ લાખાણી, કૃષ્ણદત્ત રાવલ, સંજય અજુડીયા, ગોપાલ અનડકટ વિગેરે અગણ્ય કોંગ્રેસના પ્રબુધ્ધ શ્રેષ્ઠીઓ સભા ખંડમા હાજર રહ્યા હતા ત્યારે તમામ કોંગ્રેસના પ્રબુધ્ધ શ્રેષ્ઠીઓ એકબીજાના ગળે હળી મળીને કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીને ચુંટણી જીતાડવા માટે ચુંટાવવા માટે તન, મન અને ધનથી મદદ કરવા વચનબધ્ધ થયા હતા ત્યારે સૌ ઉપસ્થિત સમુદાયે તાલીઓના ગળગળાટ સાથે હર્ષોલ્લાસ કર્યુ. આ ચુંટણી પૂરતા મર્યાદિતને બદલે પ્રજાના હિતમાં અવાજ ઉઠાવવા માટે સમયાંતરે નિયમીત મળવાનો સંકલ્પ કરેલ તે કોંગ્રેસના ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભ નિશાની છે.

હવે આંગળીના ટેરવે મળશે હવામાનને લગતી તમામ માહિતી

ભારતીય હવામાન વિભાગની મૌસમ, દામિની, મેઘદૂત અને પબ્લિક ઓબ્ઝર્વેશન એપ્સ દ્વારા તમામ વિગતો પ્રાપ્ત થશેઃ વાવાઝોડું, વીજળી, હીટવેવ, માવઠા વિશે જાણકારી સાથે બચવાના ઉપાયો પણ મળશે મોબાઈલ પર

અબતક, રાજકોટ

હાલ ગરમીનો પારો ખૂબ ઉંચો જઈ રહ્યો છે. અનેક વિસ્તારોમાં લોકો હીટ વેવનો માર સહન કરી રહ્યા છે. ત્યારે આ હીટ વેવની આગાહી હોય કે કમોસમી વરસાદ હોય, ચોમાસાની ઋતુની એકંદર સ્થિતિ હોય કે શિયાળાના પવનોની સ્થિતિ દરેક ઋતુ વિશે આપણને ભારતીય હવામાન વિભાગ દ્વારા આગોતરી જાણ કરવામાં આવે છે. અતિવૃષ્ટિ હોય કે અતિ ગરમીના સમયમાં સ્થિતિ અનુસાર આગોતરા પગલાં લેવા આપણને હંમેશા સાવચેત કરવામાં આવે છે.



ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા હવે દરેક નાગરિકને પોતાના મોબાઈલ ફોન પર જ આંગળીના ટેરવે પોતાના શહેર/ગામ સહિતના વિસ્તારોના હવામાનની તમામ માહિતી મળી રહે તે માટે વિશિષ્ટ ફીચર સાથે તદ્દન ભારતીય એવી ૪ એપ્લિકેશન વિકસાવવામાં આવેલી છે. આ એપ્લિકેશનમાં પ્રથમ છે, મૌસમ એપ્લિકેશન.

મૌસમ એપ્લિકેશન

હવામાનની આગાહી અને ચેતવણી સેવાઓના પ્રસારમાં સુધારણા માટે મોબાઈલ એપ ''મૌસમ'' લોન્ચ કરવામાં આવી છે. વપરાશકર્તાઓ અવલોકન કરેલ હવામાન, આગાહીઓ, રડાર છબીઓને ઍક્સેસ કરી શકે છે અને આગામી હવામાનની ઘટનાઓ વિશે સક્રિયપણે ચેતવણી મેળવી શકે છે. મૌસમ મોબાઈલ એપ્લિકેશનમાં ૨૦૦ શહેરો માટે વર્તમાન તાપમાન, ભેજ, પવનની ગતિ અને દિશા દિવસમાં ૮ વખત અપડેટ કરવામાં આવે છે. સૂર્યોદય/સૂર્યાસ્ત અને ચંદ્રોદય વિશેની માહિતી મૂનસેટ પણ આપવામાં આવે છે. હવામાન વિભાગના રાજ્ય હવામાન કેન્દ્રો દ્વારા ભારતના આશરે ૮૦૦ સ્ટેશનો અને જિલ્લાઓ માટે સ્થાનિક હવામાનની ઘટનાઓ (અનુ. આઠમા પાને)

દામિની એપ

ESSO-IITM દ્વારા મોબાઈલ એપ DAMINI-LIGHTNING વિકસાવવામાં આવી છે. આ એપ વર્તમાન વીજળી પડવાનું ચોક્કસ સ્થાન, ૪૦ ચો.કિ.મી.ના વિસ્તારની આસપાસ તોળાઈ રહેલી વીજળીના સંભવિત સ્થાનો અને વાવાઝોડાની હિલચાલ અને દિશા વિશે વિગતો આપે છે. દામિની વીજળી દરમિયાન લેવાના સાવચેતીનાં પગલાંની પણ સૂચિ આપે છે અને વીજળી વિશે કેટલીક સામાન્ય માહિતી તથા ખરેખર તોળાઈ રહેલી વીજળીની પ્રવૃત્તિ વિશે અગાઉથી માહિતી મેળવવામાં મદદ કરે છે. ચોમાસા દરમિયાન વીજળી પડવાની ઘટનાઓને લીધે અનેક લોકો ખાસ કરીને ખેડૂતો તેમજ તેમના પશુઓના જીવ જોખમમાં હોય છે ત્યારે આ એપ્લિકેશનના ઉપયોગ દ્વારા વીજળી નાટકવાની ખેતી વખતે તેનાથી બચીને સલામત સ્થળે પહોંચવામાં મદદ મળી રહે છે.

મેઘદૂત એગ્રો એપ

ભારતીય કૃષિ હવામાન આધારિત છે ત્યારે મેઘદૂત એગ્રો એપ્લિકેશન દ્વારા ખેડૂતોને દર મંગળવાર અને શુક્રવારે ભૂતકાળ અને હવામાનની આગાહીના વિશ્લેષણના આધારે પાક અને પશુધન વ્યવસ્થાપન અંગે જિલ્લાવાર સલાહ આપવામાં આવે છે. તે ખેડૂતોને પાકની વાવણી, જંતુનાશક અને ખાતરનો ઉપયોગ, સિંચાઈના સમયપત્રક અને પ્રાણીઓના રસીકરણ જેવા હવામાન-સંવેદનશીલ નિર્ણયો લેવામાં મદદ કરશે. પાક સલાહકાર ઉપરાંત, એપ્લિકેશન વર્તમાન હવામાનની માહિતી, વરસાદ, તાપમાન, ભેજને લગતા પાંચ દિવસના ભૂતકાળ અને આગાહી પણ પ્રદાન કરે છે. પવનની ગતિ અને દિશા કૃષિ કામગીરીમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે તે જાણવામાં આ એપ ખૂબ ઉપયોગી બને છે.

પબ્લિક ઓબ્ઝર્વેશન એપ

આ એપ્લિકેશન વપરાશકર્તાઓને સ્થાન મુજબ હવામાનની માહિતી પ્રદાન કરે છે. યૂઝર્સ આ એપ પર ઝડપી અને અદ્યતન એમ બે મોડ દ્વારા ફીડબેક પણ આપી શકે છે. આ તમામ મોબાઈલ એપ પ્લેસ્ટોર અને એપસ્ટોર બંને પર ઉપલબ્ધ છે. મોબાઈલ એપ્લિકેશન્સ આકર્ષક અને વપરાશકર્તા માટે સરળ છે. હવામાન માહિતી અને ચેતવણીઓના પ્રસાર માટે આ એપ્સ મહત્વપૂર્ણ સાધન છે ત્યારે ઝડપથી બદલાતા વૈશ્વિક હવામાનમાં ભારતીય નાગરિક પોતાની જરૂરિયાતો અને સાવચેતીઓને સમજી શકે તે માટે આ એપ્લિકેશન ખૂબ આવશ્યક અને ઉપયોગી છે.

''નો ધ નોન્સ'' પુસ્તકનું ગરિમાપૂર્ણ વિમોચન

નવોદિત લેખક–સિનિયર સિટીઝન એવા મધુકરભાઈ પરીખનું પ્રથમ પુસ્તક

અબતક, રાજકોટ

મોટાભાગના લોકો જીવન જીવતા જ હોય છે પડ્યા તેવા દેવાશે તેવી સ્વાભાવિક શૈલીથી પરંતુ બહુ જ થોડા એવા હોય છે જે જીવન માણતા હોય છે જીવનની પળ પળ જીવતા હોય છે જીવનની રંગબેરંગી મસ્તી ઉછાળતા હોય છ.. આજે એક એવા જ વ્યક્તિત્વની અહીં ઓળખ થઈ જેમણે હર હાલમાં જીવન માણ્યું છે જીવનમાં આફતોને અવસરમાં પલટાવી છે ક્યારેક જીવનમાં તે કાર્પેન્ટર બન્યા છે તો ક્યારેક ગાર્ડનરની પણ ભૂમિકા નિભાવી છે જીવનના યુવાનીકાળમાં એક સામાન્ય કર્મચારી તરીકે પણ એમને જીવન વિતાવ્યું છે તો આગળ વધી લેતો કંપનીના સીઈઓ જેવું સત્તાનું કેન્દ્રસ્થાન પણ ભોગવ્યું છે.માત્ર માણ્યું કે ભોગવ્યું નથી પણ અનુભવ્યું પણ છે. ભારતના કોઈ ખૂણામાં જઈને ત્યાંના લોકોના રીત રિવાજો રહેણી કરણીના અભ્યાસ કર્યા છે અંગ્રેજી પુસ્તકમાં નો ધ નોન્સ આ પુસ્તકનું આજે આપણે વિમોચન કર્યું. (અનુ. આઠમા પાને)



નારગોલ દરિયા કિનારો પ્રિ-વેડિંગ શૂટ માટે ફેવરીટ 'ડેસ્ટીનેશન'

અબતક, રામભાઈ સોનગઢવાળા,ઉમરગામ

એક વર્ષની અંદર ૫૭૦૦ જેટલા પ્રી વેડિંગ શૂટિંગ નારગોલ ગામના દરિયા કિનારે થતાં સમગ્ર રાજ્યમાં સૌથી વધુ પ્રિ વેડિંગ શૂટિંગ થતું હોય એ સ્થળ તરીકે નારગોલ ગામનું નામ મોખરે સાબિત થયું છે.

સમગ્ર ભારત દેશની અંદર સૌથી વધુ પ્રિ-વેડિંગ શૂટિંગ થતું હોય એ સ્થળનું નામ એટલે નારગોલનો દરિયા કિનારો. પાંચ કિલોમીટર લાંબો સ્વચ્છ અને સુંદર દરિયા કિનારો નારગોલ ગામની કુદરતી અમાનત છે. સુંદર દરિયા કિનારે ને અડીને આવેલા લીલાછમ જંગલ ખેતરો નારગોલ ગામની શોભા વધારે છે, પારસીઓનું ઐતિહાસિક ગામ તેમજ શિક્ષણના અને આધ્યાત્મિકધામ તરીકે નારગોલ ગામનું નામ વર્ષોથી વિશ્વ પ્રચલિત છે. દેશ અને દુનિયાના પ્રવાસીઓ નારગોલ ગામની મુલાકાત લેતા હોય છે. તાજેતરમાં સરકાર દ્વારા નારગોલ ગામને પ્રવાસન વિકાસના ભાગરૂપે ઇકો ટુરિઝમ કેન્દ્ર નિર્માણ કરવામાં આવ્યું છે તેમજ મતદાર રકમ પ્રવાસન વિકાસ માટે ફાળવવા માટેનું આયોજન છે. વર્ષ દરમિયાન લાખોની સંખ્યામાં પ્રવાસીઓ નારગોલ ગામની મુલાકાત લેતા હોય છે પરંતુ છેલ્લા પાંચેક વર્ષથી નારગોલ ગામની અંદર પ્રી વેડિંગ શૂટિંગ માટે સમગ્ર દેશના ખૂણે ખૂણાથી આવનારા યુગોલોની સંખ્યા વધી છે. ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના અનેક ગામો અને શહેરોથી પ્રી-વેડિંગ શૂટિંગ માટે આવતા યુગલોની સંખ્યા દિન પ્રતિ દિન વધી રહી છે. સુંદર દરિયા કિનારે (અનુ. આઠમા પાને)

લોકશાહીનો અવસર ચૂંટણીઃ મેજિક રંગોળી પ્રદર્શનને ખુલ્લું મુકતા કલેકટર પ્રભવ જોશી

રાજકોટ જિલ્લામાં સામૂહિક રંગોળી થકી મતદારોને પ્રેરિત કરાયાઃ અધિક નિવાસી કલેકટર ચેતન ગાંધી અને અધિક ચૂંટણી અધિકારી એન.કે.મુછાર સહિતના મહાનુભાવો રહ્યા ઉપસ્થિત

અબતક, રાજકોટ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સિસ્ટેમેટીક વોટર્સ એજ્યૂકેશન એન્ડ ઈલેકટોરલ પાર્ટીસિપેશન અને ટર્ન આઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન અંતર્ગત મતદારોને જાગૃત કરવા હાલ જિલ્લામાં વિવિધ સમૂહ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જે અન્વયે આજે કલેકટર કચેરી ખાતે મતદાન પ્રેરિત રંગોળી દ્વારા મતદાર જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. કલેક્ટર પ્રભવ જોશીના હસ્તે કલેક્ટર કચેરી ખાતે રંગોળી કલાકાર પ્રદીપભાઈ દવે દ્વારા વકીભવનના વિજ્ઞાનનો પ્રયોગ કરીને બનાવવામાં આવેલી પાણીમાં તરતી મેજિક રંગોળીના પ્રદર્શનને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ મેજિક રંગોળી કલેક્ટર કચેરી ખાતે તા.૦૭ મે 'મતદાન દિવસ' સુધી પ્રદર્શિત કરવામાં આવશે. સાથે જ વિવિધ ગ્રામ્ય વિસ્તારોની સખી મંડળની બહેનો દ્વારા કલેક્ટર કચેરી ખાતે વિશાળ રંગોળીનું નિર્માણ કરી મતદારોને પ્રેરિત કરવામાં આવ્યા હતા. કલેકટર બંને રંગોળીની પ્રશંસા કરી,તેમના કલાકારોને બિરદાવ્યા હતા.

વધુમાં રાજકોટ તાલુકાના નેશનલ રૂરલ લાઇવલી હુડ મિશનના આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજર તૃપ્તિબેન ટાંકએ જણાવ્યું હતું કે, સ્વીપ નોડલ ઓફિસર જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં તાલુકા સેવા સદન જસદણ, રાજકોટ પૂર્વમાં ગવર્મેન્ટ ફાર્મસી કોલેજ, તાલુકા સેવાસદન ધોરાજી, માતૃશ્રી વીરબાઈમાં (અનુ. આઠમા પાને)

શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ બનાવેલ મૂવિંગ બેટરી ઓપરેટેડ વોટિંગ મોડેલ બન્યું આકર્ષણનું કેન્દ્ર

લોકશાહીનું પર્વ નજીક આવી રહ્યું છે. તેવામાં રાજકોટ સંસદીય મતવિસ્તારના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના કર્મચારીઓએ ''ટ્ઘઝઊ ઋઘ્ઘછ ઇંગઉઇંઅ ૨૦૨૪'' શબ્દોની રંગોળી બનાવી લોકોને મતદાન અંગે જાગૃત કર્યા હતા. રાજકોટ શહેરની ધોળકિયા સ્કુલ ખાતે મતદાન જાગૃતિ સંદર્ભે સ્કુલના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ મૂવિંગ બેટરી ઓપરેટેડ વોટિંગ મોડેલ બનાવીને લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું. તેમજ સ્કુલના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ''VOTE FOR INDIA''ની સુંદર રંગોળી બનાવીને લોકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. આ તકે શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓએ રંગોળીઓ દ્વારા નાગરિકોને મતદાન કરવા કરી અપીલ

આગામી લોકસભા ચુંટણી અન્વયે મંગળવારના દિવસે મતદાન થનાર છે, ત્યારે સમગ્ર રાજકોટમાં વ્યાપક મતદાતા જાગૃતિ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ અચૂક કરવા માટે પ્રેરાય તે માટે રાજકોટની વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓએ રંગોળીઓ દ્વારા મતદાન જાગૃતિનો સંદેશ આપી રહ્યા છે. શાળાઓમાં 'મારો મત, મારો અધિકાર','વોટ ફોર ભારત' જેવા સૂત્રો અને તિરંગાના રંગો, હાથમાં શાહીના નિશાન વગેરેની આકૃતીઓવાળી રંગોળી દ્વારા મતદાનનો સંદેશ આપ્યો હતો.

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં પ્રથમ અંગદાન

ઉર્મિલાબેન ઝાલા સારવાર દરમિયાન બ્રેઇનડેડ થતા સ્વજનોએ અંગદાન કર્યું

બંને કિડની અને લીવરને ગ્રીન કોરિડોર કરીને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લાવી દાખલ દર્દીમાં સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા

અબ તક રાજકોટ

જૂનાગઢની પાવન ધરતી પરથી આજે અંગદાનનું સત્કાર્ય થયું છે.

જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે પ્રથમ અંગદાન થયું છે. સમગ્ર વિગતો એવી છે કે , ૫૭ વર્ષના ઉર્મિલાબેન ઝાલા જુનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કર્મચારી તરીકે કાર્યરત હતા. તેઓને હાઈ બ્લડ પ્રેશરની તકલીફના કારણે બ્રેઈન હેમરેજ થતા જુનાગઢ સિવિલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા.

સ્વજનના દ્વારા અંગદાનની સંમતિ મળતા હોસ્પિટલની ટીમે અંગોના રીટ્રાવેલની પ્રક્રિયા આરંભી. સમગ્ર પ્રક્રિયાના અંતે બે કિડની અને એક લીવરનું દાન મળ્યું.

તથા બંને કોર્નિયા (આંખની કીકી)નું દાન કરવામાં આવેલ હતું.

અંગદાનમાં મળેલા અંગોમાથી લીવર તથા બંને કિડની અમદાવાદ સ્થિત હોસ્પિટલની મેડિકલ ટીમ દ્વારા લઈ જવામાં આવેલ હતા. તથા બંને કોર્નિયા મજૂરી આઈ કલેક્શન સેન્ટર જુનાગઢ દ્વારા લઈ જવામાં આવ્યા હતા.

આ કામગીરીમાં મેડિકલ સુપ્રીટેન્ડન્ટ ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ, એડિશનલ મેડિકલ સુપ્રિટેન્મેન્ટ ડો. સિકોત્રા એને સ્પેશિયા વિભાગના ડો.હેતલ કાનાબાર ડો.ખુશ્બુ કોરાટ તથા સર્જરી વિભાગના ડો. કુલદીપ વાણવી એ જહમત ઉઠાવેલ હતી તથા હોસ્પિટલના તમામ ડોક્ટર, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફે પણ એક ટીમ તરીકે ખૂબ જ સુંદર કામગીરી કરેલ હતી.

એક – એક મતની કિંમત છે

મત છે અમૂલ્ય: એક મતના કારણે અટલ બિહારી વાજપેયીની સરકાર પડી ભાંગી હતી

દેશવાસીઓ પર ચૂંટણીનો બોજ આપતા એક મત ૨૦૦૦ કરોડમાં પડયો હતો

અબતક, રાજકોટ

૧૯૯૮ માં કેન્દ્રમાં ભારતીય જનતા પક્ષના અટલજીના નેતૃત્વ વાળી એન.ડી.એ .સરકાર બની ૧૭ મી એપ્રિલ ૧૯૯૯ ના રોજ અટલ સરકાર સામે અવિશ્વાસ મુકાઈ. સંસદમાં મતદાન થયું .અને માત્ર એક મત ઓછું મળવાને કારણે અટલજીની સરકાર પરા જીત થઈ. એટલે કે ને રાજીનામું આપવું પડ્યું ઓક્ટોબર ૯૯ માં ફરીથી ચૂંટણી થઈ. પણ આ બિનજરૂરી ચૂંટણીનો દેશને માટે કેવડો મોટો બોજો પડ્યો તેની આપને ખબર છે ?રૂપિયા ૨૦૦૦ કરો અને એક મતના કિંમતના રૂપિયા ૨૦૦૦ કરોડ

૨૦૦૮ની ચૂંટણીમાં રાજસ્થાનના પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ સીપી જોશી વિધાનસભાની નાથદ્વારા બેઠકની ચૂંટણીમાં માત્ર એક મત ઓછો મળવાથી હારી ગયા હતા મજાની વાત એ છે કે સીપી જોશી રાજસ્થાનમાં મુખ્યમંત્રી પદના દાવેદાર હતા તેમની સામે ભાજપના કલ્યાણ સિંહે એક મત વધુ મેળવીને સીએમ પદના દાવેદારને પરાજિત કર્યા હતા

૧૯૨૫ માં માત્ર એક મત વધુ મળવાને કારણે સરદાર પટેલ અમદાવાદ મ્યુનિસિપાલટી ના અધ્યક્ષ બની શક્યા હતા

૧૯૫૧માં પ્રયાગ વિશ્વ વિદ્યાલયમાં ઉપ કુલપતિ પદ માટેની ચૂંટણી થઈ જેમાં પ્રોફેસર એસી બેનર્જી માત્ર એક મત વધુ મળવાથી ઉપકુલપતિ બની શક્યા

ઓલપાડની સાયણ બેઠક પરથી ઉભા રહેલા કોંગ્રેસના ઉમેદવાર દર્શન નાયકને માત્ર એક મત વધુ મળતા વિજય બન્યા અને એક મત ઓછો મળતા હરીફ ઉમેદવાર જેડી પટેલ નો પરાજય થયો

જલાલપુરની તાલુકા પંચાયતની એક બેઠક પર ભાજપના વિક્રમ મહેતા માત્ર એક મત વધુ મળવાથી વિજય બન્યા અને કોંગ્રેસના દેવાંગ નાયક એક મતે હારી ગયા

અમેરિકામાં પ્રમુખ પદની ચૂંટણી થઈ જેમાં થોમસ જેફરસન ને માત્ર એક મત વધુ મળવાથી રાષ્ટ્રપ્રમુખ બની ગયા

૧૯૬૦માં ઝોન કેનેડીએ પોતાના પ્રતિસ્પર્ધી નીક્સન કરતા પ્રતિ પ્રિસિનકર એક મત વધુ મળવાને કારણે કેનેડી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બની ગયા.

૧૯૪૮ માં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ હેરી ટુમનને માત્ર એક જ વધુ મત મળવાને કારણે અમેરિકાનું પ્રમુખ પદ મળી ગયું.

૧૯૬૮માં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ એન્ડ્રયુ જોન્સન પર ત્યાંની સંસદમાં અવિશ્વાસની દરખાસ્ત આવી ઈમ્પિચમેન્ટ મહાઅભીબયોગ પરંતુ તેમના સમર્થનમાં એક મત વધુ પડવાથી જહોનસન બચી ગયા.

એક ઉમેદવારને ૦ મત મળ્યા હતા શંકરલાલ ૧૯૫૭ ની લોકસભા ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર તરીકે ઉભા હતા મતગણતરી દરમિયાન તેમને પોતાનો પણ વોટ ના મળ્યો કેમકે તેને પણ અમાન્ય જાહેર કરાયો હતો.

૨૦૦૪ની કર્ણાટક વિધાનસભાની ચૂંટણીમાં જનતા દળ સેક્યુલર ના એ આર કૃષ્ણમૂર્તિ કોંગ્રેસના આર ધ્રુવ નારાયણ સામે માત્ર એક મતથી હારી ગયા હતા. આ ઘટના સંતેમરાહલ્લી વિધાનસભા બેઠક પર બની હતી કૃષ્ણમૂર્તિને ૪૦,૭૫૧ મત મળ્યા જ્યારે ધ્રુવ નારાયણ ૪૦૭૫૨ સાથે વિજય થયા હતા આવું જ બીજું ઉદાહરણ રાજસ્થાનના ૨૦૦૮ની વિધાનસભા ચૂંટણી વખતે જોવા મળ્યું હતું નાથદ્વારા વિધાનસભા ક્ષેત્રમાં કોંગ્રેસના સીપી જોશી અને ભાજપના કલ્યાણસિંહ ચૌહાણ એકબીજા સામે ચૂંટણી લડી રહ્યા હતા જ્યારે પરિણામો જાહેર થયા ત્યારે ચૌહાણને ૬૨૦૧૬ વોટ મળ્યા જ્યારે જોશીને ૬૨,૨૧૫ વોટથી સંતોષ માનવો પડ્યો જોષી માટે આ એક મોટો ફટકો હતો કારણ કે તેઓ માત્ર રાજસ્થાન કોંગ્રેસના પ્રમુખ જ નહોતા પરંતુ મુખ્યત્વે મંત્રી પદના પ્રબળ દાવેદાર પણ હતા.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિ. દ્વારા યોજાઇ આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધા

૪૦ કોલેજોના વિદ્યાર્થીઓ ભાગ લીધોઃ વિજેતા સ્પર્ધકોને પ્રોત્સાહીત કરાયા

અબતક, રાજકોટ

.ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની શાખા દ્વારા તાજેતરમાં એક આંતરકોલેજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન યુનિવર્સિટી કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું.જેમાં ૪૦ કોલેજોના વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાની ઉમેદવારી નોંધાવી હતી.

આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોને ૬ મિનિટનો સમય વક્તવ્ય માટે ફાળવવામાં આવ્યો હતો અને પાંચ જુદા જુદા વિષય આપવામાં આવ્યા હતા.આ પૈકી કોઈપણ એક વિષય પર વિદ્યાર્થી પોતાનું વક્તવ્ય આપી શકે એવો વિકલ્પ પણ પસંદગી માટે આપવામાં આવ્યો હતો.

સ્પર્ધાનો પ્રારંભે યુનિવર્સિટીના કુલસચિવ ડો કે.એન.ખેરના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.આ સ્વાગત પ્રવચન એન.એસ.એસ.ના સંયોજક ભરત વાઢિયાએ કર્યું હતું.સ્પર્ધા અંગની વિગતો મનોજ શુક્લએ આપી હતી.કુલસચિવ ડો.કે.એન.ખેરે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં આ પ્રકારની સ્પર્ધાઓ વિદ્યાર્થીઓનાં વિકાસમાં મહત્વનો ફાળો આપે છે એમ જણાવીને ભાગ લેનાર સર્વ સ્પર્ધકોને અભિનંદન આપ્યા હતા.અંતમા આભારવિધિ શારીરિક શિક્ષણ નિયામક ડો.આકાશ ગોહિલે કરી હતી.

આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પાર્થ એ.મોરડિયા(શાંતિલાલ શાહ એન્જિનિયરિંગ કોલેજ, ભાવનગર),દ્વિતિય ક્રમે શુભાંકર પંકીત રાવ(એલ.ડી.એન્જિનિયરીંગ કોલેજ અમદાવાદ) તૃતીય ક્રમે કુ.હેતા ડી.પંડયા(આર.સી. ટેકનીકલ ઈનસ્ટીટ્યુટ, અમદાવાદ)ચોથા ક્રમે દેવાંશી પાટડિયા(સાલ ટેકનીકલ ઈનસ્ટીટ્યુટ,અમદાવાદ)અને પાંચમા સ્થાને કુ.હેત્વી શાહ(પાયોનિયર ફાર્મસી કોલેજ)વિજેતા જાહેર થયા હતા.

આ સ્પર્ધાનાં નિર્ણાયકો તરીકે ડંકેશ ઓઝા(ગાંધીનગર), કિશોર જિકાદરા(ગાંધીનગર)આને ડો.તૃપ્તિ ક.ભટ્ટે સેવાઓ આપી હતી.સમગ્ર સ્પર્ધાનું સંચાલન ભરત વાઢિયાએ કર્યું હતું.

ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાં સર્વિસ ગનથી જવાનનો આપઘાત

બેથી વધુ રાઉન્ડ ફાયરિંગ કરી જીવનલીલા સંકેલી : આપઘાત પાછળ ઘર કંકાસ જવાબદાર હોવાનું પ્રાથમિક અનુમાન

અબતક, રાજકોટ

ભરૂચમાં પોલીસ હેડક્વાર્ટરમાં પોલીસકર્મીએ પોતાની સર્વિસ ગનથી બે રાઉન્ડ ફાયરિંગ કરીને જીવનલીલા સંકેલી લેવાની ઘટના સામે આવી છે. ઘટનાને પગલે ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ જવાનના આપઘાત પાછળ ઘરેલુ કંકાસ હોવાનું મનાઈ રહ્યું છે, જોકે સાચું કારણ પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ભરૂચ પોલીસમાં કમાન્ડો તરીકે ફરજ બજાવતા કિરીટભાઈ વાલાભાઈ વણકરે પોતાની સર્વિસ ગનથી ત્રણ રાઉન્ડમાં ફાયરિંગ કરી આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ છે. કિરીટભાઈ વણકર ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાં ક્યુઆરટી વિભાગમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. આજે બપોરના સમયે તેમને અને તેમની પત્ની વચ્ચે દાંપત્યજીવનને લઈને તકરાર થતા મામલો ગરમાયો હતો, તેમની પત્ની ઘરેથી નીકળી જતાં રોષે ભરાયેલા કિરીટભાઈએ પોતાની સર્વિસ ગનથી ફાયરિંગ કરી જીવનલીલા સંકેલી લેતાં દોડધામ મચી ગઈ હતી.ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ કક્ષાના અધિકારીઓ સહિત એફએસએલ સહિતની ટીમોએ સ્થળ પર દોડી આવી વધુ તપાસ હાથ ધરી હતી. ઘટનામાં બેથી વધુ રાઉન્ડ ફાયરિંગ થયું હોવાનો અંદાજ છે. બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ દોડી આવી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

જાગૃત કર્મચારી મંડળના પ્રમુખ પદે વિપુલ દવેની વરણી

જાગૃત કર્મચારી મંડળની સાધારણ સભામાં વિવિધ કામોની ચર્ચા કરાઈ

અબતક, રાજકોટ

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં કાર્યરત જાગૃત કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં બેંકની હેડ ઓફિસ, અરવિંદભાઇ મણીઆર નાગરિક સેવાલય ખાતે યોજાયેલી હતી.

વાર્ષિક સાધારણ સભામાં શરૂઆતમાં સમગ્ર વર્ષ દરમિયાન અવસાન પામેલ પરિવારજનોને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સભામાં વિવિધ ઠરાવો રજુ થયા હતા અને તે સર્વાનુમતે મંજુર થયા હતા.

અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતાં પ્રમુખ વિપુલભાઇ દવેએ જણાવ્યું હતું કે, 'પ્રમુખ તરીકે ભલે હું હોવ પરંતુ મંડળના દરેક સભ્યના કોઇને કોઇ પ્રકારના સાથ-સહકાર વગર કોઇ જ કામગીરી કરી શકાતી નથી. તે બદલ સહુનો આભાર. ગત વર્ષની કામગીરીની એક ઝલક જોઇએ તો, શિયાળાની કડકડતી ઠંડીમાં નફા-નુકસાન વગર મસાલાયુકત ૭૧૭ કિલો અડદિયાનું વિતરણ, પરિવારના બાળકો, કે જે ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા આપવાના હોય તેમને શૈક્ષણીક કીટનું વિતરણ, રંગોત્સવનું પર્વ ધુળેટીની તિલક હોળી સાથે ઉજવણી સાથે સહુને ઠંડાઇ પીણું આપ્યું હતું, કાશ્મીર ફાઇલ્સ ફિલ્મ-શોનું સફળ આયોજન, અઘરા વિષય સાથેની વિષમ પરિસ્થિતીનું તાદશ્ય રજુ કરતી ફિલ્મ પરિવારજન સાથે સહુએ ફિલ્મ નિહાળી, આર્ટીકલ-૩૭૦ ફિલ્મ-શોનું સફળ આયોજન, પરિવારજન સાથે સહુએ ફિલ્મ નિહાળી, હનુમાન જયંતિ અવસરે હનુમાન ચાલીસાના પાઠનું સામુહિક પઠન, નિઃશુલ્ક ક્રિકેટ કોચીંગ કેમ્પનું સફળ આયોજન, ધો. ૧૦ અને ધો. ૧૨માં ઉર્તીણ બાળકોને શૈક્ષણીક વસ્તુઓની ભેટ : પેન ડ્રાઇવ આપી, ક્રિષ્ના વોટર પાર્કમાં તેજસ્વી તારલા સન્માન સમારોહ સાથોસાથ પરિવારજનો સાથે વોટરપાર્કની મોજ માણી, મેડીકલ ઇમરજન્સીના સમયે તાત્કાલીક જરૂરી સારવાર મળી રહે તે માટે દરેક શાખાઓમાં સીપીઆર ટ્રેનીંગનું આયોજન, સેલ્ફ ડિફેન્સથી સજ્જ કરવા બેંકમા કાર્યરત મહિલાઓ કર્મચારીઓ માટે વિશેષ તાલીમ કેમ્પ, ગણપતિ મહોત્સવ પ્રસંગે ગણપતિ પૂજન - આરતી વીકલી મીટીંગમાં કર્મચારી દીઠ રૂા. ૨૦/- આપવામાં આવે છે જે વધારી રૂા. ૫૦/- કરવામાં આવેલ છે. આવી જ રીતે આવનારા વર્ષ માટે, પ્રતિ વર્ષ યોજાતા નીયમીત કાર્યક્રમો ઉપરાંત, મહિલા કર્મચારીઓ માટે કેન્સર અવેરનેશ કાર્યક્રમ યોજવો, બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન, પરિવારજનો માટે પીકનીકનું આયોજન વિચારણાધીન છે.

સભામાં વિપુલભાઇ દવે (પ્રમુખ), તૃપ્તીબેન જોશી (ઉપપ્રમુખ), દર્શનભાઇ જોશી (મંત્રી), ભરતભાઇ કુંવરીયા (સહમંત્રી), રોપેશભાઇ દેવાણી (ખજાનચી) ઉપરાંત મંડળના સભ્યગણ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ માર્કેટ યાર્ડ

શાકભાજીના ભાવ

* ભાવ ૨૦	આવક કવી.	નીચો ભાવ	ઉંચો ભાવ
કેરી કાચી	૨૦૯	૩૦૦	૬૦૦
લીંબુ	૨૯૬	૨૧૦૦	૨૮૦૦
સાકરટેટી	૨૨૯	૩૦૦	૫૦૦
તરબુચ	૫૦૩	૨૩૦	૪૨૦
બટેટા	૩૧૨૦	૩૦૦	૬૦૦
ડુંગળી સુકી	૩૧૦૦	૧૨૦	૨૮૦
ટમેટા	૩૭૫	૨૦૦	૩૦૦
સુરણ	૯૫	૧૪૦૦	૧૭૦૦
કોથમરી	૩૦૭	૩૦૦	૪૦૦
રીંગણા	૪૮૦	૧૮૦	૩૪૦
કોબીજ	૪૬૮	૪૦	૧૦૦
ફલાવર	૩૫૦	૧૬૦	૩૦૦
ભીંડો	૩૭૫	૪૦૦	૬૫૦
ગુવાર	૩૯૮	૪૮૦	૮૨૦
ચોળાસીંગ	૭૯	૪૦૦	૧૦૦૦
ટીંડોળા	૭૫	૬૦૦	૯૫૦
દુધી	૪૫૦	૧૦૦	૨૦૦
કારેલા	૧૭૦	૩૦૦	૫૫૦
સરગવો	૨૯૫	૨૦૦	૪૦૦
તુરીયા	૨૭૦	૩૦૦	૪૫૦
પરવર	૯૦	૬૦૦	૯૫૦
કાકડી	૨૪૩	૨૦૦	૩૮૦
ગાજર	૨૬૦	૧૫૦	૨૪૦
વટાણા	૭૯	૧૦૦૦	૧૪૦૦
ગલકા	૯૦	૧૮૦	૩૪૦
બીટ	૭૩	૧૬૦	૨૫૦
મેથી	૮૯	૪૦૦	૬૦૦
ડુંગળી લીલી	૩૩૦	૨૨૦	૩૮૦
આદુ	૨૪૦	૨૦૦૦	૨૨૦૦
મરચા લીલા	૨૭૦	૩૬૦	૬૦૦
લસણ લીલું	૮૫	૨૪૦૦	૩૨૫૦
મકાઇ લીલી	૧૮૫	૧૨૦	૩૪૦
ગુંદા	૯૩	૫૦૦	૮૫૦

અનાજના ભાવ

* ભાવ ૨૦	આવક કવી.	નીચો ભાવ	ઉંચો ભાવ
કપાસ બી.ટી.	૧૦૫૦	૧૩૨૦	૧૫૬૫
ઘઉં લોકવન	૬૫૦	૪૭૦	૫૫૦
ઘઉં ટુકડા	૨૭૦૦	૪૮૦	૭૦૩
જુવાર સફેદ	૬૦	૬૫૦	૭૫૦
જુવાર પીળી	૪૦	૪૦૦	૪૭૫
બાજરી	૭૦	૩૮૦	૪૭૦
તુવેર	૭૫૦	૧૮૮૫	૨૩૧૧
ચણા પીળા	૧૫૦૦	૧૦૮૦	૧૨૧૦
ચણા સફેદ	૧૦૦૦	૧૫૦૦	૨૧૦૦
અડદ	૧૭૫	૧૬૮૦	૧૯૬૬
મગ	૩૨૫	૧૪૦૦	૨૨૦૦
વાલ દેશી	૮૦	૧૨૦૦	૨૦૨૫
ચોળી	૧૫	૨૨૦૦	૨૩૫૦
મઠ	૧૦૦	૧૦૦૦	૧૨૦૦
વટાણા	૧૭૫	૧૩૮૦	૧૭૮૦
સીંગદાણા	૩૦	૧૫૯૦	૧૬૭૫
મગફળી જાડી	૮૦૦	૧૧૪૦	૧૩૩૦
મગફળી જીણી	૧૦૦૦	૧૧૩૦	૧૨૭૫
તલી	૬૦૦	૨૩૦૦	૨૬૧૨
સુરજમુખી	૧૨	૫૭૫	૭૨૫
અરંડા	૯૦૦	૯૮૦	૧૦૯૪
અજમો	૩	૧૮૦૦	૨૮૦૦
સુવા	૪૨	૧૨૫૦	૧૬૪૦
સોયાબીન	૩૯૦	૮૪૦	૮૮૯
સીંગફાડા	૪૫૦	૧૧૨૦	૧૫૭૨
કાળા તલ	૬૫	૨૯૦૦	૩૨૦૦
લસણ	૮૦૦	૧૫૦૦	૩૩૩૩
ધાણા	૫૦૦	૧૨૫૦	૧૪૯૦
મરચા સુકા	૩૦૦	૮૦૦	૩૦૦૦
ધાણી	૩૮૦	૧૩૦૦	૧૭૭૪
વરીયાળી	૨૫૦૦	૯૦૦	૧૭૧૧
જીરૂ	૯૦૦	૪૧૦૦	૪૯૦૦
રાય	૧૨૫	૧૧૫૦	૧૩૦૦
મેથી	૬૦૦	૯૫૦	૧૨૬૦
ઈસબગુલ	૩૦	૧૯૫૦	૨૫૦૦
અશેરીયો	૩૦	૧૫૭૫	૨૧૨૫
ક્લોંજી	૨૫	૩૨૦૦	૩૮૭૫
રાયડો	૨૨૫	૮૮૦	૯૮૦
રજકાનું બી	૯૦	૨૮૦૦	૩૬૦૦
ગુવારનું બી	૨૦	૧૦૧૦	૧૦૧૦

'અસલામત સવારી એસટી અમારી '??

સાયલા હાઈવે પર એસટી બસ પલટી જતાં ૬ મુસાફરો ઈજાગ્રસ્ત

ડ્રાયવરે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા અંબાજી-માંગરોળ રૂટની બસને નડયો અકસ્માત : ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા

અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર સાયલા હાઈવે પર એસ.ટી બસે પલટી મારતા બસ અચાનક ખેતરમાં ઉતરી ગઈ હતી, તો આ બસ પલટીમાં ૬ થી વધુ મુસાફરોને ઈજા પહોંચતા સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડાયા હતા,બસના ડ્રાઈવરે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવતા આ ઘટના બની હતી.

સાયલા હાઈવે પર એસ.ટી બસે પલટી મારતા મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા,તો ૬ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડાયા હતા,તો ગંભીર રીતે ઈજાગ્રસ્ત ડ્રાઈવર કંડકટર તથા એક મહિલાના રાજકોટ ખાતે સારવાર હેઠળ ખસેડાયા હતા.અકસ્માત થયો તે વખતે બસમાં ૪૦ થી વધુ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા.ઘટનાની જાણ થતા પોલીસે પણ ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી.

ગઈકાલે અકસ્માતમાં એક્ટિવા પર શિવરાજગઢ ગામે જતી બે બહેનોને પુર ઝડપે આવતી એસટી બસના ચાલકે સાઈડમાંથી અડફેટે લેતા એક્ટિવામાં પાછળ બેઠેલ મહિલાના પડખામાં કોઈ ધારદાર વસ્તુ લાગતા ગંભીર ઈજા થતાં તેમનું સારવાર મળે તે પહેલા જ મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી એસ.ટી. બસ મુકી નાશી છુટેલા ચાલકની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

ગત ૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ મોરબી ખાતે એસટી બસ પલટી જતાં ૧૦ મુસાફરોને ઈજા થઈ હતી. રાજ્યમાં માર્ગ અકસ્માતનો કિસ્સો યથવાત છે. મોરબી- સંતરામપુર-ઝાલોદ રુટની એસટી બસને ભયંકર અકસ્માત નડયો હતો. હળવદના કોયબા ગામના પાટીયા નજીક એસટી બસનો અકસ્માત સર્જાયો હતો. ટ્રક અને બસ વચ્ચે ટક્કર થતાં બસ પલ્ટી મારી ગઈ હતી. ૧૬ જેટલા મુસાફર ભરેલી એસટી બસ પલટી જતા ૧૦ જેટલા મુસાફરોને નાની-મોટી ઈજા થઈ હતી.ઉપરાંત રાજકોટ એસટી બસ સ્ટેન્ડ પાસે ભયંકર અકસ્માત સર્જાયો હતા. આ અકસ્માતમાં એક વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે આ વિદ્યાર્થી રાજકોટથી દ્વારકા જઈ રહ્યો હતો. તો એવામાં જલ્દીથી બસ પકડવાની ઉતાવળમાં તે બે બસ વચ્ચેથી નિકળવા જતા રિવર્સ આવતી બસની નીચે આવી ગયો હતો. બે એટી બસ વચ્ચે ચગદાઈ જતા બ્રિજેશ સોલંકી નામના વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતુ.

મતદાતાઓને મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરવાની અપીલ કરતા જે.જે.પટેલ

બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના નવ નિયુક્ત ચેરમેને ''અબતક મીડિયા'' હાઉસની મુલાકાતમાં મુક્ત મને વકીલોના પ્રશ્નોની કરી ચર્ચા

સ્નેહમિલન કાર્યક્રમમાં સાંજે ઉપસ્થિત રહેવા લીગલ સેલ દ્વારા નિમંત્રણઃ લોકોએ પોતાની નૈતિક ફરજ સમજી અવશ્ય મતદાન કરે અને કરાવે તેવી જાગૃતતા કેળવો

અબતક, રાજકોટ

લોકશાહીના સૌથી મોટા પર્વ એટલે લોકસભાની ચૂંટણીમાં વધારેમાં વધારે મતદાન થાય તેવા હેતુ સાથે ચૂંટણી પંચ દ્વારા બીન રાજકીય સંસ્થાઓને અપીલ કરવાની માંગ કરી છે. જેને પગલે બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના નવ નિયુક્ત ચેરમેન દ્વારા આજે ''અબતક મિડીયા'' હાઉસની શુભેચ્છા મુલાકાત લઈ વકીલો વધુમાં વધુ મતદાન કરી અને કરાવે તેવી અપીલ કરી લોકશાહીના પર્વની ઉજવણીમાં જોડાવવા અપીલ કરી છે.

રાજકોટ ખાતે વિવિધ ક્ષેત્રે પ્રેકટીસ કરતા વકીલો માટે નાગર બોર્ડીંગ ખાતે સાંજે ૭ કલાકે સિનીયર, જુનીયર, મહિલા, યુવા તેમજ પ્રોવિઝનલ સનદ ધરાવતા જુનિયરો તેમજ વકીલોની ઓફીસમાં કાર્યરત તમામ સ્ટાફ પરીવાર સહિત તમામ વકીલ આલમ માટે મતદાન જાગૃતિ હેતુ એક સહ પરીવાર સ્નેહમિલનનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હાજર રહેવા ખાસ અમદાવાદથી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ રાજકોટ પધારેલ છે.

તસવીરઃ શૈલેષ વાડોલિયા

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ

પ્રોવિઝનલ સનદ ધરાવતા યુવા વકીલોને હાલમાં આ પ્રોવિઝનલ સનદની અવધિ પુરી થવા અંગે ઘણા પ્રશ્નો ઉપસ્થિત થતા હતા જેની રજૂઆત બીસીજીના ચેરમેન જે.જે.પટેલને કરાતા તેમણે જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને પ્રોવિઝનલ સનદની અવધિ વધારવા માટેની રજૂઆત કરી દેવામાં આવી છે જેનો હકારાત્મક અને યોગ્ય પ્રત્યુત્તર જલદીથી મળશે તેવી આશા છે આ ઊપરાંત તાજેતરમાં લેવાયેલી સનદ માટેની પરીક્ષામાં અનઉતીર્ણ થયેલા કેન્ડીડેટોને અમુક માર્ક પૂરતુ ગ્રેસિંગ મળે તેવી રજૂઆત પણ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને કરી હોવાનું બીસીજીના ચેરમેન જે.જે.પટેલે તમામ યુવા વકીલોને જણાવેલ છે.

થોડા દિવસો બાદ રાજયમાં ચુંટણી યોજાવા જઈ રહી છે દર પાંચ વર્ષે યોજાતી આ ચુંટણીમાં બહોળી સંખ્યામાં મતદાન થાય અને તેના માટે જાગૃતિ

લાવવા હેતુ તેમજ લોકશાહીના આ પર્વને તમામ લોકો પોતાની નૈતીક ફરજ સમજી અવશ્યક મતદાન કરે અને કરાવે તેવી અપીલ સાથે જાગૃતી કેળવવાના હેતુ આ સ્નેહમીલન યોજાવા જઈ રહયુ છે. ખાસ કરીને ગત ચુંટણી બાદ પાંચ વર્ષ દરમિયાન નવા ઉમેરાયેલા યુવા મતદારો પ્રથમવાર જયારે પોતાનો મતાધિકારનો ઉપયોગ કરવા જઈ રહ્યા છે ત્યારે આવા યુવા મતદારોમાં મતદાન કરવા સાથે પોતાના તમામપરીવારજનોનું મતદાન થાય તેવા હેતુસર લોકશાહીના આ પર્વના પ્રસંગે પોતાનો કિંમત મત આપીને દેશહીત, પ્રજાહીત માટે યોગ્ય હોય તેવી સરકાર બનાવવા માટે તમામ લોકો અવશ્ય મતદાન કરે તે ખુબ જ જરૂરી છે. રાજકોટમાં પણ જંગી મતદાન થાય તે જરૂરી છે. રાજકોટમાં ક્રિમીનલબાર, રેવન્યુ બાર, લેબર બાર, સિવીલ બાર, ફેમિલીબાર, એમ.એ.સી.પી,બાર, ગ્રાહક સુરક્ષા, યુવા લોયર્સ, નોટરી એસોશેએશન સહિત વિવિધ ક્ષેત્રે મોટી સંખ્યામાં વકિલો પ્રેકટીસ કરે છે ત્યારે વ્યવસાયની દ્રષ્ટિએ સમાજ સાથે સીધી રીતે જોડાયેલા વકીલો સમાજમાં પોતાના વ્યકિતત્વની એક આગવી છાપ ધરાવે છે સમાજમાં લોકો વકીલની સલાહ મુજબ પોતાના પ્રશ્નનો ઉકેલ કે,સમસ્યાનુ સમાધાન મેળવતા હોય છે અને વકીલોનું સમાજમાં એક માભાદાર સ્થાન હોય છે ત્યારે વકિલો જો જાગૃત થઈને મોટી સંખ્યામાં મતદાન કરે તો સમાજનો અન્ય વર્ગ પણ તેમાંથી પ્રેરીત થઈને પોતે તથા પોતાના પરિવારના તમામ લોકોનું મતદાન અવશ્ય કરાવશે. આવા બહોળી સંખ્યામાં મતદાન થાય તેવા હેતુસર લીગલ સેલ દ્વારા આજનું સ્નેહમિલન યોજવામાં આવ્યું છે. આ સ્નેહમિલનમાં રાજકોટ શહેર ઉપરાંત તાલુકાના ટંકારા, પડધરી, જસદણ, વિછીયા, વાંકાનેર જેવા સેન્ટરના વકીલ સભ્યોના પરીવારજનો આ સ્નેહમિલનમાં મોટી સંખ્યામાં રહેવાના છે.આ સ્નેહમિલનમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલ ખાસ ઉપસ્થિત રહેવાના છે. તેમની ઉપસ્થિતિમાં યોજાવા જઈ રહેલ આ કાર્યક્રમમાં રાજકોટ બાર એસોસિએશન તથા વિવિધ બાર એસોસિએશનના હોદ્દેદારશ્રીઓ, લીગલ સેલના હોદેદારો, યુવા સહાયક ટીમના હોદ્દેદારો સહિતના લોકો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉમટી પડશે તેવો નિર્ધાર રાજકોટ સેલ દ્વારા કરવામાં આવ્યો છે. રાજકોટ શહેર તથા તાલુકાના સેન્ટરના તમામ ક્ષેત્રે વકીલાત કરતા વકીલ પરિવારજનોને ઉપસ્થિત રહેવા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ, પ્રદેશ લીગલ સેલ સહસંયોજક અનિલભાઈ દેસાઈ, કારોબારી સભ્યો કિશોરભાઈ સખીયા,

(અનુ. આઠમા પાને)

અંતિમ દિવસોમાં ભાજપ - કોંગ્રેસના નેતાઓનો ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની બોડેલી, વાસંદા અને દમણમાં, કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધીની લાખણીમાં, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની મોરબી, પેટલાદ અને ગાંધીનગરમાં, રાજસ્થાનના મંત્રી રાજયવર્ધનસિંહ રાઠોડની જામનગરમાં સભા

અબતક, રાજકોટ

ગુજરાતની લોકસભાની ૨૬ પૈકી ૨૫ બેઠકો માટે આગામી મંગળવારે મતદાન યોજાવાનું છે. આવતીકાલે રવિવારે સાંજે ૬ કલાકને ચુંટણી પ્રચારના ભુંગળા શાંત થઈ જશે. દરમિયાન અંતિમ દિવસોમાં આજે ભાજપ તથા કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓએ ગુજરાતમાં ઝંઝાવાતી ચુંટણી પ્રચાર કર્યો હતો.

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે આજે છોટાઉદેપુરના બોડેલી ખાતે ભાજપના ઉમેદવાર જશુભાઈ રાઠવા અને નવસારીના વાસંદામાં વલસાડ બેઠકના ભાજપના ઉમેદવાર ડો. ધવલ પટેલના સમર્થનમાં ચુંટણી સભા સંબોધી હતી. બપોરે દમણ ખાતે લાલુભાઈ પટેલના સમર્થનમાં સભા સંબોધી હતી.

(અનુ. આઠમા પાને)

સમય સમાપ્તી કી ઘોષણા

કાલે સાંજે પ્રચારના ભૂંગળા શાંત

આવતીકાલે સાંજે ૬ કલાક સુધી ચૂંટણી પ્રચાર કરી શકાશેઃ સોમવારે કતલની રાત, મતદારોને આકર્ષવા માટે ઘડાશે અંતિમ ઘડીની વ્યુહ રચના

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબકકામાં આગામી ૭મી મેના રોજ ગુજરતાની લોકસભાની ૨૬ બેઠકો પૈકી ૨૫ બેઠકો માટે મતદાન યોજાવાનું છે. ચૂંટણી પંચના નિયમ મુજબ મતદારો શાંત મને વિચારી મતદાન કરી શકે તે માટે મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક અગાઉ ચૂંટણી પ્રચાર પ્રસાર બંધ કરી દેવાનો રહે છે.દરમિયાન આવતકાલે રવિવારે સાંજે ૬ કલાકે ત્રીજા તબકકામાં જે બેઠકો માટે મતદાન યોજાવાનું છે ત્યાં પ્રચારના ભૂંગળા શાંત થઈ જશે.

ગુજરાતની ૨૬ લોકસભા બેઠક પૈકી સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરિફ વિજેતા જાહેર થયા છે.

(અનુ. આઠમા પાને)

પ્રેમ સંબંધનો કરૂણ અંત

નખત્રાણાના પ્રેમી યુગલનો રાજકોટના પોલીસ મથકમાં બ્લેડના છરકા મારી આપઘાતનો પ્રયાસ : પ્રેમિકાનું મોત

કચ્છથી ભાગીને આવેલા યુગલને પરિવાર એક નહિ થવા દે તેવા ડરથી નાગરિક સહાયતા કેન્દ્રનો દરવાજો બંધ કરી ગળા પર બ્લેડ ફેરવી નાખી



અબતક, રાજકોટ

રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પ્રેમી પંખીડાએ પોતાના ગળામાં બ્લેડ જેવા તીક્ષ્ણ હથિયાર વડે આત્મહત્યાની કોશિશ કરી હતી. જેમાં પ્રેમિકાનું ઘટના સ્થળ પર જ મોત થયું છે. જ્યારે યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

રાજકોટ પોલીસ ફરી એક વખત ચર્ચામાં આવી છે. ગત રાત્રીના સમયે રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પ્રેમી પંખીડાએ આત્મહત્યાની કોશિશ કરી હતી જેમાં યુવતીનું પોલીસ સ્ટેશનમાં જ મોત નીપજ્યું હતું. જ્યારે યુવકને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. પ્રેમી પંખીડા મૂળ કચ્છના નખત્રાણાના મોટી વિરાણી ગામના રહેવાસી હતા અને બંને ઘરેથી ભાગી રાજકોટ પહોંચ્યા હતા. હાલ સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે પોલીસ સ્ટેશનની અંદર બનેલી ગંભીર ઘટના પગલે જવાબદાર પોલીસ સામે કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે જોવું મહત્વનું રહેશે.

પ્રાપ્ત વિગત મુજબ કચ્છ જિલ્લાના નખત્રાણાના મોટી વિરાણી ગામના રહેવાસી પ્રેમી પંખીડાએ રાજકોટ યુનિવર્સિટી

(અનુ. આઠમા પાને)

મતદાન કરનાર દુધ ઉત્પાદકને રાજકોટ ડેરી મંગળવારે રૂ. ૧ વધુ ભાવ ચૂકવશે

મતદાન વધારવા નવતર પ્રયોગઃ ગરમીમાં વહેલું મતદાન કરી લેવા અનુરોધ

અબતક, રાજકોટ

મતદાનની ટકાવારી વધે તે માટે રાજકોટ ડેરી દ્વારા નવતર પ્રયોય હાથ ધરવામાં આવ્યો છે. જેમાં મતદાન કર્યાનું નિશાન બતાવનાર દુધ ઉત્પાદકોને મતદાનના દિવસે પ્રતિ લીટર દુધે એક રૂપિયો વધુ ચુકવાશે.

દેશમાં લોકસભાની સામાન્ય ચુંટણી પ્રક્રિયા ચાલુ છે. ગુજરાતમાં આગામી ૭મી મેના રોજ લોકસભાની ચુંટણી માટે મતદાન થવાનું છે. ચુંટણી પંચ દ્વારા દેશના લોકશાહી પર્વમાં ભાગ લઈ વધુને વધુ નાગરીકો મતદાન કરે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાજકોટ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી (રાજકોટ ડેરી) દ્વારા દુધ ઉત્પાદકો અવશ્ય મતદાન કરે તે માટે શપથ લેવડાવવાના જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યા હતા.

ગુજરાત કો. ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા પણ વધુમાં વધુ દૂધ ઉત્પાદકો મતદાન કરે તે માટે રાજયના દૂધ સંઘોને સતત માર્ગદર્શન અને સુચનાઓ આપવામાં આવી છે. મંડળીનાં દૂધ ઉત્પાદકો પોતાના મતાધિકારનો ઉપયોગ પરિવાર સાથે કરે તે માટે તેઓને પ્રોત્સાહન પુરુ પાડવા તેમજ તમામ દૂધ ઉત્પાદકો ૭મીએ સવારે ૧૧ કલાક સુધીમાં મતદાન કરી દે તેવા અનુરોધ કર્યો છે.

(અનુ. આઠમા પાને)

દેવભુમી દ્વારકા અને જામનગર જીલ્લાના સાંસદના ઉમેદવાર

જે. પી. મારવીયા -એડવોકેટ

(૧૨-લોકસભા સાંસદ ઉમેદવાર)

AAP AAM AADMI PARTY

ઈન્ડીયા ગઠબંધન અંતર્ગત

મો. ૯૯૭૯૪ ૨૭૪૨૪

➡ હાલની લોકોની સમસ્યાઓ :-

ખેડુતોનો રી-સર્વે નો પ્રશ્ન, ગરીબી, બેકારી, મોંઘવારી, ઉદ્યોગોમાં નાના-મોટા પ્રશ્નો, આરોગ્ય ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, ખેડુતોને પોષણક્ષમ ભાવ મળતા નથી.

મોટી કંપનીના પ્રદુષણોના લીધે આજુબાજુ વસવાટ કરતા ગામડામાં ભયંકર રોગો અને બીમારી ફેલાઈ છે, આરોગ્ય સામે ચેડા થાય છે.મહાકાઈ કંપનીમા સ્થાનીક લોકોને રોજગારી મળતી નથી.

➡ મારો લોકોને સીધો સંવાદ :-

(૧) મારો ડાયરેકટ કોન્ટેક કરી શકસો કોઈ મીડીયેટરની જરૂર નથી.

(૨) મને રૂબરૂ ગમે ત્યારે મળી શકશો.

(૩) ગમે ત્યારે ફોન કરી શકશો.

(૪) લોકોના તમામ પ્રશ્નોને વાંચા આપીશ જરૂર પડે તો લોકસભામાં અથવા નામદાર કોર્ટમાં લઈ જઈશ.

(૫) રી-સર્વે સુધારામાં પૂરતું ધ્યાન આપીશ.

(૬) કાયમ માટે લોકો વચ્ચે રહીશ.

(૭) મહાકાઈ કંપનીમાં સ્થાનીક લોકોને રોજગારી અપાવીશ.

સૌજન્યઃ અર્પણ એડ-કાલાવડ (અર્પણ પટેલ)